કુમાર

અંક ૨૪

વર્ષ ૨
અંક ૧૨

· ઉગતી · પ્રજાનું · માસિક ·

માગશર
૧૯૮૨



કુમાર કાર્યાલય.
રાયપુર · અમદાવાદ

તંત્રી
રવિશંકર રાવળ.

'કુમાર'નાં
પ્રેમી વાંચનારાંઓ!



આ અંક સાથે 'કુમાર'નું બીજું વર્ષ પુરૂં થાય છે. પરંતુ તેથી કંઈ તમારો અને અમારો સંબંધ પુરો નથી થતો. આપણે તો 'કુમાર'ના અનેક કોડ પુરવાના છે.

ત્રીજા વર્ષમાં

'કુમાર'ને નવા રૂપરંગમાં સજ્જ કરી તમારી સામે રજુ કરવાની અમે તૈયારીઓ કરી છે. તેનો સહેજ પણ ખ્યાલ અમે તમને કઇ રીતે આપી શકીએ તેનો વિચાર થાય છે. 'કુમાર'નાં પુંઠાં એ તેનું સ્વતંત્ર વ્યક્તિત્વ અને આકર્ષક અંગ છે. આવતે વર્ષે પુંઠાની એક નવી જ કલ્પનાત્મક અને સુંદર યોજના જોશો: અને એ પુંઠાથી માંડીને અંદરના મુખલેખ તથા બીજા વિભાગોનાં હેડપીસ અને સુશોભનોમાં, ગોઠવણી અને શણગારમાં—બધે જ નવીનતા જોશો.

આવતા અંકનું મુખચિત્ર અતિ સુંદર અને પૂર્ણરંગી છે; એ પોતે જેટલું આકર્ષક છે તેટલી જ આકર્ષક એક ઈનામી હરીફાઇ તેના ઉપર મુકવામાં આવશે, જેનો લાભ લેવાને કલાનો દરેક અભ્યાસી જરૂર ખેંચાવાનો. અને હરીફાઈમાં નહિ ઉતરે તેઓ પણ આ ચિત્રને ફ્રેમમાં મઢીને હમેશાં પોતાની સામે રાખવા તો જરૂર લલચાવાના.

એ ઉપરાંત સંગીતસમ્રાટ તાનસેન અને મહર્ષિ દયાનંદનાં પૂર્ણરંગી ચિત્રો તથા બીજાં એવાં જ મોટાં પૂર્ણરંગી સુંદર ચિત્રો આવતા વર્ષમાં આપવાની અમારી તૈયારી છે. વળી આવતા અંકમાં પશ્ચિમની કલાના કીર્તિમુકુટ વરેલા સર એડવર્ડ પૅાઈન્ટર કે લૉર્ડ લેઈટનની પણ એક અપૂર્વ કૃતિ હશે; અને બીજાં . . . . પણ એ બધાં તમે નજરે જોજો. કારણકે 'કુમાર'ની ચિત્રોની પસંદગી અને કલાવૃત્તિ વિષે હવે બે વર્ષને અંતે અમારે પોતાને કહેવાપણું નથી રહ્યું. 'કુમાર'ના ચિત્રવૈભવ વધારે ને વધારે ચડિયાતા રૂપમાં તમે જોતા જ રહેશો. આ બધા ઉપરાંત શીખાઉ ચિત્રકારોને ઉત્તેજન અને શિક્ષણ આપનારી અનેક યોજનાઓ તમો આવતા અંકોમાં જોશો.

❦ ❦ ❦

આ ચિત્રોની વાતો કરવા જતાં, 'કુમાર'ની આવતા વર્ષની લેખસામગ્રી, જે એના કરતાં કોઈ રીતે ઓછી ઉતરે એવી નથી, તેનો પરિચય કરાવવાની જગ્યા પણ અહીં પુરતી ન રહી. આવતા વર્ષ દરમ્યાન આપવાની વાંચન-સામગ્રીનો આખો ખ્યાલ તો અહીં શી રીતે આપી શકીએ? જીવનચરિત્રો અને ટુંકી વાર્તાઓની 'કુમાર'ની પસંદગી તેના કલાવૈભવ જેટલી જ અપૂર્વ હોય છે એ વાત હવે 'કુમાર'ના પરિચિતોને માટે નવી નથી. ચેતના અને પ્રેરણા પુરનારાં, ચારિત્ર્ય ને સંસ્કારની છાપ દૃઢ કરનારાં એકએકથી ચડિયાતાં આવતા બાર માસનાં બાર જીવનચરિત્રો જેટલી કૌતક, સાહસ ને પરાક્રમની ટુંકી વાર્તાઓ તો ખરી જ; ને એ ઉપરાંત એક અદ્દભુત લાંબી વાર્તા. અને—અને એક છાની વાત તમને કહેવાની છે: તમને બાર બાર મહીના સુધી લગની લગાડનાર પેલા હાથી 'કિરીટ'ને તમે થોડા જ વખતમાં 'કુમાર'નાં પાનાંઓ ઉપર જોશો. અદ્દભુત રસની જાપાની વાર્તાઓની તો તમે હજી માત્ર ચખણી જ કરી છે. આવતા અંકોમાં એનો વધારે રસ મળશે.

કાકાસાહેબ કાલેલકરની બાળપણની લેખમાળા ઉપરાંત ગિજુભાઇ બધેકાનાં 'શેરીનાં સ્મરણો' થોડા જ વખતમાં શરૂ થશે.—પણ આ બધાં નામ હમણાંથી જ ગણાવી દઇશું તો તમારો કૌતુકરસ બધો માર્યો જશે.

કાવ્યની રસભરી ચુંટણીમાં ' કુમાર ' અત્યાર સુધી બધાં માસિકોથી આગળ રહ્યું છે; પસંદગીનું એવું જ ધોરણ આવતા વર્ષમાં તમને મુગ્ધ કરશે. તમારી માનીતી મુખલેખની પ્રેરક ભાવનાઓ અને કલ્પનાભોમનાં કાવ્યો સાથે દેશળજી પરમાર દરેક અંકમાં હશે જ. અને તમારી પેલી કુલવાડી ? અમે પણ એ નથી ભુલ્યા હો.

' દેશદેશનો પરિચય ' કરાવવાની પ્રથા ' વીસમી સદી ' એ શરૂ કર્યા પછી ' કુમારે ' તેને સજીવ સ્વરૂપે ચાલુ રાખી છે. એની થોડી ખાતરી તમને થઇ હશે; અને વધારે આવતા અંકોમાં થશે.

' આરોગ્યની લેખમાળા ' આપીને ' કુમારે ' જ એ અગત્યના વિષય ખોલ્યો છે. અમને પુરૂં ભાન છે કે કરવું જોઇએ એનો લેશ માત્ર અમે કરી શક્યા છીએ. આવતા વર્ષમાં એને માટે એક માળા તૈયાર થઇ છે. જુઓ : દાંતની સંભાળ; નખની માવજત; થાકની ચેતવણી; પાણી ! પાણી !; તમારી આંખો વગેરે. ઉપરાંત છુટક નુસખા અને ચિત્રજ્ઞાન જુદું.

તમે લેખક હો, અનુભવી હો, ચિત્રકળા કે ફોટોગ્રાફીના શોખીન હો; વિદ્વાન કે વાંચનના રસિયા હો, કે કંઇ પણ ઉપયોગી વસ્તુ જાણતા હો તો તમારે માટે ' કુમાર 'ની વિધવિધ પ્રકારની ઇનામી હરીફાઇઓમાં જરૂર અવકાશ છે. ફોટોગ્રાફીની હરીફાઇનું સ્વરૂપ તો આવતા વર્ષથી તમે તદ્દન જુદું જ જોશો.

' જ્ઞાનલીલા 'એ તો તમને લગની લગાડી છે એ અમારી જાણ બહાર નથી. એનો વિસ્તાર આવતા વર્ષમાં કેવો થશે એ અમે કહી બતાવીએ તેના કરતાં તમે અનુભવો એ ઠીક.

અને ' કુમાર 'નું પેલું અનોખું અને અદ્વિતીય ખાસ આકર્ષક અંગ ' માધુકરી ' આવતા અંકોમાં વધારે સમૃદ્ધ બનવાનું છે. તેને માટે બે પાનાંનો વધારો કરીને તેનો ખાસ ચિત્રવિભાગ ઉઘાડ્યો છે. તેમાં ટુચકા નુસખા, યુક્તિઓ અને હિકમતો, જ્ઞાન અને કૌતક બધું જ હશે. ઉપરાંત હિંદુસ્તાનનાં અનુપમ દૃશ્યો અને આકર્ષક સ્થળોના કદિ નહિ જોવામાં આવેલા ફોટોગ્રાફોનો સંગ્રહ અમે અત્યારથી કરી ચુક્યા છીએ. તેનો લાભ ' કુમાર 'ના ગ્રાહકોનો જ રહેશે.

વરસ પુરૂં થવા આવ્યું એટલે અથાણું જરા જુનું થયું હતું. નવી બરણીઓ તૈયાર થઇ છે. અને તે પણ ચિત્રોની ચીરીઓ સાથે. લીલો મેવો પણ વધારે તાજો મળશે. ' પુછો તંત્રીને 'વાળા વિભાગ તરફ અમારા કરતાં વાચકોએ વધારે દુર્લક્ષ કર્યું છે એને ફરી સજીવ કરવાની સામગ્રી લાધી છે. ' સરજનહારની સૃષ્ટિ ' તમે વધારે વિસ્તરેલી જોશો.

આ તો બધી માત્ર પિછાન છે. ખરો રસ તો પોષ મહીનાની પુનમ પછી ' કુમાર ' તમારે ત્યાં આવીને પડતું જાય તેમ તેમ તમે માણી શકશો. બધો આધાર તમારા નિર્ણય ઉપર છે. . . . . **કેમ—શો વિચાર કર્યો ?**

તમને ખ્યાલ પણ નહિ હોય કે તમારા એકએક લવાજમ ઉપર જ આ અપૂર્વ સાહસના નિર્વાહ અને ટકાવનો આધાર છે. આ વાત તમારા મનમાં બરોબર ઉતરી હોય તો આવતા વરસનું તમારૂં લવાજમ - - રૂપિયા છ - - તરત મોકલો

તમારા એ છ રૂપિયાની પાછળ કેટલો પ્રયાસ, કેટલો ભોગ અને કેટલું સુંદર પરિણામ થઇ રહ્યાં છે તે સમજવા જેટલી કલ્પના તમારામાં છે જ એમ માની સાથેનું કાર્ડ વિના વિલંબે ભરી મોકલવા અમે વિજ્ઞપ્તિ કરીએ છીએ.

વહેલું લવાજમ ભરનારાઓ માટે એક અગત્યની તક

જેમનું લવાજમ અમને પોષ મહીનાની પુનમ પહેલાં મળી ગયું હશે તેઓ **ખાસ ત્રણ ઇનામ**ની હરીફાઇની તક મેળવી શકશે. એ ત્રણ ઇનામોનાં ત્રણ કાર્ડ અમે તૈયાર કર્યાં છે. એ કાર્ડ ગમે તે અંકમાં ગોઠવાઇ જશે; ત્યાર પછી, જેઓ અગાઉથી ગ્રાહક થયા હશે તેમને મોકલવાના અંકોના ઢગલામાં એ ઇનામી અંકો ભેળવવામાં આવશે, અને પછી બધાંનાં સરનામાંની કાપલીઓ ચોંટશે. તમે અગાઉથી લવાજમ ભર્યું હશે, અને તમારૂં કિસ્મત હશે તો તમારા જ નામની કાપલી એ ત્રણમાંના એક ઇનામી અંક ઉપર જરૂર ચોંટશે ! એ અંક મળે કે એને પહેલે જ પાને એવા કાર્ડની તપાસ કરજો. અને હાથ લાગે તો અમને ગ્રાહક નંબર સાથે તે કાર્ડ મોકલી ઇનામ મંગાવી લેજો. આ તકનો લાભ લેવો હોય તો આજે જ તમારાં લવાજમ મોકલો. વી. પી. થી મંગાવવાનો ઓર્ડર જેમણે પહેલો મોકલ્યો હશે તેનો હક પણ આ તક ઉપર રહેશે. **કાર્ડ આ સાથે જ છે. ભરી મોકલો.**



નટરાજ



દેશવટો

સાંજના ઓળા સમો એ જુવાનિયો કોણ છે ? કાળો ઘોડો, કાળો પોશાક, કાળી ધરતીઃ એ તો દેશનો સપુત પારકી ભોમમાં દેશવટે ચાલ્યો છે. ગુજરાતનો કુમાર નીતિ, વિવેક, પૌરુષ અને અનુભવ મેળવવા દેશપાર થયો છે.

છેક ગઇકાલ સુધી તે અપતરંગી, ભીરૂ, અપંગ ને છેલ બની બેઠો હતો. આજ અંતઃકરણ એને ' સાવધાન 'નો અવાજ દઇ રહ્યું છે.

સંકટના સાથી પોતાના ઘોડાની લગામ ખેંચી એ વિમાસે છે. આસપાસ અમુઝણ, નિરાશા ને નબળાઈ દાંતિયાં કરી કુદે છે.

પરંતુ ઘટાટોપ જીવનવૃક્ષને ઓથે એ સુશે અને કલ્પના, આશા ને મહત્ત્વાકાંક્ષાની પરીઓ એનાં પોપચાં ઉપર આશિષનું અમી ઢોળશે.

સુરૂચિ ને સંયમ તેને સહજ વરશે. દરેક જરૂરિયાત તે હાથે નીપજાવશે. સ્નેહના શ્વાસોચ્છ્વાસે તેનું પ્રાણચક્ર ચાલશે. કલ્યાણી સૌન્દર્યદષ્ટિ તેની સહચરી થઈ રહેશે.

' તૈયારી ' તેનો મંત્ર બનશે. અટપટા સંજોગોમાં તેનું ચારિત્ર્ય સો ટચની કસોટીએ ચડશે; અને પછી જ એ રાષ્ટ્રના ઘડતરની અમૃતાક્ષરી કથા નોંધશે.

વાયુ તેના યશનો ધુપ દેશવિદેશ લઈ જશે. પ્રકાશ તેની વીરતાનાં વચન ઘેરઘેર પ્રગટશે.

અને પછી તો—

: ગીતિ :

થનગન થનગન તેનો અશ્વ ઉછળશે સ્વદેશ–સામૈયે;
પ્રીતે પુરકુંવરીઓ દૃષ્ટિકમલથી વધાવશે હૈયે.

દેશળજી પરમાર



અમારો મંત્ર

'કુમાર'નું બીજું વર્ષ પુરૂં થયું. હવે તેની જરૂરિયાત વિષે અથવા ટકવા વિષે જેને જેને શંકા હતી તેમને ખાતરી થઇ ગઇ હશે કે 'કુમાર'ના ચાલકો તેમની શક્તિની પુરી હદ સુધી –કદાચ થોડી વધારે પણ વાપરીને—**ઉગતી પ્રજાની સાચી સેવા** કરી રહ્યા છે.

થોડો હિસાબ

બે વર્ષની આખરે 'કુમાર' આશરે રૂા. ૫૦૦૦નું દેવું વહોરી ત્રીજા વર્ષમાં કદમ માંડશે તે વખતે તેની જવાબદારીનો ભાર એકલા ચાલકોને શિર રહે તો વાંચનારાઓ 'કુમાર'નું કાર્ય સમજ્યા નથી, અથવા તેની કદર કરી શક્યા નથી એવો સ્પષ્ટ અર્થ નીકળે. પણ અત્યાર સુધીમાં વાંચનારા ગ્રાહકોએ અમને જે રીતે સાહકાર અને આદર આપ્યાં કર્યાં છે તે ઉપરથી અમારી તો દૃઢશ્રદ્ધા બંધાઇ ચુકી છે કે દરેકે-દરેક જણ 'કુમાર'ને ચિરંજીવ થવા ઇચ્છે છે.

દરેક ગ્રાહક માટે

'કુમાર'નો બધો ખર્ચ **પૂરાં** (છ માસિક નહિ) પંદરસો ગ્રાહકોનું લવાજમ મળે તો એક પાઇના પણ દેવા સિવાય નભી રહે. અત્યાર સુધીમાં લગભગ ૧૦૦૦ ની આસપાસની સંખ્ય અમારા રજિસ્ટર પર છે. એમાંનો ઘણો ભાગ તો છ માસિક ગ્રાહકોનો છે. અમે આ વિષે કશો ભ્રમ કે ભેદ ફેલાવવા માગતા નથી, અને દરેક ગ્રાહકને, દરેક વાંચનારને 'કુમાર'ના લાભ તેમજ જોખમના ભાગીદાર કરવા ઇચ્છીએ છીએ. 'કુમાર'ની સંપત્તિ વધશે તેની સાથે 'કુમાર'ના અંકો વિશેષ સમૃદ્ધ અને ઉપયોગી બનાવવામાં અમે વિલંબ રાખીશું નહિ. તો તમે એટલો નિશ્ચય તો જરૂર કરો કે 'કુમાર'ના રજિસ્ટર પર તમારૂં નામ કાયમ રહે.

પણ તમારૂં જ નામ રહે તે સાથે તમારા કોઇ સ્નેહી સંબંધી કે મિત્રને 'કુમાર'ના વાંચનનો લાભ કેટલો છે તે સમજાવીને તેનું નામ એક વધારે ગ્રાહક તરીકે મોકલવાનું તમારાથી ન બની શકે? 'કુમાર' માટે એક જ ગ્રાહક વધારી દેવાની તકલિફ તમને વધારે લાગશે?

મહાન થવું હોય તેને નાના બનતાં પહેલું આવડવું જોઇએ ઉંચામાં ઉંચા મકાનનો પાયો હમેશાં ઉંડામાં ઉંડો જ હોય.

સજીવ સેતુ

ગુજરાતમાં અખાડાની ઝુંબેશ આજ હેલે ચડી છે. દેશના બુઝાતા દીવામાં અખાડા-વીરો નવું દીવેલ પુરતા જાય છે. રાજ્યપ્રકરણની આવડી અંધારી વેળાએ પણ ગુજરાતનો તરુણ વર્ગ વીરત્વના પાઠો પચાવી રહ્યો છે. માનવદેહ પ્રભુ-મંદિરની મહત્તા પામતો જાય છે.

અખાડાના તરુણો પ્રવાસો ગોઠવે છે. ઝાડીઓ, કોતરો અને પહાડોમાં સાહસ ખેલવા સ્વયંભૂ ઇચ્છાથી સંચરે છે. મેળાઓના પ્રવાસોમાં એવી કુદરતની સુંદરતા તેમજ વિકટતાનો અને બીજી બાજુ વિશાળ માનવ-જાતિની ચડતીપડતીનો એકસામટો યોગ તેઓ કાં ન સાધે? અભ્યાસ અને સેવા, એ બંનેનો કેવો અપૂર્વ અવસર મેળાઓમાં મળે છે!

મેળાઓમાં જનતાનાં દર્શન છે. દેશની આમપ્રજા ત્યાં ઉભરાય છે. આમપ્રજા અને શિષ્ટવર્ગ વચ્ચે અત્યારે જે મોટો અખાત પડી ગયો છે તે ઉપર સજીવ સેતુ સમાન બની એ બેને જોડવાનું મહાભારત કાર્ય કોણ કરી શકવાનું છે? શહેરી તથા ગ્રામ્ય પ્રજાવર્ગની વચ્ચેનું આવું પુરોહિત કાર્ય કરવાના અધિકારી કોણ થવાના છે! . . . નૌજવાનોજ.

ત્યાં ધૂળની ડમરીઓ ફાકવાની છે. સૂસવતી ઠંડીમાં કે ધોમ-ધખતી ગરમીમાં કઠણ સૈનિકની માફક ચોકી કરવાની છે. ટાણે કટાણે લુખુંસુકું કે કાચુંપાકું અન્ન પામવાનું છે. બદમાશો સાથે મુકાબલો કરવાનાં જોખમ રહ્યાં છે. અણસમજુ લોકસમૂહની ચાહે તેટલી કટુતા અને અસભ્યતા પણ નરમાશથી સામી છાતીએ ઝીલવાની છે. લોકોની ભીડાભીડમાં ખુંદાતા બાળકને ઉંચકી લેવા જેટલા વજ્ર શરીરની જરૂર છે. ડૂબતા યાત્રાળુઓને ઉગારવા માટે ઝંપલાવવા જેટલી સાહસિકતા જોઇએ છે. વગર પૈસે કામ કરવા છતાં પણ પોતાના સરદારની ચાહે તેવી કડક આજ્ઞાને વિનાવિલંબે શિર પર ધરવાની લશ્કરી સંયમશીલતા જોઇએ છે. પથ્થરનું ઓશીકું, માટીની પથારી, આકાશની છત્રી અને મળ્યો તેવો આહાર! એવી વિટંબનાઓને યે જીવનની લ્હાણ માનનારા નૌજવાનો કેટલા નીકળશે? ક્યાંથી નીકળશે? . . . અખાડાઓમાંથી.

અખાડા એટલે સતત જીવતી સંસ્થાઓ. રોજેરોજ એનો પ્રવાહ વહેતો હોય. દિવસ જાય તેમ એની તાલીમો વધે ને ચેતના ઉભરે. એનું દળ કાયમી. એટલે જ મેળાની વ્યવસ્થા એ અખાડાના કાર્યક્રમનું એક અંગ બની જઇ શકે.

ગુજરાતના યુવકોને બીજી યે જાતજાતની મસ્તીઓ ચડી છે. સાહિત્ય, સંગીત, ચિત્રકામ, શિલ્પ, બાલ-શિક્ષણ, નાટ્યકલા વગેરેના નાદ લાગી ગયા છે. અને એ પ્રવૃત્તિઓ પોતાની જાહેરાત માટે પ્રેક્ષકવર્ગ માગે.

તે માટે બનાવટી મેળાવડાઓ કરીને પ્રેક્ષકવર્ગ ઉભો કરવો પડે છે અને ઉચક દિલે આવનારાં માનવીઓ એવા મેળાવડામાં શાંત ચિત્તે ઠેરતા નથી. એને બદલે એ બધી હીલચાલો મેળાઓમાં જઇને કરવામાં આવે તો શિષ્ટ વર્ગની સંસ્કૃતિને મહાન લોકસમૂહ જોડે ભેટાડી દઇ શકાય. દુનિયાના નવા પ્રવાહોને મેળામાં વાળી લઇને એ વડે જનતાને ભીંજાવી શકાય. આપણાં પ્રદર્શનો મેળાનું શરણુ લે તો તેની કૃત્રિમતા કેટલી ઓછી થઇ જાય ? અને એની અસર કેટલી વધે ?

મેળામાં આવનારાંનાં અંતઃકરણો પ્રફુલ્લિત હોય છે, ઉન્મુક્ત હોય છે; વિનોદને માટે તલસતાં હોય છે; નવીનતા પર મોહી પડે છે. એ બધી મનોદશા આજકાલ તો અધમ ખાનપાન, અધમ રમતગમતો, પ્રપંચી ચળવળખોરો કે દગલબાજ સાધુબાવાઓને હાથ પડી જાય છે. શા માટે આપણી મંગળ પ્રવૃત્તિઓનાં બીજ એ મનોદશામાં ન વેરી દઇએ ? શા માટે આપણો તરુણવર્ગ આવા વિપુલ અને સુંદર ક્ષેત્રને ફળદ્રુપ કરવાની આવી તક ખુએ ?

ગુજરાતના જુવાનો આ સાંભળશે ? **ઝવેરચંદ મેઘાણી**

ત્રીજે વર્ષે

ત્રીજા વર્ષમાં 'કુમાર' શું શું કરશે તે અહીં વર્ણવી શકાય એમ નથી. છતાં આ અંક સાથે આવતા વર્ષની પત્રિકા રૂપે કંઇક ઝાંખી આપવા યત્ન કર્યો છે તે જોશો એટલે તમારી કંઇક ખાતરી થશે.

બે વર્ષ સુધી જેઓએ ગ્રાહક બનીને—ટકીને, લેખો કે ચિત્રો આપીને, પોતપોતાની સંસ્થાઓ માટે 'કુમાર' મંજૂર કરીને, તથા 'કુમાર' વિષે લોકોમાં સારો અભિપ્રાય દર્શાવીને પણ, અમને સહાય અને ઉત્તેજન આપ્યાં છે તે સર્વે કલ્યાણ-પ્રેમી જનોનો અંતઃકરણથી આભાર માનીએ છીએ. અને અમારાં સાધનોની અપૂર્ણતાને લીધે છેલ્લા ચારપાંચ માસથી થવા પામતી અમારી અનિયમિતતાને ગ્રાહકોએ જે પ્રેમથી સહી લીધી છે તેને માટે પણ અમે આભારી છીએ.

હું 'કુમાર'નો ગ્રાહક કેમ થયો ?

એ વિષયની હરીફાઇ માટે પત્રો મોકલનારાઓમાંથી નીચેના ત્રણ જણને તેમનાં નામ સામે જણાવ્યા મુજબનાં ઇનામ મળે છે. (૧) શામજી લવજી આલગિયા (ભાવનગર)ને રૂ. પાંચનું ઇનામ. એ રકમ એમના આવતા વરસના લવાજમમાંથી કાપી આપવામાં આવશે. (૨) પૂર્ણાનંદ મણિશંકર ભટ્ટ (અમદાવાદ)ને આવતા વર્ષ માટે રૂા. બે ઓછું લવાજમ. (૩) જગજીવન વિઠ્ઠલભાઈ પટેલ (સરભોણ)ને આવતા વર્ષ માટે રૂા. બે ઓછું લવાજમ.

આ હરીફાઇ આજથી ફરી પાછી નવેસરથી ખુલ્લી જ છે. ગ્રાહકોને પોતપોતાના વિવિત્ર અને રસમય વૃત્તાંતો મોકલવા અમે નોતરીએ છીએ. એનું પરિણામ ફાગણના અંકમાં બહાર પડશે. અલબત્ત, ઈનામો ઉપર તો, જેઓ એ વર્ષમાં ગ્રાહક હશે તેમનો જ હક રહેશે.

આ વખતે પહેલું ઈનામ મેળવનારનો પત્ર આ નીચે છાપ્યો છે. બાકીના આવતા અંકોમાં

જશોનાથ હૉસ્ટેલ, ભાવનગર. તા. ૨૬-૯-૨૫

હું અમરેલી અભ્યાસ કરતો ત્યારે પ્રથમ 'કુમાર' નીકળ્યું. મેં તેના શરૂઆતના અંકો ત્યાંની લાયબ્રેરીમાં જોયા. તેનાં શોકબંધ ચિત્રો, સાદી અને સચોટ કવિતાઓ, ભાવનાપૂર્ણ લેખો, રમુજી અને બોધદાયક વાર્તાઓ, પ્રોત્સાહક જીવન-ચરિત્રો, અથાણું વગેરેથી આકર્ષાઇ હું તે નિયમિત લાયબ્રેરીમાંથી વાંચતો અને સંતોષ મેળવતો. પણ જ્યારે તેમાં કિરીટની વાર્તા શરૂ થઇ અને કુદરતનાં કાવ્યોની માળા આવવા લાગી ત્યારે આકર્ષણ વધી પડયું. ઘેર મંગાવી ગામડે વસતા મારા ભાઇઓને તે વંચાવવાનું મન થયું. ધીમેધીમે તે ઇચ્છા પ્રબળ થતી થઈ, પણ લવાજમ ભારે પડતું હતું. એ દરમ્યાન અરધા લવાજમની તક આવી અને દુધ ઘી ઓછું ખાઇ ત્રણ રૂપિયા બચાવી એનો લાભ લીધો. ત્રણ માસ પછી વિદ્યાર્થી ગ્રાહક તરીકે વળી સવાપાંચ રૂપિયાનું વી. પી. આવ્યું, પણ તે મારા પિતાશ્રીએ પાછું વાળ્યું. મેં પણ 'કુમાર'ની આશા છોડી દીધી.

પરંતુ તેનું આકર્ષણ જબરૂં હતું. દોઢ માસ પછી રાજકોટ પરીક્ષા આપવા ગયો ત્યારે એક ટાણું વીશીમાં જમીને અને એક ટાણું ભાતાથી ચલાવી ત્રણ રૂપિયા બચાવી છ માસ આગળ ગાડું ધપાવ્યું. મારા પિતાશ્રીએ કહ્યું, 'તું તો 'કુમાર'નો આશક થયો લાગે છે.' એમ કહી તે મંગાવવાની છુટ આપી.

હવે તો એ પણ, અને અમારા કુટુંબમાં વાંચી શકે એ બધાં 'કુમાર' આનંદથી વાંચે છે અને બીજાને વાંચી સંભળાવે છે.

શામજી લવજી આલગિય



આરામગાહ

'શું આપું ?' પ્રભુએ પુછ્યું.

'તારા ગુણગાન ગાવાની શક્તિ.' પંડિતે કહ્યું.

કવિ તો કંઈ જ બોલ્યો નહિ.

વરસો વીતી ગયાં: અને પછી પ્રભુએ પંડિતને પુછ્યું, 'કેમ ?'

'સમુદ્રની મેં શાહી બનાવી. તરુવરોની કલમ કરી અને પૃથ્વીથી આસમાન સુધી તારાં ગુણકીર્તન કર્યાં. હવે ક્યાં યે અણુમાત્ર જગ્યા રહી નથી.' પંડિતે કહ્યું.

'. . . . . અને તારું કેમ છે ?' પ્રભુએ કવિને પુછ્યું. કવિ કંઈ જ બોલ્યો નહિ. માત્ર તેનાં નેનમાંથી એક અશ્રુનું બિન્દુ ખર્યું, અને ખાલી થએલા સાગરો ભરાઇ ગયા, તરુવરોને નવાંકુરો આવ્યાં. આસમાન અને પૃથ્વીના પટ સાફ થઈ ગયા.

પોતાના ગુણકીર્તન ગાવા પ્રભુએ પંડિતને પાછો જગતમાં મોકલી દીધો.

કવિનું શું થયું તેની મને ખબર નથી.

*

પેલા સમુદ્રના ખડક માફક હું અહીં જ ઉભો છું. જ્યાં સુધી તારી મુલાકાત થશે નહિ ત્યાં સુધી અહીં જ ઉભો છું.

ભલે અસંખ્ય મુસાફરો આવે અને જાય: સમુદ્રમાં ભરતી અને ઓટ થાય: હું મારે યુગો સુધી અહીં જ ઉભો છું.

મને ભરોસો છે કે કોઇ ધન્ય તિથિએ, કોઇ પુણ્યમય મુહૂર્તે તું મારી ભેટ લઇશ.

*

પાપના વાદળની ઘેરી ઘટા છવાઈ છે અને તેમાં માત્ર તું જ વીજળી સમ ઝબુકે છે.

પંથ બતાવીશ કે પ્રલયને લાવીશ તે મારાથી સમજાતું નથી.

*

એમ કેમ ન હોય કે આ જગતના નાટકમાં જે સૂત્રધારની આજ્ઞાથી હું સારા માણસનો પાઠ ભજવું છું તે જ સૂત્રધારની આજ્ઞાથી બીજા નઠારા માણસનો પાઠ ભજવતા નહિ હોય ?

તો પછી ગુસ્સો અને તિરસ્કાર શાને માટે ?


*

સંધ્યાની કેસર-કંકાવટીથી તેણે વિશ્વને આંગણે સાથિયા પુર્યા અને આસમાનની છાબ ભરીભરીને ફુલો પાથર્યાં.

પૃથ્વીના પાટે મૌક્તિકથી મોંઘાં ચિત્રો દોરી, સમુદ્રની ઝાલર કરી પ્રિયતમની પધરામણીની તૈયારી તેણે યુગયુગથી કરી રાખી છે.

અપ્રકટ સંગ્રહમાંથી]

પૃથુલાલ શુક્લ



ફાહિયાન

ભગવાન બુદ્ધના અવસાન પછી એમના ધર્મનો કોઈ મોટામાં મોટી પ્રજાએ અંગીકાર કરીને તેને શ્રદ્ધાપૂર્વક ટકાવી રાખ્યો હોય તો તે ચીનાઓએ. રાજા કનિષ્કના સમયમાં બુદ્ધ ભગવાનનો ઉપદેશ ચીનમાં વધુ પ્રસર્યો. પરંતુ એ વખતે ત્યાં બૌદ્ધ ધર્મની માહીતીઓ તથા તત્ત્વજ્ઞાનનો બરાબર પ્રચાર થવામાં બહુ મુશ્કેલીઓ નડતી. આથી, ધર્મગ્રન્થો વિષે વધારે માહીતીઓ મેળવીને, તથા ભગવાને જે ભાષામાં ઉપદેશ આપેલો તેનો અભ્યાસ કરીને સ્વદેશને લાભ કરવાની ઉત્કટ ઇચ્છાથી તથા જ્યાં જ્યાં ભગવાને વિહાર કરેલો તે તે સ્થળોનાં દર્શન કરી કૃતાર્થ થવાની આકાંક્ષાથી પ્રેરાઇને કેટલાક બહાદુર ચીની સાધુઓ હિંદુસ્તાન આવવા માટે નીકળી પડતા.

ચીનમાંથી હિંદુસ્તાન આવવું એ આજે પણ રમતવાત નથી. પ્રવાસ અતિશય લાંબો અને વિકટ. વળી હિંદુસ્તાનની જે ભાષામાં બૌદ્ધ ગ્રંથો લખેલા હોય તે—અજાણ્યા દેશની અજાણી ભાષા—શીખીને તેને ચીની ભાષામાં ઉતારવાની મુશ્કેલી. આવી આવી તો અનેક અડચણો હતી. પરંતુ ચીનાઓની ભક્તિ ભારે હતી. તેઓ ખરા ધર્મવીર હતા.

એક ઇતિહાસકાર કહે છે કે દૂર દેશમાં પ્રવાસની વિટંબનાઓ સહન કરવા તત્પર થનારા આવા ભક્ત મુસાફરો દુનિયામાં બીજા કોઈ થયા નથી. પોતાના ધર્મનાં પવિત્ર સ્મારકો નીહાળવાની આટલી ઉત્કટ ઇચ્છા બીજા કોઈ ધર્મવાળાઓની જાણમાં નથી. આ ભોળા, સાચા દિલના અને બહાદુર બૌદ્ધ સાધુઓએ રણો, જંગલો, પર્વતો અને દરિયાની મુસાફરીની વિટંબનાઓ બેઠીને જેટલું દુઃખ વેઠયું છે તેટલું માનવજાતિમાંના બીજા કોઇએ વેઠયું નથી.

ચોથા અને સાતમા સૈકાની વચ્ચે આવા ઘણા મુસાફરો આપણા દેશમાં આવી ગયા, તેમાં ફાહિયાન અને હ્યુએનસંગ બે વિખ્યાત છે. આ નીચે ફાહિયાનની હકીકત આપી છે. હ્યુએનસંગની વાત આપણે આગળ જાણીશું.

ઇ. સ. ની પાંચમી સદીના આરંભમાં ફાહિયાન ભારતવર્ષમાં આવ્યો હતો. તેનું બાલ્યાવસ્થાનું નામ કુંગ હતું. તેનો જન્મ કઇ સાલમાં થયો તેનો પત્તો મળતો નથી, પણ એટલી માહીતી મળે છે કે ચીનમાં તે ઉટાંગ નામના ગામમાં જન્મ્યો હતો. કુંગના જન્મ પહેલાંનાં બાળકો મરી જતાં હોવાથી તેના પિતાએ તેને ચાંગગાનના બૌદ્ધ મઠને અર્પણ કર્યો હતો, અને શ્રામણેર બનાવી પ્રેમપૂર્વક ઘરમાં રાખ્યો હતો.

એકવાર તેને કંઇક રોગ લાગુ પડયો. આથી ગભરાઇને તેના પિતાએ તેને મઠમાં મુકયો. ત્યાં તે સાજો થયો; પણ ત્યાર પછી ફરી તે પોતાને ઘેર ગયો નહિ.

તેની દસ વર્ષની ઉમરે તેના પિતા ગુજરી ગયા. થોડા વખત પછી તેની માતાનું પણ મૃત્યુ થયું. કુટુંબમાં તેને ફક્ત એક કાકા જ રહ્યા. ત્યાર પછી વખત જતાં તેણે પ્રવ્રજ્યા લીધી અને શ્રામણેર મટીને તે ભિક્ષુ બન્યો. ભિક્ષુ તરીકે તેનું નામ ફાહિયાન રાખવામાં આવ્યું. ચીની ભાષામાં 'ફા' એટલે ધર્મ, અને 'હિયાન'નો અર્થ આચાર્ય-ગુરુ એવો થાય. એટલે આપણી ભાષામાં તેનું નામ ધર્મગુરુ.

તેણે બૌદ્ધ ધર્મગ્રંથોનું અધ્યયન આરંભ્યું. જેમજેમ તે ભણતો ગયો તેમતેમ તેને ખબર પડતી ગઇ કે ચીનમાં જે ધર્મગ્રંથો હતા તે અપૂર્ણ હતા. આ સિવાય ગ્રંથોમાં બીજી પણ કેટલીક ખામી હતી. આ ખામીઓ દૂર કરવાનો તેણે નિશ્ચય કર્યો. આ કારણે તથા બૌદ્ધ ધર્મનાં તત્ત્વો વિષેની તેની જીજ્ઞાસાએ તેને ભારતવર્ષમાં આવવા પ્રેર્યો. આ વખતે તેની ઉમર કેટલી હશે તે કહી શકાતું નથી. તેના આ વિચારો દરમિયાન તેને ટાઉચિંગ, હેકિંગ, હેયિંગ અને હેવિય નામના ચાર સોબતીઓનો ભેટો થયો. તેઓના વિચાર પણ ફાહિયાન જેવા જ હતા. અંતે ઇ. સ: ૩૯૯માં એ બધાએ ભારતવર્ષમાં આવવા માટે ચીનમાંથી પશ્ચિમ દિશા તરફ પ્રયાણ કર્યું.

આ સફર ખેડવામાં ફાહિયાનના મુખ્ય ઉદ્દેશ ત્રણ હતા: (૧) બૌદ્ધ ગ્રંથોની સંપૂર્ણ નકલો કરી લેવી; (૨) ભગવાન બુદ્ધે જ્યાંજ્યાં નિવાસ કરેલો તે તે સ્થળોની યાત્રા કરવી અને (૩) ભગવાનની મૂર્તિઓ તથા બીજા અવશેષ મળે તેટલા મેળવવા.

ચાલતાં ચાલતાં એક પર્વત આવ્યો. તેને ઓળંગીને તેઓ પેલી ઇતિહાસ-વિખ્યાત ચીનની જંગી દીવાલ પાસેના ચાંગચી નામના સ્થળમાં આવી પહોંચ્યા. ત્યાંના અધિપતિએ આ પ્રવાસીઓનો ખુબ સત્કાર કર્યો. ચાંગચી ચીનમાંનું તે વખતનું મોટું વેપારનું મથક હતું. પરદેશનો બધો માલ આ ચાંગચી મારફતે જ આખા ચીનમાં ફેલાતો, તથા ચીનની બનાવટો પણ ચાંગચી મારફતે જ પશ્ચિમને મળતી હતી.

ફાહિયાન અને તેના સાથીઓ ચાંગચી પહોંચ્યા ત્યારે ત્યાં ખુબ અશાન્તિ ફેલાએલી હતી. આથી તેઓને તરત આગળ વધવું દુરસ્ત ન લાગવાથી થોડા વખતને માટે તેઓ ચાંગચીમાં રોકાઇ ગયા હતા. ત્યાંથી ઉપડતી વખતે પ્રવાસમાં આગળ કામ લાગે તેવી સામગ્રી ત્યાંના શાસકે આ પ્રવાસીઓને આપી.

આગળ જતાં ગોબીનું રણ આવ્યું. આ રણની મુસાફરી બહુ વિકટ હતી. રણમાં કોઈ કોઈ ઠેકાણે રસ્તો ભુલીને ભટકાભટકીને મરી ગએલાં મુસાફર કે પ્રાણીઓનાં ધોળાં હાડકાં સિવાય બીજું કાંઇ દેખાતું ન હતું. ઝાડપાન કે પશુપક્ષીનું કયાંય નામ નિશાને ય ન હતું. બધે રેતી જ રેતી. સત્તર દિવસે આ રણ પસાર કરીને તેને છેડે આવેલા ઉએ નામના શહેરમાં ફાહિયાન તથા તેના સાથીઓ આવી પહોંચ્યા. અત્યારે તો એ શહેર ગોબીના રણ નીચે દટાઇ ગયું છે. પોતાના પ્રવાસના વર્ણનમાં ફાહિયાને લખ્યું છે કે અહીં પરદેશીઓને ખુબ સતાવવામાં આવે છે. લોકોનું વર્તન તદ્દન અસભ્ય અને અવિનયી છે. આ સ્થળે ફાહિયાન અને તેના સાથીઓ ઉપર એટલો ત્રાસ વર્ત્યો કે તે ટોળીમાંના થોડા પ્રવાસીઓ ભારતવર્ષની યાત્રાને સ્વપ્નવત્ ગણી પાછા ફર્યા. અહીં તેઓ થાક ઉતારવા લગભગ અઢી મહીના સુધી રહ્યા.

ઉએથી નીકળીને તેઓ આગળ ચાલ્યા. રસ્તો ખુબ વિકટ હતો. મોટામોટા પહાડો તથા વેગવતી નદીઓ માર્ગમાં આવવા લાગી. પ્રાણની પણ દરકાર રાખ્યા વગર તેમણે કેટલા યે વેરાન પ્રદેશો પસાર કર્યા. પાંચ મહીના સુધી સતત ચાલીને તેઓ ખોતાન નામના શહેરમાં આવ્યા. અત્યારે તો ખોતાન પણ રેતી નીચે દટાઇ ગયું છે. તે સમયે ત્યાંની જમીન ખુબ ફળદ્રુપ હતી અને સઘળો પ્રદેશ આબાદ હતો. ખોતાન નામની નદી તે વખતે ત્યાં વહેતી હતી. આ જગ્યાએ તેઓને સારીપેઠે આરામ મળ્યો. અહીંથી ફાહિયાનના બે સાથીઓ બીજે રસ્તેથી હિંદ આવવા માટે તેના માર્ગથી જુદા પડ્યા.

આવી રીતે તેઓ થાક ખાતાખાતા પણ હિંમતથી આગળ ને આગળ ધપતા જીહો નામના પ્રદેશમાં પહોંચ્યા. ત્યાંથી સુગલિંગ પર્વત ઓળંગીને કીચા નામના શહેરમાં ગયા. આ સ્થળે ફાહિયાનને તેના વિખુટા પડેલા સાથીઓ પાછા આવી મળ્યા.

[આગળ પાને ૪૭૨મે ચાલુ]



દક્ષિણ હિંદુસ્તાનમાં શ્વેતબિન્દુ રામેશ્વર જતાં રસ્તામાં મદુરા નામનું મોટું શહેર આવે છે. ઉત્તર હિંદુસ્તાનમાં હરિદ્વાર જતાં રસ્તામાં મથુરા આવે છે તેને જ મળતું આ શહેરનું નામ છે. મથુરાની આસપાસનો પ્રદેશ શ્રીકૃષ્ણની લીલાથી અંકિત છે. આ બાજુનો પ્રદેશ શંકરના નૃત્યથી પુલકિત છે. શંકરનું બીજું નામ નટરાજ છે. નટરાજે અહીંથી ઉત્તરે આવેલા ચિદંબરમમાં કાલ-કરાલ તાંડવ નૃત્ય કરેલું અને તે રીતે અનેક ભક્તજનોને દર્શન આપેલાં એવી અનેક વાર્તાઓ અહીં પ્રચલિત છે.

ઉત્તર હિંદુસ્તાનમાં કાશીવિશ્વનાથનું જેટલું મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ દક્ષિણ હિંદુસ્તાનમાં મીનાક્ષિનું છે. જેમ ઉપર હરિદ્વાર છે તેમ નીચે રામેશ્વર છે. કાશીવિશ્વનાથની બાજુએ ત્રિવેણી વહે છે; મીનાક્ષિની બાજુએ વાઇગાઇ નદી વહે છે. હરિદ્વાર પાસે ગંગા ગાજે છે; રામેશ્વરની આસપાસ સમુદ્ર ગર્જ્યા કરે છે. આવી જ રીતે હિંદુસ્તાનની પૂર્વે જગન્નાથપુરી અને પશ્ચિમે દ્વારિકા ભિન્નભિન્ન સાગરના તીરે શોભી રહેલ છે. ચાર દિક્પાલ માફક આ ચાર તીર્થો હિંદુસ્તાનના ધર્મશરીરનું રક્ષણ કરે છે.

આ મદુરા શહેરના મધ્ય ભાગમાં જગવિખ્યાત મીનાક્ષિદેવીનું મંદિર છે. તે મંદિરના મિનારા દૂરદૂરથી રેલવે ટ્રેનમાંથી દેખાય છે અને તે જોનારના મનમાં અવનવું કુતૂહલ ઉત્પન્ન કરે છે. મીનાક્ષિ અહીં હજારો વર્ષ પહેલાં રાજ્ય કરતા કોઈ પાંડ્ય રાજાની પુત્રી હતી. તેને પાર્વતીનો અવતાર ગણવામાં આવે છે. જેવી રીતે સીતા હળ ખેડતાં જમીનમાંથી મળી આવેલાં તેવી જ રીતે મીનાક્ષિ અહીંના કોઇ જળાશયમાંથી મળી આવી હતી.

તેની પણ ચિત્રાંગદા જેવી જ અનેક કથાઓ પ્રચલિત છે. તે સામાન્ય સ્ત્રી ન હતી. યુદ્ધ તો તેનો જીવનવ્યવસાય હતો, અને દિગ્વિજય તેનો અભિલાષ હતો. પોતાને હરાવે તેને વરવું એવું મીનાક્ષિનું પણ હતું. પણ તે મહાશક્તિના અવતારને આ જગતમાં કોણ હરાવે ? આલોક, પરલોક, સુરલોક, અસુરલોક સર્વ મીનાક્ષિએ જીત્યા. દેવાધિદેવ મહાદેવને પણ વશ કરવાનો મીનાક્ષિને મનોરથ થયો. પણ ત્યાં એણે ભુલ કરી. પ્રકૃતિના બળનું મુળ ઈશ્વર છે. મીનાક્ષિમાં બળનું પ્રેરણા કારણ મહાદેવ હતા. મહાદેવે મીનાક્ષિને વશ કરી અને મીનાક્ષિ મહાદેવને વરી.

મીનાક્ષિના મંદિરમાં પ્રવેશ કરતાં દરવાજા ઉપર જ આ પ્રસંગનું સચિત્ર કોતરકામ છે. મીનાક્ષિ અને મહાદેવ પાસેપાસે ઉભાં છે અને ભગવાન વિષ્ણુ ઉભયનું લગ્ન કરાવે છે. મીનાક્ષિની મુદ્રામાં અપાર મૃદુતા ભરેલી છે અને શંકરે પણ એ ઘડી વૈરાગ્યયોગનો ત્યાગ કર્યો દેખાય છે.

હિંદુસ્તાનમાં તીર્થો અનેક છે ને તીર્થોમાં દેવમંદિરો પણ અનેક છે. પરંતુ મીનાક્ષિ-મંદિરની મનો-



મીનાક્ષિદેવી

હરતા સૌથી અનેરી છે. એ મંદિરનું ક્ષેત્રફળ લગભગ એક માઇલ છે. મંદિરની આસપાસ સફેદ અને લાલ પટ્ટાથી સુશોભિત કિલ્લો છે અને તેની આસપાસ નાળીએરીનાં વૃક્ષોની પરંપરા સુંદર કાંગરાંની માફક શોભી રહેલી છે. આપણી બાજુએ મંદિરની અંદર જ્યાં મુખ્ય મૂર્તિનું અધિષ્ઠાન હોય છે તેની ઉપરના ભાગમાં મોટું શિખર ચણવામાં આવે છે. દક્ષિણમાં મંદિરના ગર્ભદ્વાર ઉપર અગાશી હોય છે અથવા નાનોસરખો ઘુમટ હોય છે. પણ શિખરને બદલે મંદિરના પ્રવેશદ્વાર ઉપર મોટું બાંધકામ કરવામાં આવે છે. તેને અહીં ગોપુરમ્ કહે છે. આ ગોપુરમ્ દ્રાવીડ દેશના શિલ્પની વિશિષ્ટતા છે. આ ગોપુરમ્ આકાશતલને સ્પર્શતા હોય એટલાં ઉંચાં હોય છે અને તેમા અનેક પ્રકારનું કોતરકામ કરેલું હોય છે. અનેક દેવદેવીઓની મૂર્તિઓ આ ગોપુરમમાં કોતરી કાઢેલી હોય છે. ગોપુરમ્ એટલે આખા પુરાણનું ચિત્રપટ. કોઈ ઠેકાણે શિવ-પાર્વતીનાં લગ્ન હોય; કોઇ ઠેકાણે રામ લક્ષ્મણ અને સીતા ઉભાં હોય; કોઈ ઠેકાણે રાવણ લડી રહ્યો હોય; કોઈ ઠેકાણે સુર અને અસુરોએ મળીને કરેલું મંદાર પર્વતનું મંથન આલેખેલું હોય. અહીં પાર્વતી તપ કરતાં દેખાય તો ત્યાં વિષ્ણુ નૃસિંહાવતાર લઇ હિરણ્યકશિપુનું શાસન કરી રહ્યા હોય. વળી કોઇ ઠેકાણે હનુમાન ઔષધિપર્વત ઉપાડી ઉડી રહેલા હોય, તો અન્યત્ર વિષ્ણુના વિવિધ અવતારો ક્રમસર શોભી રહેલા હોય. આ ગોપુરમ્ એટલે પુરાણવાર્તા શીખવાની શાળા!

મીનાક્ષિ-મંદિરમાં ચાર દિશાએ એકએક પ્રવેશદ્વાર છે અને તે દરેક ઉપર એકએક ગગનચુંબી ગોપુરમ્ ચણવામાં આવેલું છે. હિંદુસ્તાનમાં મીનાક્ષિ જેવડું વિશાળ મંદિર નથી અને મીનાક્ષિના ગોપુરમ્ જેવડાં અન્ય ગોપુરમ્ પણ નથી. તેમાંની પ્રત્યેક મૂર્તિ આપણું ધ્યાન ખેંચે છે. સ્થાને સ્થાને કળાના ઉત્તમ નમુના આપણી નજરે પડે છે. મીનાક્ષિનાં ગોપુરમ્ મદુરાથી વીસવીસ પચીસપચીસ માઇલથી દેખાય છે. મોટાં ગોપુરમ્ ચાર છે; નાનાં સાતઆઠ છે. મંદિરની સામે આવીને ઉભાં રહેતાં ગોપુરમ્ આપણું ધ્યાન અજબરીતે ખેંચે છે અને આપણે સાધારણ દુનિયાના નહિ એવા કોઇ અદ્ભુત સ્થાનમાં પ્રવેશ કરીએ છીએ એવો ભાવ ઉત્પન્ન કરે છે.

દ્રાવીડ દેશના લોકોમાં ભવ્યતાનો ખ્યાલ બહુ ભારે કેળવાએલો છે. લોકોનાં કદ સાધારણ, અને રહેવાનાં ઘર બહુ ઉંચા નહિ; પણ ધર્મમંદિરો કે તેને લગતાં સાહિત્યો જુદા જ પ્રકારનાં હોય છે. નાનોસરખો મંડપ બાંધવો હોય તોપણ બે માળ ઉંચો બાંધશે! દેવપાલખીઓ પણ દસ માણસ બેસી શકે તેવી હોય. આ બાજુના રથ પણ એટલા જ ઉંચા અને વિશાળ. દેવની ઉપર ધરવાની છત્રી નીચે વીસ માણસ ઉભાં રહી શકે! સાધારણ વરઘોડામાં ફેરવવાની ગરુડની મૂર્તિઓ પણ ત્રણ માણસના કદ જેટલી હોય છે! આરતી એટલે પંચશિખા નહિ પણ દીપમાળા જ સમજી લ્યો! એવી જ રીતે દેવમંદિરનાં પ્રવેશદ્વાર પણ એટલાં ઉંચાં અને વિશાળ

હોય છે કે તે કોઈના ઉપર દિવ્યતાની છાપ પાડ્યા વિના રહેતાં નથી. મીનાક્ષિ-મંદિરમાં દાખલ થતાં જ ઉંચા અને અમુક ઘાટના થાંભલાની લાંબી હાર આપણું ધ્યાન ખેંચે છે. દૂર દૂર સુધી માણસોની હારની હાર આવતી દેખાય છે, અને છેક છેડે મીનાક્ષિદેવીનું સ્થાન છે એવું અનુમાન આપણી આંખો કરી લે છે.

આ બાજુનાં મુખ્ય મંદિરો એટલે માત્ર ગર્ભદ્વાર અને રંગમંડપ નહિ. મંદિર એટલે જાણે કે નાનુંસરખું ગામડું. ગર્ભદ્વાર અને રંગમંડપ તો હોય જ; પણ તે ઉપરાંત દેવ કે દેવીને પધરાવવાને શોભામંડપ હોય; દેવદેવીને વરઘોડામાં ફેરવવા માટે આસપાસ વિશાળ જગ્યા હોય. દરેક દેવાલય સાથે એક વિશાળ જળાશય હોય. ત્યાં અમુક અમુક ઉત્સવદિનોએ દેવમૂર્તિને પધરાવે અને આસપાસ દીપાવલિ પ્રગટાવે. એ ઉપરાંત મંદિરમાં દાખલ થવાના ભાગોમાં નાનીસરખી બજાર ગોઠવાએલી હોય. ત્યાં પૂજાનાં સાહિત્યો, રમકડાં અને તે સ્થળની વિશિષ્ટ વસ્તુઓ વગેરે વેચાતાં હોય. રામેશ્વરના મંદિરમાં શંખ, કોડી, છીપ વગેરે અનેક દરિયાઈ ચીજો વેચાય છે. મીનાક્ષિના બજારમાં પણ એક નાના પાયા ઉપરનું પ્રદર્શન છે. જાતજાતની માળાઓ, લાકડા તેમજ માટીનાં રમકડાં, છબીઓ, કપડાં, વિવિધ પ્રકારનાં પૂજા-સાહિત્યો, ફળફુલ, પાન વગેરે અનેક ચીજો મળે છે. ખરીદ કરવી ન હોય તે પણ જોઇને બે ઘડી આનંદ પામે છે.



મીનાક્ષિ-મંદિરનું ગોપુરમ્

ત્યાંથી આગળ ચાલતાં વિશાળ જળાશય આવે છે. આ બાજુ દરેક મોટા મંદિર સાથે એકેક જળાશય જોડાએલું જ હોય છે. આવા જળાશયમાં સ્નાન કરવું પુણ્યવાહી સમજાય છે. પ્રાતઃકાળે આ જળાશયનું દૃશ્ય અતિશય મનોહર લાગે છે. સૂર્યના પ્રકાશથી આકાશ ધીમેધીમે ઉજ્જ્વલ બની રહ્યું હોય, અહીંતહીં વહેતાં વાદળો રંગબેરંગી કિરણશોભા ધારણ કરી રહેલાં હોય અને તે સર્વનું પ્રતિચિત્ર વિશાળ જળાશય ઉપર નૃત્ય કરી રહ્યું હોય. જ્યાંત્યાં પૂજા મંત્રોના પવિત્ર ધ્વનિ તો કર્ણગોચર થતા જ હોય. આ બાજુની સ્ત્રીઓ લાલ, લીલા, પીળા વગેરે

રંગનાં પટ્ટાપટ્ટીવાળાં વસ્ત્રો પહેરે છે, એટલે સવારના વખતે જળાશયની કિનાર ફૂલપાંદડીઓથી બાંધી લીધી હોય એવો દૂરથી જોનારને ભાસ થાય છે. કોઇ પ્રાણાયામ કરતું હોય, કોઈ ધ્યાન કરતું હોય, તો કોઈ સૂર્યનું આવાહન કરતું હોય. એક જ ભક્તિના અનેક રંગ અહીં દેખાય. અને ભાતભાતના લોકો તથા જાતજાતની મુદ્રાઓ પણ અહીં નજરે પડે. આસપાસ અનેક પ્રકારનું ચિત્રામણ કરેલું છે. મીનાક્ષિનું કથાનક, પુરાણવાર્તાઓ, સ્વર્ગનરકનાં આલેખન, દેવદેવીઓનાં રેખાચિત્રો—બધાંનું જાણે કે એક મોટું આલ્બમ. ફરતાંફરતાં આગળ જઇએ એટલે મીનાક્ષિ-મંદિરના અન્તર્ભાગના મુખ્ય દ્વાર પાસે આવીને ઉભા રહીએ.

અહીં થાંભલેથાંભલે ભવ્ય અને કળાપૂર્ણ મૂર્તિઓ કોરી કાઢેલી છે. આ મૂર્તિ એક જોઇએ અને એક ભુલીએ. આ મૂર્તિ દેવની હોય કે દેવીની હોય, પણ દરેક આકૃતિ સંપૂર્ણ. આલેખનમાં જરા પણ સ્ખલન નજરે ન પડે. શરીરના બાંધા અસાધારણ મજબુત-કદાવર;—જે જોઇને એ મૂર્તિઓ જે કાળમાં ઘડાઇ હશે તે વખતનાં શરીર કેવાં હશે તેનો ખ્યાલ આવે ને આશ્ચર્ય થાય. આખી મુદ્રામાં એવું બળ દેખાય કે એ મૂર્તિઓ જડ હોવા છતાં આપણે તેને જોતાં જોતાં બે ઘડી સ્તબ્ધ બની જઇએ. જેમ પુરુષની આકૃતિમાં અપાર પ્રાણબળ તરવરી રહેલું દેખાય તેમ સ્ત્રીઓની આકૃતિમાં બળ સાથે મૃદુતાનું સુન્દર મિશ્રણ ઝગમગતું દેખાય. મૂર્તિઓ બનાવવાની કળા તો અહીં જ આવી વસી છે. દરેક મૂર્તિની મુખમુદ્રા સદા પ્રસન્ન, સ્મિત કરતી, આશીર્વાદ વરસાવતી જ લાગે. મૂર્તિઓમાં આવો એકસરખો પ્રસન્નભાવ જળવાઈ રહેલો અન્યત્ર ભાગ્યે જ નજરે પડે છે. આગળ જતાં નટરાજ, મહાકાળી, રામ-લક્ષ્મણ-સીતા, પાર્વતી, કાર્તિકેય, ગણપતિ, હનુમાન વગેરે અનેક દેવદેવીઓની સુન્દર મૂર્તિઓ દેશદેશના કળારસિકોને મુગ્ધ બનાવી રહી છે. સર્વમાં વિશેષ ધ્યાન નટરાજની મૂર્તિ ખેંચે છે. આ બાજુ મહાદેવના નટરાજ સ્વરૂપની પૂજા ખુબ પ્રચલિત છે. નટરાજ એટલે તાંડવ નૃત્ય કરતા શંકર. નટરાજની મૂર્તિઓ અહીં સ્થળેસ્થળે છે. આપણે ત્યાં કૃષ્ણને જેમ બંસી વગાડતા જ્યાં ત્યાં આલેખેલા હોય છે, તેમ અહીં જ્યાંત્યાં નટરાજનું કરાલ નૃત્ય ભક્તજનોને મત્ત બનાવી રહ્યું છે. આપણા જીવનમાંથી-સામાન્ય જીવનવ્યવહારમાંથી--નૃત્ય તદ્દન ઉડી ગયું છે, તેથી નટરાજની મૂર્તિના સર્વ ભાવો આપણાથી કદિ ગ્રહણ થઇ શકે તેમ નથી. અજ્ઞ માણસને તો આ ગાંડપણ જ લાગે. પણ જેમજેમ આપણું તે મૂર્તિના ભાવો સાથે તાદાત્મ્ય વધતું જાય છે તેમતેમ આપણી આંખો તે મૂર્તિમાં રહેલી અદ્દભુત મનોહરતાને ગ્રહણ કરતી જાય છે. નટરાજની મૂર્તિના અંગે અંગમાં અને ઉપાંગે ઉપાંગમાં જે નૃત્યભાવ વ્યાપી રહ્યો દેખાય છે તેની તુલના કોની સાથે કરવી તે કલ્પી શકાતું નથી. નટરાજ એટલે સંગીતનું પરમ સ્વરૂપ; યોગની પરાકાષ્ટા; સચ્ચિદાનંદનો સંપૂર્ણ આવિર્ભાવ.

હવે આપણે મંદિરના અન્તર્ભાગમાં પ્રવેશ કરીએ. આ બાજુનાં મંદિરોની એ વિચિત્રતા છે કે મંદિરો વિશાળ, પણ મુખ્ય વિભાગ સાંકડો અને હવાપ્રકાશ વિનાનો! નવો આવનાર બે ઘડી મુંઝાઇ જ જાય. દેવ-દર્શન દિવસે પણ દીવા વિના ન થાય. પારેવાં, કાન-કયડિયાં અને ખીસકોલીનું તો જાણે દેવમંદિર નિવાસ-સ્થાન. તેલ કે ઘીના દીવાની હારની હાર ઝગમગ થતી હોય અને ટીપાં ટપકતાં હોય! જ્યાંત્યાં તેલની કે પારેવાંની ચરકની ગંધ આવ્યા જ કરે! જમીન કાળી અને ચીકણી. મંદિરના અન્તર્ભાગમાં હવા-પ્રકાશનો તો ઇરાદાપૂર્વક જ અભાવ જાળવી રાખવા-માં આવતો હોય એમ લાગે. બાંધકામ જ એવું કે હવાપ્રકાશને સ્થાન જ ન મળે. પ્રાચીન શિલ્પીઓનો એવો ખ્યાલ હશે કે જેમ મંદિરમાં અંધારૂં અને ઉંડાણ વધારે તેમ લોકોનાં મન ઉપર ભય અને ભવ્યતાની વધારે છાપ પડે! મીનાક્ષિનું દર્શન મુસ્કેલીએ થઇ શકે. સમીપ તો જઇ શકાય જ નહિ. લોકોની ભીડ હમેશાં ભરેલી હોય. લોકોએ જાતજાતની માનતા માનેલી હોય. જેનેજેને ભૂતનો વળગાડ વળગ્યો હોય—અને આમા સ્ત્રીવર્ગ વિશેષ હોય છે—તે સર્વ અહીં આવે અને મીનાક્ષિના પ્રસાદથી ભૂતપ્રેતથી છુટા થવાય એમ માને. ભક્તિભાવનો ઉન્માદ અને આવેશ સાક્ષાત્ જોવો હોય તેણે અહીં આવી ઉભા રહેવું. આપણે ત્યાં ભક્તિનો આવેશ

આવે ત્યારે લોકો ઘણી વખત બે હાથે તાળીઓ પાડવા માંડે છે. અહીં લોકો બે હાથે પોતપોતાના ગાલ ઉપર (અલબત્ત ધીમેધીમે) લપાટ મારવા મંડી પડે છે! આપણે ત્યાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ દેવમૂર્તિની સામે પડીને કરીએ છીએ; અહીં દેવ-મૂર્તિની બાજુએ પડીને સાષ્ટાંગ પ્રણામ કરવામાં આવે છે. મીનાક્ષિના દર્શનથી લોકો કૃતકૃત્ય થતા દેખાય છે. અનેક જુવાન, બુઢ્ઢાં, સધવા, વિધવા, છોકરા, છોકરીઓ, નજીકનાં, દૂરનાં, આનંદથી ઉછળતાં ઉછળતાં આવે છે અને દર્શનથી ધન્યભાગ બની પાછાં ફરે છે. મૂર્તિપૂજાની મનુજહૃદય ઉપર અહીં અપાર સત્તા વર્તી રહી છે. ભલેને અનેક આર્યસમાજો થાય, બ્રહ્મો સમાજ અને પ્રાર્થનાસમાજ સ્થપાય પણ આ શ્રદ્ધા અને ભક્તિ જેનો પ્રાણ આધાર છે એવા હિંદમાં મૂર્તિપૂજાનું અવલંબન કોઇ કાળે નષ્ટ થવાનું જ નથી.

આ બાજુ જ્યાં દેવીનું મંદિર ત્યાં દેવનું મંદિર જોઇએ જ. જ્યાં શંકરનું મંદિર ત્યાં પાર્વતીનું મંદિર હોય જ. અહીં બાજુએ જ મીનાક્ષિ-મંદિરના ગઢની અંદર મહાદેવનું પણ એવું જ વિશાળ અને કળાની અદ્‌ભુત કૃતિઓથી ભરેલું સુશોભિત મંદિર આવેલું છે. રંગમંડપની મધ્યમાં ધ્વજસ્થંભ છે અને આસપાસ સુન્દર કોતરકામવાળા અતિ ભવ્ય થાંભલાઓ આપણી આંખને આકર્ષે છે. અહીં કળાકાર તથા શિલ્પીએ પોતાની સર્વ કળા ખરચી નાખી છે અને તેને કળાનું અદ્‌ભુત લીલાસ્થાન બનાવ્યું છે. એનું વર્ણન શબ્દોમાં ન થાય. એનો ખ્યાલ જોવાથી જ આવે.

અહીં ગણપતિની પણ પૂજા પ્રચલિત છે, પરંતુ વધારે મહિમા શંકરના બીજા પુત્ર કાર્તિકેયનો છે. તેને અહીં સુબ્રહ્મણ્યના નામથી ઓળખે છે. તેની છ મોઢાની મયૂરવાહિની મૂર્તિ જ્યાંત્યાં જોવામાં આવે છે. ઘણે ઠેકાણે તો કાર્તિકેયનું સાથેસાથે જુદું જ મંદિર બાંધેલું હોય છે.

અહીં કોઇ પુરાણી શોધખોળ કરનાર આવીને આ મંદિરનો ઇતિહાસ પુછે તો તેને કાંઇ સંતોષકારક ઉત્તર મળવા સંભવ નથી. એમ વાતો ચાલે છે કે અંદરનો મુખ્ય મંદિરવિભાગ તો ઇન્દ્રે જ બનાવેલો. તેની આસપાસનો ભાગ મહાભારતકાળમાં થએલા








મંદિરમાંના થાંભલાઓ ને તે પરના સુંદર કોતરણી

કોઇ પાંડય રાજાએ બંધાવ્યો. અત્યારના ચાર મુખ્ય દરવાજા અને તે ઉપર ચણેલાં ગગનચુંબી ગોપુરમ્




મદુરાનાં ગોપુરમ્

ચારસોએક વર્ષ પહેલાંના નાયક રાજાઓએ ઉભાં કરેલાં આ દેશનાં ઘણાં મંદિરોની પ્રાચીનતા આપણી કલ્પનામાં આવે તેમ નથી. જે કાંઇ અનુમાન થાય તે માત્ર બાંધકામ ઉપરથી થઇ શકે તેમ છે. શિલાલેખો કે અન્ય લેખો બહુ જાણમાં નથી આવ્યા. પૂર્વકાળનાં મંદિરોની વિશાળતા, ભવ્યતા અને ભીષણતા તથા વર્તમાનકાળની પામરતા, દરિદ્રતા અને કળાશૂન્યતા સરખાવીને સાધારણ લોકો તો આ બાજુનાં અનેક સુપ્રસિદ્ધ મંદિરો માટે અન્તઃકરણથી એમ જ માને છે કે તે સર્વે દેવકૃતિઓ જ છે;—મનુષ્યકૃતિઓ હોઈ શકે જ નહિ ! માનવપ્રાણી પામર છે અને એક ઇશ્વર જ મહાન છે એવો ખ્યાલ અહીંના કોઇ પણ વિશાળ મંદિરમાં પ્રવેશ કરતાં આગન્તુકના ચિત્તમાં જન્મે છે. આપણી બાજુ મંદિરો છે, ભક્તિ છે અને અનેક વહેમો પણ જડ ઘાલી બેઠા છે. પણ અહીંનાં મંદિરો, ભક્તિભાવ તેમજ આપણી કલ્પનામાં પણ ન ઉતરે એવા વહેમો આખી દુનિયામાં ક્યાંય શોધ્યાં જડવાનાં નથી. ધાર્મિક ઉત્સવો મહીનામાં દસેકવાર આવે; હાલતાંચાલતાં ધાર્મિક વરઘોડાઓ અથડાય ! વહેમ તો જીવનની સર્વ ક્રિયામાં ભરેલા. કાંઇપણ કારણે ઘર બહાર નીકળતાં શુકન જુએ; દિવસના હમેશાં દોઢ કલાક એવો આવે કે જે કોઇપણ વ્યાપારનું કે વ્યવહારનું સારૂં કામ કરવા માટે અયોગ્ય ગણાય ! (આને રાહુકાળ કહેવામાં આવે છે.) ખરેખર, પ્રજાપ્રજાની પ્રકૃતિમાં ભાતભાતની વિવિધતા અને જાતજાતની વિચિત્રતાઓ ભરેલી હોય છે. જોઇએ અને જાણીએ એટલું ઓછું.

અહીં સવાર કરતાં સાંજે વધારે આનંદકલ્લોલ હોય છે; બીજા વાર કરતાં શુક્રવારે માણસોની વધારે ભરતી હોય છે; બીજા મહીના કરતાં ચૈત્ર માસમાં વધારે ઉત્સવ અને દાદ જામે છે. સાયંકાળે સૂર્ય પોતાનાં કિરણો સંકેલે, આકાશમાં અંધકાર જામે, રાત્રિના તારા ચળકવા માંડે અને મીનાક્ષિના મંદિરમાં જ્યાંત્યા દીપમાળા પ્રગટી ઉઠે. અત્યારના ઇલેકટ્રિક લાઇટના જમાનામાં દીપશિખાનો મહિમા ઘટી ગયો છે. મીનાક્ષિ–મંદિરમાં પણ ઇલેકટ્રિક લાઇટ જ્યાંત્યાં ગોઠવવામાં આવી છે. આથી મંદિરની પ્રાચીનતા અને તેને લીધે તેમાંથી પ્રગટતી મનોહરતા હાનિને પામ્યાં છે. એમ છતાં આ મંદિરમાં દીપશિખાનો સર્વથા બહિષ્કાર કરવામાં આવ્યો નથી. રાત્રિના સમયે મંદિરની સામે આવીને ઉભા રહેતાં તેલના નાનાનાના અસંખ્ય અસ્થિર દીવાઓની હારની હાર આપણી આંખોને ટાઢક તેમજ આનંદ આપે છે. તે પ્રત્યેક દીપશિખા પવનલહરિ આવતાં નાચવા માંડે છે અને મીનાક્ષિને પ્રસન્ન કરવા નૃત્ય કરી રહેલ નટરાજના નૃત્યઆંદોલનો જાણે કે ચારે તરફ ફરી રહ્યાં હોય એવો આનંદ, આવનાર પ્રેક્ષકગણ અનુભવે છે.

જેણે હિંદમાં જન્મ લીધો તેણે જીવનમાં એકવાર જરૂર અહીં આવી જવું અને પોતાના જીવનને કૃતાર્થ કરવું. જડમાં ચૈતન્ય જાગશે, નીરસમાં રસભાવ જન્મશે, નાસ્તિકમાં આસ્તિકતા પ્રગટશે અને સંસારીમાં ભક્તિભાવની વૃદ્ધિ થશે.

પરમાનન્દ



બેલડી

૧

ઇંદ્રલોકની કોઇક અપ્સરાના કંઠમાંથી જાણે સફેદ મોતીનો હાર વિખરી પડ્યો હોય તેવું દેખાતું એક કુંજડીઓનું વૃંદ આસમાનને માર્ગે ચાલ્યું જાતું હતું. એકસરખી પંક્તિ બાંધીને ઉડ્યે જતાં એ શ્વેત પંખીઓ, એની પહોળાવેલી પાંખો અને લંબાવેલી ડોકોને લીધે, ઘડીકવાર વળી દરિયાનાં આસમાની નીર ઉપર સરતી શ્વેત શઢની નૌકા જેવાં જણાતાં; તો ઘડીક ગગનના બગીચામાં ખીલેલાં, ડોલરનાં ફુલોની ક્યારી હોય એવી કલ્પના થઇ આવે!

ભાદરવો મહીનો છે. આકાશ નિર્મળ બનતું આવે છે. સંધ્યાએ મેઘલોકને આંગણે રંગોળી પુરી છે. કુંજડીઓના લંબાવેલા સ્વરો નીચેની કાઠિયાવાડી ભૂમિ ઉપર વરસી રહ્યા છે.

વિયોગી સ્વજનોના સંદેશા લઇ જનારી એ કુંજડીઓ લાંબા મીઠા સાદ પાડતી પાડતી કાઠિયાવાડના ગામડાને માથે થઇને નીકળી. ખેતરોમાં કામે વળગેલી કણબણ યુવતીઓ આભનાં એ પંખી દૂતો સામે મીટ માંડીમાંડીને લલકારવા લાગી :

કુંજલડી રે સંદેશો અમારો,
જઈ વા'લમને કે'જો રે;
પ્રીતિ-કાંઠાનાં અમે રે પંખીડાં,
પ્રીતમ-સાગર વિના સૂનાં રે!

. . . .

એકાએક એ ગગનવિહારી પ્રવાસીઓ આભનાં ઉંચાણ પરથી સારીપેઠે નીચેરાં ઉતરીને વહેવા મંડ્યાં. કોણ જાણે એ ગામડાંનાં વસનારાં વિયોગીઓના સંદેશા દરિયાને સામે કાંઠે લઇ જવાનું એને મન થઇ ગયું હોય!

સનનનન . . . . કરતી એક ગોળી છુટી. ધરતી પર ઉભેલ એક મકરાણીની લાંબી બંદુકની એ તો ગોળી! નિશાન ભુલે નહિ.

ફડફડ! ફડફડ! તડફડ! તડફડ! કરતું એક કુંજડું આભમાંથી નીચે ઢળી પડ્યું. બાકીનું આખું ટોળું કારમો કળેળાટ કરતું કરતું ચાલ્યું ગયું.

બંદુક મારનારો મકરાણી દોડ્યો. ઘવાએલું પંખી તરફડતું હતું. ચાંચ પછાડતું હતું. શીકારીના મોંમાં પાણી છુટવા મંડ્યાં. કુંજડીના મુલાયમ માંસનું એને શાક ખાવું હતું. એણે પાંખ ઝાલીને પંખીને ઉપાડ્યું, ત્યાં તો—

'અલ્લાહની કસમ! બચ્ચા, ખુદાની કસમ!' એવી ધા સંભળાઇ. જુએ તો પાસેની મઢીમાંથી એક ફકીર દમભર્યો દોડ્યો આવે છે. એના કંઠમાં પીળા પારાની તસબી ઝુલે છે. ડોકથી ઘુંટણ સુધી ઢળકતી પોપટની પાંખ જેવી લીલુડી કફની પહેરી છે. ગરદન પર પથરાએલી માથાની લટો, પાંપણો અને છાતીને ઢાંકતી દાઢી, એ તમામના સફેદ રેશમી વાળ આ દરવેશની જઇફીને ખુદાઇ નૂર દઈ રહ્યા છે.

'સાંઇમૌલા!' મકરાણી કચવાતે અવાજે થંભી ગયો.

'બચ્ચા! ફકીરની ઝુંપડી સામે?'

મકરાણી શરમીંદો બન્યો.

'દઈ દે મને'! પરવરદિગાર જીવાડશે તો મહેનત કરી જોઈશ. આપી દે ભાઇ!'

ફકીરે પંખીને પોતાની છાતીએ લઈ લીધું. મઢીમાં

લઈ ગયો. એના માયાળુ હાથ પક્ષીની કાયા ઉપર લપેટાવા લાગ્યા. જખમ પર મલમપાટા કર્યા. ધીરેધીરે પક્ષીને આરામ થવા આવ્યો. રમતુંકુદતું થઇ રહ્યું. કુતરાં, બીલાડાં, કબુતર અને પોપટ મેના વગેરેની એ દરવેશની રિયાસત વચ્ચે, મઢીના ચોગાનમાં, ઘટાદાર લીમડાને છાંયડે એ કુંજડું પણ ખેલવા લાગ્યું. એક પાંખ તુટી જવાથી ઉડવાની શક્તિ નહોતી રહી.

એક વરસ વીતી ગયું. બરાબર બીજો ભાદરવો બેઠો. આકાશને માર્ગે દેવદૂતોનાં વિમાન જેવાં કુંજડાંઓ પાછાં પંક્તિ બાંધીબાંધીને કલ્લોલ કરતાં નીકળવા લાગ્યાં, અને દરવેશને આંગણે ઉભેલું એકલવાયું પક્ષી પોતાની ડોક લંબાવી લંબાવીને આકાશનાં એ સ્વજાતીલાંની સામે જોવા લાગ્યું. એમ દિવસો પર દિવસો ગયા.

એક દિવસ સાંજ પડે છે. આભમાં કુંજડીઓ ચાલી જાય છે. ધરતી ઉપરનું પંખી ઉંચે જોઇજોઇ ડોકને થકવી રહ્યું છે. એને ચણ ભાવતી નથી. ફકીર એ પ્યારા બાળકને પંપાળે છે.

એકાએક એ પંખીએ ગરદન લંબાવીને ગગનમાં અવાજ દીધો. અને કેમ જાણે કોઇએ હોંકારો દીધો હોય તેવો તીણો મીઠો સાદ ઉપરથી આવતો સંભળાયો. બીજી જ ક્ષણે કુંજડાંનું ટોળું જરા નીચે આવતું દેખાયું. એ આખા વૃંદમાંથી જુદું પડીને એક જણું સાદ ઉપર સાદ કરવા લાગ્યું. નીચેની કુંજડી ફકીરના હાથમાંથી છુટીને સામા પડઘા દેતી કુંડાળું કરવા લાગી. ઉપરનું પક્ષી ભોંય પર ઉતર્યું. બંને જણાંએ કોઇ અપૂર્વ આવેશમાં આવીને સામસામી દોટ દીધી. બંને સામસામાં અથડાયાં. બંનેની લાંબી ગરદનો પરસ્પર બાથ લઇને એકબીજાંને વીંટળાઇ વળી. તરતજ બંને સફેદ શરીરો ધરતી પર ઢળી પડ્યાં ! ન હલ્યાં કે ન ચલ્યાં. આલીંગન અમર થઇ ગયું !

દરવેશે એ બંનેને સાથે જ દફનાવી, ઉપર નાનકડી કબર ચણાવી લીધી.

[હડાળા દરબારશ્રી વાજસુર વાળાએ કહેલી આ સાચી બનેલી ઘટના છે. ઘણુંકરીને તો એમના ગામ ખજુરી પીપળીઆમાં જ. સ્વ. કલાપીએ ' કન્યા અને ક્રૌંચ 'નું કાવ્ય આ વસ્તુ પરથી રચેલું એમ દરબારશ્રી કહે છે.]

૨




એ શીકારીનું નામ સોન્જો હતું. જાપાન દેશના મ્યુત્સુ તાલુકામાં તામુરા-નો-ગો નામે ગામડાનો એ રહેવાશી હતો. શીકાર કરીને ગરીબ સોન્જો પોતાનું પેટ ભરતો. એક બાજ, એક કામઠી અને તીરનો એક ભાથો, એટલી જ સોન્જોની દોલત હતી.

એક ખભા પર બાજ પક્ષીને બેસાડી, બીજે ખભે કામઠી પરોવી એક દિવસ સવારે સોન્જો પોતાનો ભક્ષ શોધવા નીકળ્યો. સવારથી સાંજ સુધી ભુખ્યો ને તરશ્યો એ જાપાનનાં પહાડી જંગલોમાં ઝાડવે ઝાડવે ભટક્યો. પણ શીકાર હાથમાં આવ્યો નહિ. નાનકડી સોપારીને પણ ઉડાવી દે તેવા, તીરંદાજી પર જામેલા એના બંને હાથ સંધ્યાકાળે થાકીને લોથ થઇ ગયા. ઉદાસ વદને સોન્જો ઘર ભણી વળ્યો.

ઘેરે જતાંજતાં રસ્તામાં આકાનુમાના અરણ્યની નદી આવી. છલોછલ ભરેલી નદીનાં શાંત પાણી ઉપર આથમતી સંધ્યાનાં તેજ નૃત્ય કરતાં હતાં. કોઇ કોઇ ચાંદરણું આકાશમાં બેસીને આંખોના પલકારા મારતું હતું. કિનારે ઉગેલા ઉંચા ઉંચા ઘાસમાંથી મ્હેકતો વાયુ મંદ મંદ વાતો હતો, અને એના સ્પર્શથી જાણે કે નદીનાં નીર સ્નેહભાવે કમ્પવા લાગતાં હતાં.


આવી નિર્જન જગ્યાએ, નદીના હૈયા પર બે પંખી તરતાં હતાં: એક હંસ, બીજી હંસણી. ફિરસ્તાના પોશાક જેવી સફેદ એ બેઉની કાયાઓ હતી. ચાંચમાં ચાંચ પરોવીને એ નરમાદા અબોલ પ્રીતિ કરતાં હતાં.

સોન્જોએ આ સુખી જોડલીને આનંદમાં મશગૂલ ભાળી. હંસને મારવાં એ તો મહા હત્યા કહેવાય ! ઘડીભર સોન્જોનું હૈયું થડકથડક થવા લાગ્યું. પરંતુ પેટમાં ભુખ કકડીને લાગી હતી. ઘેર જઇશ તો મારાં બચ્ચાંને ખાવા શું આપીશ ? એ બધું એને



એલડી

ફકીરે પંખીને પોતાની છાતીએ લઈ લીધું.
[કુમાર : માગશર'૮૨]



રેખાચિત્ર:
રવિશંકર પંડિત

ચાંદોદ-કરનાળી પાસેનું એક દૃશ્ય

સાંભરી આવ્યું. ખભેથી કામઠી ઉતારી તીર ચડાવ્યું. તીર છુટીને પેલી તરતી જોડલીમાંથી એક પંખીને છાતી સોંસરવું વીંધી ગયું. બીજું પંખી તીણી ચીસ પાડીને સામા કિનારાના ઘટાદાર લીલા ઘાસમાં અલોપ થઇ ગયું. તરફડતા હંસની ડોક મરડીને સોન્જો એને ઘેર ઉપાડી ગયો.

નદીનું પાણી લાલ થઇ ગયું.

રાત પડી. હંસના માંસ વડે પોતાની જઠરાગ્નિ શમાવીને સોન્જો સુતો. ઘસઘસાટ ઉંઘ આવી ગઇ.

ઉંઘમાં સોન્જોને સ્વપનું આવ્યું: જાણે એક મહા સ્વરૂપવાન સ્રી એની ઝુંપડીમાં દાખલ થાય છે. હંસની પાંખો જેવાં શ્વેત–સુંદર એનાં વસ્રો છે. કરમાતા ગુલાબના ફુલ જેવું એનું મોં છે. ધીરે પગલે એ આવી;— સોન્જોના બિછાના સુધી આવી. એના ઓશીકા પાસે ઉભી રહી. સોન્જોની સામે એની મોટીમોટી, કાળી કાળી બે આંખો ટગમગી રહી, અને પછી બંને આંખોમાંથી આંસુની ધાર ચાલી. ધ્રુશકા મુકીને એ રડવા લાગી. સોન્જોને લાગ્યું કે જાણે એના વિલાપ–સ્વર સાંભળીને પોતાની છાતીમાં ચીરા પડતા જાય છે. પછી એ સુંદરી ઠપકાભરી આંખે બોલવા લાગી:

'શા માટે,—ઓ! શા માટે તેં એને મારી નાખ્યા? એ બિચારાએ તારો શો અપરાધ કર્યો હતો? આકાનુમાની નદી પર અમે બંને કેવાં સુખી હતાં!—અને તેં એને મારી નાખ્યા!... તારૂં એણે શું બગાડ્યું હતું? અરે, તને ખબર છે કે તેં આ શું કર્યું છે? તેં આ કેવું ઘોર, કેવું ઘાતકી કૃત્ય કર્યું તેનું તને ભાન છે? એને મારીને તેં મને પણ મારી નાખી છે. હે હત્યારા માનવી? મારા સ્વામી વગર હું નહિ જીવી શકું. . . . . બસ, બસ. તને ફક્ત આટલું કહેવા જ હું આવી હતી. ભાઇ, તારૂં સારૂં થાજો!'

આટલું કહીને ફરીવાર એ રડવા લાગી, ચોધાર આંસુ વરસાવવા લાગી. ડુસ્કાં ભરતીભરતી એ ગીત ગાવા લાગી:

પિયુ, સાંજ પડી ને ઘેરે આવ્ય
ટળવળતી આ દેહડી;
તારે ઘડી એક મોડું થાય
તુટે મારી બેલડી.

પિયુ, પોઢચો તું સમદર હેઠ
બેઠી હું એકલડી;
એવી રજની કેમે નહિ જાય
સળગી રે જાને સેજડી.

ગીત એના ગદ્દગદ્દ કંઠમાં થંભી ગયું. ફરીવાર એ બોલવા લાગી, 'હાય રે! તું નથી સમજતો—નહિ સમજી શકે—કે તેં આ શું કર્યું છે! પણ આવતી કાલે તું આકાનુમા આવે ત્યારે તું જોજે . . . તું જોજે . . .'

આટલું કહી, ચોધાર રડી એ ચાલી ગઇ.

સવારમાં જ્યારે સોન્જો જાગ્યો ત્યારે આ સ્વપનુ એના સ્મરણમાં એટલું બધું તાજું હતું કે એના હૃદયમાં અત્યંત વ્યથા ઉપડી. એના માથામાં કોઇ હથોડા મારતું હોય તેવા ભણકારા વાગ્યા કે 'આવતી કાલે તું આકાનુમા આવે ત્યારે તું જોજે, તું જોજે!'

ગમગીન સોન્જોએ આકાનુમા ભણી જવા માંડ્યું. નદીને કિનારે જઇને જુએ છે તો સૂર્યોદય વડે ઝળહળતા એ જળની અંદર ગઇ કાલની જીવતી રહેલી હંસણી એકલી ઉદાસ તરે છે. એ જ ક્ષણે હંસણીએ પણ સોન્જોને દેખ્યો. પરંતુ એ ભય પામીને ભાગી ન ગઇ. તરતીતરતી એ સોન્જોની સમીપમાં આવી. સોન્જોની સામે એણે પોતાની તીર જેવી તીક્ષ્ણ આંખો ઠેરવી, અને પછી પોતાની ચાંચ વડે પોતાના દેહનું ચામડું ઉતરડી માંસને ચુંથી નાખી એણે પોતાના પ્રાણ કાઢી આપ્યા!

નદીના રાતા નીર ઉપર એનો ચીરાએલો દેહ, છુંદાએલા કમળ જેવો તરતો ગયો. સોન્જો એ ચાલ્યા જતા શબને જોતો રહ્યો.

. . . . . .

સોન્જોએ માથે મુંડન કરાવ્યું અને દીક્ષા લીધી.

[જાપાની લોકકથામાં ઉતરી આવેલી આ ઘટના સાચી કહેવાય છે.]

ઝવેરચંદ મેઘાણી

ધોળકા તાલુકાના બલદાણા ગામમાં એક તળાવ છે. આ ગામમાં પાણીની ઘણી તાણ હોવાથી તળાવમાં મેઝરમેન્ટથી ખોદેલી ચોકડીઓ કરેલી. ગઇ તા. ૧૫ મીની રાત્રે ત્યાં એકાએક ખુબ ગાજવીજ થઇને ચોકડીઓની બરોબર વચ્ચે એક વીજળી પડી અને તે સાથે જ જમીન ફુટી અંદરથી કુદરતી ઝરણ નીકળી આવ્યું. તે હજી પણ ચાલુ છે. તેમાંથી બે કોસનો પ્રવાહ સતત નીકળ્યા કરે છે.

'ઊંધા' થયા પહેલાં

૧૨
સતારાનાં સ્મરણો

છેક નાનપણનાં સતારાનાં કેટલાંક છુટાંછવાયાં સ્મરણો નોંધવાનું મન થાય છે.

અમારા ઘરના ઓટલાનાં પગથિયાં પર ઉભા રહીએ એટલે જમણી બાજુ દૂર 'અજમ તારા' અથવા 'અજિંક્ય તારા'નો કિલ્લો દેખાતો. એક દિવસ મેં શોધ કરી કે પગથિયા પર ઉભો રહી હું ઉઠબેસ કરૂં એટલે એ ઉંચોનીચો થતો જાય છે! પછી તો મને એ મઝા જોવાનો છંદ જ લાગ્યો. ઉઠબેસ કરૂં ને મોઢેથી 'અ...બ' 'અ...બ' બોલ્યાં કરૂં. 'અ...બ' જ કેમ બોલતો હતો તે હવે યાદ નથી. મેં તરત જ આ મારી શોધ ગોંદુ ને કેશુને જાહેર કરી. પછી તેઓ પણ 'અ...બ' 'અ...બ' કરવા લાગ્યા. પડોશના દરજીના છોકરા નાના અને હરિ પણ આ રમતમાં ભળ્યા. આ આનંદનો શોધક હું છું એ ખ્યાલથી હૈયું ફુલી જતું. શું માનવજાતિના બાલ્યકાલમાં માણસે આવી શોધો કરી હશે ત્યારે તેને આવો જ આનંદ થયો હશે?

મારી બીજી શોધ પણ એટલી જ આનંદદાયક હતી. એક દિવસ બે પગ પહોળા રાખીને ઉભો થયો અને નીચા વળીને બે પગ વચ્ચેથી ઉંધે માથે 'અજમ તારા' જોવા લાગ્યો. માથું ઉંધું હતું એટલે આખી દુનિયા ઉંધી દેખાવા લાગી. દુનિયા ઉંધી દેખાય એની મઝા તો હતી જ, પણ આખું દૃશ્ય વધારે રૂપાળું અને આકર્ષક દેખાતું હતું એ વળી મોટો આનંદ! આપણે રોજ કોઇ દૃશ્ય જોતા હોઇએ એનો ફોટો પાડવામાં આવે ત્યારે તે વધારે સુંદર દેખાય છે. ઉંધે માથે દુનિયા જોઇએ એટલે એ પણ એ જ રીતે કાવ્યમય થઇ જાય છે. 'નવં નવં પ્રીતિકરં નરાણામ્' બીજું શું? ઉંધે માથે લટકનાર ચામાચીડિયાંને દુનિયામાં કંઈ ખાસ કાવ્ય લાગતું હશે એમ દેખાતું નથી. રીતસર આ શોધ પણ મેં જાહેર કરી.

આ આનંદ લુટતાં લુટતાં મને એક વિચાર સુઝ્યો, તે તત્ત્વજ્ઞાનીને સુઝે એવો હતો. આજે પણ મને આશ્ચર્ય થાય છે કે એ ઉમરે એવો વિચાર કેમ સુઝ્યો હશે! ઉંધે માથે દુનિયા જોતો હતો. મનમાં થયું કે આમ દેખાય છે એ અવળું કે ઉભો રહીને જોઉં છું એ અવળું? બધા જ લોકો ઉંધે માથે, પગ ઉંચા કરી, ઝાડ જેવા થઇને ચાલે તો બધાને દુનિયા આવી ઉંધી દેખાય. પછી કોઈ અવળચંડો માણસ પગ પર ઉભો રહે તો એને, આજે આપણને દેખાય છે તેવી દુનિયા દેખાય, અને પછી એ કહે, 'જુઓ દુનિયા કેવી ઉંધી છે! માથા તરફ આકાશ ને પગ તરફ ભૂમિ!' આ વિચાર સુઝ્યો ખરો, પણ એ જાહેર કરવાનું મન ન થયું. મન કેમ ન થયું એ કહેવું મુશ્કેલ છે. બાળકમાં રહસ્યગોપનની વૃત્તિ રહેલી છે એનું એ પરિણામ હશે; અથવા એ વિચાર વ્યક્ત કરવા જેટલી ભાષાસમૃદ્ધિ તે વખતે મારી પાસે નહિ તેથી પણ એમ થયું હશે. ભાષાને અભાવે માણસજાત ઓછું દુઃખ વેઠતી નથી.

મારા પિતાશ્રીને ફોટોગ્રાફીનો શોખ હતો. પેટી જેવા બે મોટા કૅમેરા ઘરમાં હતા. અમને ખુરશી પર બેસાડીને એક કાળું લુગડું માથે ઓઢીને કૅમેરામાં જોતા. એક દિવસ મેં કહ્યું, 'તસવીર ખેંચવાના આ યંત્રમાં શું દેખાય છે એ મને જરા જોવા દેશો?' એમણે મને એક ઘોડી પર ઉભો કર્યો અને માથા પર કાળું કપડું ઓઢાડીને કહ્યું, 'જો આ દુધિયા કાચ પર શું દેખાય છે?' પહેલાં તો મને એવો ખ્યાલ હતો કે કાચમાંથી આરપાર જોવાતું હશે.

પણ તરત જ મેં જોઇ લીધું કે દુધિયા કાચ પર જ છબી પડે છે. પણ અરે, આ શું ? સામેની ખુરશી ઉંધે પાયે દેખાય છે ! અરે, એ જુઓ ! કેશુ ખુરશી પર આવીને બેઠો એ પણ ઉંધે પગે ચાલે છે ! એ જુઓ, મની પણ પુંછડું ઉંચું કરી કેશુના પગે નાક ઘસે છે ! કેશુ જીભ કાઢે છે ને હાથ હલાવે છે. હવે ખબર પડી. સાચી દુનિયા ઉંધી જ છે ! આપણે પગ પર ચાલીએ છીએ તેથી આપણને આવું અવળું અવળું દેખાય છે. સાચું તો આકાશ નીચે છે ને દુનિયા ઉપર છે !

એક દિવસ એક સુકલકડી ડોસો અમારે બારણે આવ્યો અને કહ્યું, ' થોડે' તાક દ્યા. પોટાંત આગ પડલી આહે.' મને થયું કે આ માણસે ભુલથી અંગારા ખાધા હશે, નહિ તો પેટમાં તે વળી આગ શાની પડે ? મેં કહ્યું, 'તને એક લોટો પાણી પાઉં એટલે આગ ઓલવાઇ જશે. મને તાજુબી તો થતી જ હતી કે કેમ કરીને આણે આગ ખાધી હશે ! (શ્રી કૃષ્ણે દાવાનળ ભક્ષણ કરેલો એ વાત તે વખતે હું જાણતો ન હતો.) એટલામાં અંદરથી વિષ્ણુ આવ્યો. એણે ડોસાની વાત સાંભળી અને એને ખાસો એક લોટો છાશ પાઇ. ડોસો આશીર્વાદ દેતો દેતો ગયો. બીજે દિવસે બપોરે આવ્યો ને કહેવા લાગ્યો કે ' પેટમાં આગ પડી છે; છાશ આપો. ' મેં મનમાં નક્કી કર્યું કે ડોસો લુચ્ચો છે. ગઈ કાલે જ એની આગ ઓલવી નાખી છે ને ? મેં એને કહ્યું, ' લુચ્ચા, જા અહીંથી, નહિ તો લાત મારીશ.' પણ વિષ્ણુએ આવીને મને ધમકાવ્યો અને ફરી એને છાશ પાઇ. બીચારો ડોસો ! એની સાચી સ્થિતિ હું જાણત તો હું એનું આવું અપમાન ન કરત; અને એ જો મારૂં અજ્ઞાન જાણત તો એને પણ મારાં વચનનું માઠું ન લાગત. પણ હવે તેનું શું ? ડોસો થોડો જ મને હવે ફરી મળવાનો હતો ?

કાશીભાભીનો મારા તરફ ખાસ પક્ષપાત હતો. મને નવડાવે, ચોખ્ખાં કપડાં પહેરાવે, માથાના વાળનો ચોટલો વાળે, ને કપાળે ચાંલ્લો પણ કરે. એ જોઇને કેશુ ગોંડુ મારી મશ્કરી કરે, ' જો, છોકરીની પેઠે ચોટલો વળાવે છે ને ચાંલ્લો કરે છે ! ' હું રોઈ પડું એટલે કાશીભાભી મને હિંમત આપે ને કહે, ' એ લોકો છો બકતા. તારે એમનું સાંભળવું જ નહિ.' પણ આખરે હું તો કેશુ તરફ જ ઢળી પડચો ને મેં ચાંલ્લો કરવા દેવાની ના પાડી. તે દિવસથી કેશુ મને ગણાનું તિલક કરવા લાગ્યો. અમે સ્માર્ત શૈવ રહ્યા, એટલે અમારૂં તિલક તો આડું જ હોય. મરાઠીમાં તિલકને ' ગંધ ' કહે છે. ' ગંધ ' લગાડીને હું આઇ પાસે ગયો, દાદી પાસે ગયો અને પુછ્યું, ' મારૂં ગંધ કેવું દેખાય છે ? ' એમણે કહ્યું, ' બહુ જ રૂપાળું. ' બસ, હું નાચતોકુદતો દોડચો, ' માઝેં ગંધ છાન, છાન. ' ઇશુ ખ્રિસ્તે કહ્યું છે કે પડતાં પહેલાં માણસને ગર્વ ચઢે છે. તે દિવસે મારૂં એમ જ થયું. પાછલે બારણે આંગણામાં દોડવા ગયો ત્યાં ખાસ્સી ઠોકર ખાધી ને નીચે પડચો. કપાળ પર સરસ ઘા થયો. લોહી વહેવા લાગ્યું. બધાં દોડી આવ્યાં. કોઇ જઇને પિતાશ્રીને બોલાવી લાવ્યું. એમણે ઘા ધોઇ તેના પર મલમપટી ચોડી દીધી. કેશુ કહે, ' જુઓ તો દત્તુનો ઘા. ગુણાકારના ચિહ્ન (×) જેવો છે ! ' એ પણ વળી એક બહાદુરી જ. બધાં જ મારી દયા ખાતાં હતાં; પરંતુ કાશીભાભી તો એટલામાં પણ કહેતાં ભુલ્યાં નહિ, ' જો, ચાંલ્લો છોડી તિલક કરવા ગયો તેનાં આ ફળ. ' પણ એકવાર કાશીભાભીનો પક્ષ છોડચો તે કંઇ ફરી લેવાય ? મેં જરા અક્કડ થઇને કહ્યું, 'ઘા તો શું, પણ માથું ફુટી જાય તો પણ ફરી ચાંલ્લો ન કરાવું. '

પણ મારી જીદનું કે બહાદુરીનું સરસ ઉદાહરણ તો બીજું જ છે. એક દહાડો ઘરમાં સાંબાર પુડ નામનો એક મસાલો તૈયાર થતો હતો. એમાં ટોપરૂં ને ચોખા પણ તવા પર શેકીને તેની ભુકી નાખવાની હોય છે. વિષ્ણુ રસોડામાં જઇને શેકાઇને લાલચોળ થએલા ચોખા ખાવા માટે લઈ આવ્યો. છોકરાઓને આવો કર ન મળે તો ઘરનું કોઈ પણ કામ નિર્વિઘ્ને પુરૂં થાય નહિ એ વાત દુનિયાની બધી માતાઓ જાણે છે ' મેં વિષ્ણુને પુછ્યું, ' તું શું ખાય છે ? મને આપને ? એને શી દુષ્ટ બુદ્ધિ સુઝી કોણ જાણે. વિષ્ણુનો સ્વભાવ અટકચાળો ખરો, પણ દુષ્ટ નહિ. પણ તે દિવસે એને સાચે જ દુર્બુદ્ધિ સુઝેલી.

એક કોથળામાં લાલ મરચાંનાં ધોળાં ધોળાં બીઆં પડેલાં હતાં. તે તરફ આંગળી કરી વિષ્ણુ મને કહે, 'એ કોથળામાં જે છે તે હું ખાઉં છું.' મેં ઉતાવળે ઉતાવળે મુઠી ભરીને મરચાંનાં બીઆં લઈ લીધાં ને મોઢામાં ઓરી દીધાં! વિષ્ણુ આભો બની જોઈ રહ્યો ને કહ્યું, 'કેવાં લાગે છે?' મેં કહ્યું, 'સરસ!' રોવાનું મન તો થયું, પણ મરદ કંઈ એમ હારી જાય? મોઢામાં નાખેલાં બધાં બીઆં બની શકે તેટલું ટાવકું મોઢું રાખી ચાવીને હું ગળી ગયો અને રણ જીત્યો! બીજે દિવસે શૌચ જતાં શી મુશ્કેલી નડી તે તો મારા જેવો મરચાંબહાદર જ જાણી શકે.

અસ્પૃશ્યતાનો ખ્યાલ મને પહેલવહેલો ક્યારે આવ્યો એનો વિચાર કરતાં નીચેની બીનાઓ યાદ આવે છે. એક દિવસ બપોરે બે વાગે કેશુ નિયમ પ્રમાણે નીશાળે જવા ઉપડ્યો. એ જમાનામાં બધા જ છોકરા ટોપી પહેરતા નહિ. કેટલાક ફેંટો પણ પહેરે. કેશુનો ફેંટો કાળો હતો ને એમાં સફેદ ટપકાં હતાં. નીશાળે ગયાને ચાર છ મિનિટ પણ નહિ થઈ હોય એટલામાં એ દફતર લઇને પાછો આવ્યો. દાદીએ પુછ્યું, 'પાછો કેમ આવ્યો?' તો કહે, 'નીશાળે જતાં રસ્તા પર ગધેડું અડી ગયું એટલે નહાવા પાછો આવ્યો છું.' દાદીએ તરત જ થોડું પાણી ગરમ કર્યું, એનાં કપડાં પલાળ્યાં અને એને નવડાવ્યો. ગધેડાને અડકાય નહિ, અડાય તો નહાવું પડે, એનો આ મારો પહેલો પદાર્થપાઠ.

તે જ દિવસે સાંજે મને જાંબુ ખાવાનું મન થયું, એટલે આઇએ મને મહાદુના ખભા પર બેસાડી બજારમાં મોકલ્યો. પૈસા મારા હાથમાં તો આપે જ શાના? તે તો મહાદુ પાસે જ હતા. જાંબુ પણ ઘેર આવ્યા પછી જ ખવાય, રસ્તામાં નહિ. હું માધુના ખભા પર સવાર થઈ બજારે ગયો. મેં જાંબુ પસંદ કર્યાં તે મહાદુએ ખરીદ્યાં. અમે પાછા આવતા હતા એટલામાં રસ્તે વિષ્ણુ મળ્યો. મેં એને કહ્યું, 'મને તરશ લાગી છે.' એ અમને એક ગોળ હોજ આગળ લઇ ગયો. હોજની ચારેકોર જાતજાતનાં પ્રાણીઓનાં મોઢાંમાંથી પાણી વહેતું હતું. એક તરફ માણસ, એક તરફ ગાય, એક તરફ સિંહ, એ પ્રમાણે. મારા મનમાં વિચાર આવ્યો, માણસના મોઢામાંથી પાણી આવે છે એ તો એઠું ગણાય. એટલે મેં આગળ જઇને ગાયના મોઢામાંથી નીકળતું પાણી પીધું. એટલામાં તો વિષ્ણુએ બુમ પાડી, 'અરે, આ તેં શું કર્યું? એ બાજુએ તો મહાર લોકો પાણી પીએ છે! એ ચકલીને તો અડાય પણ નહિ.' મારી જીંદગીનો એ પહેલો સામાજિક ગુન્હો. વીલું મોઢું લઇ હું ઘેર આવ્યો. પછી મારે અને મને ઉચકી લાવનાર મહાદુને બંનેને નહાવું પડ્યું. મેં મનમાં નક્કી કર્યું, જેવાં ગધેડાં તેવાં મહાર. બંનેને અડકાય નહિ.

મારો આ રીતે કેળવેલો સ્પર્શાસ્પર્શ ભાવ પંઢરપુર ગયા પછી મોળો પડ્યો. પણ તેનું વર્ણન અહીં ન કરૂં.

અમારી નીશાળને રસ્તે ટપાલ ઑફિસ આવતી હતી. તાર ઑફિસ પણ એની સાથે જ હતી. તાર ઑફિસનો એક તાર પાસેના પાણીના હોજમાં રાખ્યો હતો. ડાંગ્યા કરીને એક મુસલમાન છોકરો અમારે પડખે રહેતો હતો તેણે મને પહેલવહેલું કહ્યું કે આકાશમાંથી જ્યારે વીજળી પડે છે ત્યારે આ તારમાં ઉતરી પાણીમાં સમાઈ જાય છે. આ તાર ન હોય તો મકાન બળીને ભસ્મ થઈ જાય. એક દિવસ શાળામાં કંઇ ઇનામનો મેળાવડો હશે. અમને એકડિયાંવાળાને આવવાની હેડમાસ્તરે મનાઇ કરી હતી. મને થયું, આપણને ઇનામ ભલે ન આપે, પણ જોવાની મઝા તો મળશે. હું સરસ રેશમી જામો અને પોપટવાળી ટોપી પહેરીને નીશાળે ગયો. પણ મને કોઇ અંદર જવા જ ન દે. હેડમાસ્તર પોતે જ બારણે ઉભા હતા. મેં કરગરીને એમને કહ્યું, 'મને ઇનામ નહિ મળે તો અંદર રોઇશ નહિ, પણ મને જવા દો!' પણ તેઓ એકના બે ન થયા. મને પાછો કાઢ્યો. પાછા વળતા હૈયું ભરાઇ આવ્યું. પણ રસ્તા પર રોવાય જ કેમ? ઘેર આવતાં પગ ઉપડતા ન હતા. હેડમાસ્તર અને નીશાળ પર સારી પેઠે ચીડ ચડી હતી. હું ટપાલ ઑફિસને બારણે પગથિયા પર બેસી ગયો. કેટલોય વખત સુધી બેઠો હઇશ. ચીડ કેમ કઢાય? એક વિચાર મનમાં આવ્યો. અમલમાં મુકવાનું મન થયું. પણ સાથેસાથે મનમાં બીક પણ

એટલી જ હતી. લાંબા કાળ સુધી 'ભવતિ ન ભવતિ' કરી આખરે હામ ભીડી, નિશ્ચય કર્યો, આમતેમ જોઈ લીધું, મનની બધી ચીડ ભેગી કરી નિશ્ચયને ટેકો આપ્યો. પછી ધીમે રહીને રસ્તા પરથી એક કાંકરો ઉપાડી લીધો અને ઝટ દઇને ટપાલની પેટીમાં નાખી દીધો! મરાઠીમાં કહેવત છે, ' ભીત્યા પાઠીં બ્રહ્મરાક્ષસ.' મેં કાંકરો નાખ્યો ને રસ્તા પરનો એક માણસ મારી પાસે આવીને ઉભો ને મને પુછ્યું, 'અલ્યા તેં અંદર શું નાખ્યું ?' શો જવાબ આપવો તે મને સુઝ્યું નહિ. હોઠ હલાવ્યા. એટલામાં ડહાપણ સુઝ્યું કે આવે પ્રસંગે હોઠ હલાવવા કરતાં પગ હલાવવા એ જ સારૂં. ત્યાંથી જે દોટ મુકી, તે કાંકરા-બહાદર ઘેર આવીને ઉભા!

મધપુડા પાસેથી] **દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**



ચોટલી

બ્રાહ્મણનો હું બેટો, મારી લાંબીલાંબી ચોટલી,
કોઈ કહે કે નારદ આવ્યા ઉભી એવી ચોટલી;
પૂજા કરવા બેસું ત્યારે બાંધું મારી ચોટલી,
બકરી ને બાળકને મારૂં ચાબુક જેવી ચોટલી.

ભાર ઉપાડું વાંસે ત્યારે બાંધું સાથે ચોટલી,
ડસ્ટર માટે ચાલે એવી મોટી મારી ચોટલી;
ટેબલખુરશી ઝાપટવાને રાખી માથે ચોટલી,
માખી મચ્છર ચાંચડ આદિ ઉડાડવાને ચોટલી.

ચોર પકડી કાંડે બાંધું જોરથી હું ચોટલી,
ફાંસી દેવા ગરદન પર હું ખેંચું મારી ચોટલી;
કુવે નાખું પાણી ભરવા ડોલ બાંધી ચોટલી,
ઘટકુડો માથે લેવા ઇંઢોણી ચાલે ચોટલી.


રાતે પોઢું ત્યારે જોડું તાર સરખી ચોટલી,
તાર મળે કે ઝટપટ ઉઠું ખેંચાએ જો ચોટલી;
અંધારામાં પોલીસ પકડે ભૂત ધારી ચોટલી,
ભડકે બાળક રાતે જોઈ સાપ સમાણી ચોટલી.

મુલ્લાંજીની દાઢી મોટી મારી મોટી ચોટલી;
ભુલ કરી વાણંદે ભાઈ કાપી નાખી ચોટલી.
રોજ ટકાનું તેલ પાઇ ઉગાડી મેં ચોટલી,
જોઇએ તો હું કટકો કાપી આપું મોંઘી ચોટલી;

લાંબી લાંબી, લાંબી લાંબી, લાંબી મારી ચોટલી,
દેવોને યે દુર્લભ, બાપુ! દેખો મારી ચોટલી.



જયશંકર મહેતા




વૌઠાનો મેળો

પ્રત્યેક કારતકી પુનમે ગુજરાતનાં ત્રણ સ્થળો ઉપર ગંજાવર મેળા ભરાય છે. કુમારિકા સરસ્વતીને તીરે સિદ્ધપુરમાં, ગુજરાતની ગંગામૈયા સમી નર્મદાને કિનારે શુક્લતીર્થમાં, અને યમુના સરીખી સાબરમતીને આરે વૌઠા ગામમાં. ત્રણે તીર્થોમાં સ્નાન-મહિમા એજ મેળાનું આકર્ષણ છે. બાકી ત્યાં કુદરતના સૌંદર્ય સિવાય અન્ય કોઈ પ્રભાવશાળી દેવ-પ્રતિષ્ઠા નથી દીસતી. અને કુદરતની રમણીયતા કરતાં વધુ જીવન્ત પ્રતિષ્ઠા બીજી કઈ હોઇ શકે ?

વૌઠા જવા માટે ધોળકા સ્ટેશને ઉતરાય છે. એક સમયે ધોળકા તો મોટું નગર હતું. ગુજરાતની મુસલમાન બાદશાહીના નેજા ત્યાં ફટકતા હતા. પુરાણી મસ્જિદો અને મકરબાના મિનારાઓ એ વાતની યાદ કરાવે છે. ઉપરાંત મુસ્લીમ અમલથી યે જુના કેટલાએક બહુસ્થંભી મંડપો ત્યાં ઉભા છે તેની સાથે તો હિન્દુઓએ પાંડવોની નીશાળ વગેરે પાંચ હજાર વર્ષ પૂર્વેની વસ્તુઓ જોડી દીધી છે ! એવા મિથ્યા ભ્રમો કરાવતી એ બધી પ્રાચીનતા તો જોતજોતામાં નાબૂદ થઇ જશે, પણ ધોળકા નગરીના એ ધ્વંસ વચ્ચે—ઇતિહાસના કબ્રસ્તાનની અંદર, એક અજરામર વસ્તુ ઉભી છે. એનું નામ મલાવ સરોવર.

ધરતી માતાને કંઠે ઝુલતા રત્નહાર જેવું ગોળાકાર, રમ્ય એ સરોવર માટીની આંખે નીહાળતાં તો પાળ ઉપર ઉભેલા એક નાનકડા મકાનને લીધે લગાર બેડોળ લાગે છે. એની કલાત્મક આકૃતિ એ મકાનને લીધે ખંડિત બની છે. પણ આત્માની આંખોને તો એ મકાન કોઈ રત્નહારમાં મઢેલા કૌસ્તુભમણિ જેવું દીસે છે. એ તો પેલી ગુણિકાનું ઘર. ગુર્જરેશ્વરી માતા મીનળદેવીએ તળાવની પાળ નાખી ત્યારે એ ઘર આડે આવ્યું હતું. ચાહે તેટલા બદલાની માગણીને પણ ન ગણકારતાં પેલી વેશ્યા પોતાના વ્હાલા ઘરને વળગી રહી. અને ગુર્જર અધીશ્વરીએ સરોવરના સૌંદર્યને ભોગે પણ પ્રજાની એ અદના વારાંગનાનું ઘર અનામત રહેવા દીધું. એ વેશ્યા-ગૃહ મટીને ન્યાયનું સ્મરણચિહ્ન બન્યું છે.

એની યાત્રા કરીને તેરશ ચૌદશની ચાંદનીમાં તમે ગાડાની મુસાફરી માંડો. વૌઠા ત્યાંથી પાંચ ગાઉ થાય. પણ એ દિવસોમાં તો પાંચ ગાઉના રસ્તા પર મહા



નગરીની જાણે બજાર બની રહે છે. ધર્મઘેલડી લોકજનતા દરિયાની ભરતી જેવી ત્યાં છોળો નાખે છે. આખી વાટ મસ્ત ગીતો વડે, ગાડાંના ધમધમાટભર્યા વેગ વડે અને બળદને ગળે ઝુલતી ઘંટડીઓના રણકારથી સજીવન બની રહે છે.

ચૌદશની ચાંદનીમાં તરબોળ ભીંજાતી રાત્રિએ ગુજરાતના લાંબાલાંબા ગાડામાં સુનાંસુતાં મુસાફરી કરવાની બાદશાહી ઓર છે. ધોળકાથી વૌઠા સુધી યાત્રાળુઓની અખંડિત ધારા વહે છે. ભીમસેની બાંધાનાં પચીસપચીસ સ્ત્રીપુરુષોને પોતાની પીઠ પર ખડકીને ગુજરાતના ધોળા, ઉંચા, મહાદેવના નંદી જેવા બળદો, મોટા તોરથી પોતાના ગળાની ઘુઘરમાળ ધમકાવતા દોડ્યા જતા હોય છે. કૈંક જોધારમલ્લો બબ્બે કડિયાળી ડાંગો નાખી ડાંફો દેનાદેના પંથ કાપતા હોય છે. ગાડાંમાં બેઠેલા ટોળે વળીને દુહા લલકારતા હોય; તેનો પડછંદો પગપાળા જુવાનો એકસામટા દે. સ્વરો ખુબ લંબાય ને મીઠા લાગે. રસ્તામાં શ્વેતવર્ણી ઝીણીઝીણી રજના ડમ્મર ચડે અને ગાડાં ઉંચે ચડી નીચે પટકાય.

સાબરમતી અને વાતર એ બે નદીઓના સંગમ-સ્થળની સમીપે, નદીને કિનારે અને નદીના પટની વેળુમાં વિરાટ જનતા પથરાઇ જાય છે. સેંકડો ગાડાં ખીચોખીચ છુટે છે. ગાડાંની અંદર, નીચે અને ઓથમાં પચાસેક હજાર માણસ પડ્યાં હોય છે. જાણે કોઇ દેવતાઈ નગર એક રાતમાં રચાઈ ગયું હોય ને! કહે છે કે હમણાં તો દુકાળવર્ષ છે, નહિ તો ઓછામાં ઓછું એક લાખ માણસ ત્યાં ઉતરે છે.

ગુજરાત એટલે તો પ્રકૃતિનો સુંદર વિહારમંડપ. એની મદમાતી નદીઓ બે કાંઠે વહેતી હોય. પણ આજે દૈવ રૂઠ્યો છે. ગુજરાતની ધરતીમાંથી અમી ઓસરી ગયાં છે. નદીઓનાં વ્હેન તુટ્યાં છે. સાબરમતી ક્ષીણ પ્રવાહે ચાલી જાય છે. વાતરમાં તો વેકરો જ ઉડે છે. બંને નદીઓની મોટી ભેખડો અને પહોળા પટ પરથી કલ્પના કરીએ તો જાણે કે એના સંગમનીરના ઘેરા ઘુઘવાટા સંભળાય છે. પરંતુ અત્યારે તો સંગમ જ નથી રહ્યો !

લોકો નહાય છે, મંત્રો ભણે છે, પાણીના વ્હેનમાં



શ્રી ઝવેરચંદ મેઘાણી

સળગતા દીવા તરતા મેલે છે, અને સાબરમતી જાણે એ જ્યોતો લઇને સાગરરાજની આરતી ઉતારવા જતી દેખાય છે. લોકો બ્રાહ્મણોને સાધાં દઇદઇ લાડુ જમાડી રહ્યાં છે; ફજેતફાળકા અને ચકડોળની મોજ ઉડાવી રહ્યા છે; હાટડીઓમાંથી ખરીદી કરી રહ્યા છે. રાત્રિએ નહિ જેવાં ભજન કીર્તનો કે ગરબા ગરબીઓની જમાવટ સંભળાય છે. બાકી તો આંટા દીધા સિવાય બીજો કશો આનંદ જડતો નથી. જનતાએ પોતાના જીવનના અસલી વિનોદો ને રસો ગુમાવ્યા છે. નવા યુગનાં નાટકચેટકો તરફ એ ખેંચાય છે. નિર્મળ આનંદની સામગ્રી લઇને શિષ્ટ વર્ગ હજુ ત્યાં આવી પહોંચ્યો નથી.

§

મેળાની મેદની વચ્ચે ધોળકાના ઉત્સાહી કાર્યવાહક ડાહ્યાભાઈ પટેલની સરદારી નીચે એકઠા થએલા સવાસો સ્વયંસેવકોની છાવણી પડી હતી. વચ્ચોવચ ત્રિરંગી રાષ્ટ્રધ્વજ ફરકતો હતો. તેની નીચે મહાત્માજીની છબી હતી. ચોપાસ રાવટીઓ ખેંચાઇ હતી. દિવસ અને રાત આ સ્વયંસેવકો થોડેથોડે અંતરે મેળામાં ખડે પગે ચોકી દેતા હતા. રાતના ચારે પહોરની આલબેલો 'વંદે માતરમ્' શબ્દથી પુકારી રહ્યા હતા.

નીંદર કરતા યાત્રાળુઓને ચોરવા આવનારા બદમાશોને આ જુવાનો ઝાલતા હતા. સ્ત્રીપુરુષોની મરજાદ લોપાતી હોય ત્યાં જઈ નાનકડો સત્યાગ્રહ કરતા હતા. અને પેલા ચકડોળવાળાઓ સ્ત્રીપુરુષોને એકસાથે એક જ બેઠકમાં બેસાડી પોતાનું આકર્ષણ વધારી રહ્યા હતા, તેની એ પ્રથા અટકાવવાનો યત્ન કરવા જતાં યુવકોને માર પણ પડેલો હતો. એ તમામ સેવા માંહેની વધુ દિલ પીગળાવનારી સેવા તો નાનકડાં, રસ્તો ભુલેલાં, માબાપથી વિખુટાં પડેલાં બાળકોની સંભાળ લેવાની હતી. ભીડાભીડમાં ડાંગોનો દુર્ગ કરીને સ્વયંસેવકો એવાં નિરાધાર બાળકોને છાવણીમાં લાવતા. પારેવડાં જેવાં ચીસો પાડતાં બચ્ચાંને ખાવાનું આપી, ખોળે લઇ, પંપાળી શાંત કરતા, અને માબાપો તો છ છ વરસના અનુભવ પરથી 'છોકરૂં મહાત્મા ગાંધીની છાવણીમાં જ હશે' એવી શ્રદ્ધાએ ત્યાં શોધવા પહોંચી જતાં. સંગમના ધરામાં ડૂબી જતા એક બાળકને બચાવી લેનાર પણ સ્વયંસેવક જ હતો.

પણ આ પચાસ હજારની મેદનીમાં એ સવાસો સ્વયંસેવકો શા હીસાબમાં ? પરંતુ વધુ સંખ્યાને બોલાવવાનો અવકાશ નથી. સવાસો જણા ત્રણ દિવસના આહાર માટે પણ આકાશવૃત્તિ પર નભે છે. સ્થાયી કોઇ ભંડોળ નથી. સ્વયંસેવકોને આઠ-આઠ દિવસ વહેલા બોલાવી તાલીમ દેવાની જરૂર છે. વરસોવરસ નવા બીનકેળવાએલા યુવકોને બદલે પ્રત્યેકવાર એના એ તાલીમબાજ તરુણો હાજરી આપે ને સંખ્યા પાંચસો જેવડી થાય તો જ બંદોબસ્ત સંપૂર્ણ થઇ શકે.

§

અજાણ્યાં અને તરેહતરેહની પ્રકૃતિવાળાં પચાસ હજાર માનવીઓ પોતાના પશુસ્વભાવને ઘેર જ મુકી આવી બે દિવસ સુધી આટલી સાંકડી જગ્યામાં સંપીજંપીને રહી શકયાં, એ માનવ-જાતિના પ્રાણના ઊંડાણમાં અખંડ વહેતા બંધુતાના ઝરાની એંધાણી



વિખુટાં પડેલાં બાળકોને સંભાળતો સ્વયંસેવક

ગણાય. કંકાસનો ગંભીર મામલો ત્યાં જામ્યો નહોતો. જુગાર અને સુરાપાન સદંતર ગેરહાજર હતાં. જુગાર બંધ કરાવવાનો મોટો જશ સ્વયંસેવક ભાઇઓને મળ્યો છે. લોકો સ્વયંસેવકોની આમન્યા પાળીને વર્તતા હતા. લોકોમાં ધીરેધીરે આત્મભાન આવતું થયું છે કે મેળામાંથી બળાત્કારે વેઠે પકડી જનાર, ખોવાએલાં બાળકોને મેળામાં ચગદાઇ જવા દેનાર અને હાથ લાગે તો પાછાં સોંપવામાં યે પૈસા પડાવનાર સરકારી દરબારી પોલીસખાતા કરતાં આ સ્વયંસેવકસેના તો ઉલટી જ નીતિ આચરનારી છે. સ્વયંસેવકોની નિઃસ્વાર્થતા સામે લોકો સહેજે નમે છે.

ગયે વર્ષે તો ધોળકા-વૈઠાની સડક તદ્દન તારાજ થઇ ગએલી હોવા છતાં તે પર ચીલાવેરો ચાલુ હતો; તે વસુલ ન દેવા ખાતર સ્વયંસેવકોએ જુદો કેડો તૈયાર કરી કાઢેલો. એમના એ નૈતિક વિરોધની મક્કમતાને પ્રતાપે જ આ વખતથી સડક સુધરે નહિ ત્યાં સુધી વેરો રદ કરવાનું લોકલબોર્ડે ઠરાવ્યું છે. આ રીતે સ્વયંસેવકમંડળ આપણા લોકવર્ગ અને શિષ્ટવર્ગ વચ્ચે પડી ગએલી ચીરાડ ઉપર રેવણ કામ કરી રહ્યું છે; લોકહૃદયમાં શિક્ષિત સમુદાયની સારી છાપ પાડી રહ્યું છે.

આડે દહાડે તો લોકોના નિત્ય-જીવનમાં તાત્કાલિક સેવા કરવાના અવસરો નથી હોતા. હોય છે તો તેની તાત્કાલિક અસર નથી. કેમકે લોકવર્ગને સ્વયંસેવકનું પુણ્યકાર્ય જોવાની નવરાશ જ ન હોતી. પણ મેળામાં તો પોતાનાથી વિખુટા પડેલા



વૈઠાના મેળામાં આવેલી આમપ્રજા

પ્યારા બાળકને પાછું પોતાના હૈયે ચાંપતી વખતે, કયાં માવતર એવાં હોય કે જેને એ બાળકના ઉગારનાર પ્રત્યે આભારવૃત્તિ ન છુટે ? એનાં પાયખાનાં સાફ કરનાર, એના જાનમાલની ચોકી કરી સુખે જંપવા દેનાર અને પ્રહારો ખાઇને પણ એને જુગાર, દારૂ કે બેઅદબીમાંથી બચાવવા મથનાર સ્વયંસેવક ઉપર એ લોકહૃદય આપોઆપ જ ઢળી પડયા વિના રહેશે નહિ. દિલેદિલની આવી પીછાન, અહેશાનમંદી અને તડજોડ પ્રથમ મેળામાં થશે. પછી જ ગામડાંમાં થશે. પ્રજાકીય લાગણીઓ સર કરવાના પ્રથમ કિલ્લા મેળાઓ છે.

અને મેળા એટલે તો લોકજીવનના અરીસા. પ્રજાના આત્માનું પ્રતિબિમ્બ ત્યાં પડે છે. ઉલ્લાસે ચડેલાં નરનારીઓ પોતાનું ખરેખરૂં સ્વરૂપ ત્યાં પ્રગટ કરી બેસે છે. એ તો એક જાણે મહાન કિતાબ ખુલ્લી થાય છે. જેણે કેવળ પુસ્તકોનાં પાનાંમાં જ અને રેલગાડીની બારીઓમાંથી જ દુનિયા જોઇ છે, તે નીશાળીઆઓને તો મેળાઓ મોટા અભ્યાસની સામગ્રી પુરી પાડે છે.

ઝવેરચંદ મેઘાણી



કેટલાક અનુભવો


[સ્કાઉટિંગ]

એક વખત કેટલાક સ્કાઉટની પરીક્ષા લેતાં 'કૅમ્પ ચીફે' સવાલ પુછ્યો, 'કાંઇ પણ સાધન વિના તમે જંગલમાં અંધારી રાતે ભુલા પડો તો શું કરો?'

એક સ્કાઉટે કહ્યું, 'સપ્તર્ષિના તારા ઉપરથી ધ્રુવનો તારો જાણી લઇ ઉત્તર દિશા શોધીને રસ્તો કાઢું. *

બીજો—દેવયાની નક્ષત્ર પરથી ઉત્તર દિશા શોધું. *

ત્રીજો--શંકરનું દહેરૂં અથવા શિવલિંગ હોય તો તેની જળાધારીનું મુખ ઉત્તર દિશા તરફ હોય અને દેવાલય ઘણે ભાગે પૂર્વાભિમુખે હોય તે ઉપરથી દિશા શોધી કાઢું.



ચોથો---હોકાયંત્ર ઉપરથી. આ પ્રમાણે અનેક જવાબ મળ્યા ત્યારે ચીફે કહ્યું, 'પણ ઘનઘોર રાત્રી હોય, નક્ષત્રો કે તારા બીલકુલ દેખાતા ન હોય, નજીકમાં શિવાયલ ન હોય કે પાસે હોકાયંત્ર ન હોય તો શું કરો? બધા મુંઝાયા. કોઇને જવાબ જડ્યો નહિ. એવામાં એક હાજરજવાબી સ્કાઉટ બોલ્યો, 'ઝાડ ઉપર ચડી આખી રાત ત્યાં જ પસાર કરૂં અને સવારે રસ્તો શોધી કાઢું.'

આ જવાબ લાગે છે તો વિચિત્ર, પણ ખરેખરો ઉપયોગી છે. તમે ભલે ઉત્તર દિશા તરફ આધાર રાખીને ચાલો, પણ તમારી છાવણી કઈ બાજુ છે અથવા તમારે પહોંચવાનું સ્થળ ક્યા ખુણામાં છે તેની જ જો તમને ચોક્સ ખબર ન હોય તો પછી ઉત્તર દિશાનું જ્ઞાન પણ નકામું છે. આવે વખતે તો ઝાડ ઉપર ચડી સવારની રાહ જોવી તે જ ઇષ્ટ છે.

ભુલો પડેલો માણસ જ્યારે જંગલમાં આગળ ચાલે છે ત્યારે તેની સ્થિતિ ઘણી જ વિષમ થાય છે. માણસનો જમણો પગ જેટલું ડગલું ભરે છે તેનાથી ડાબો પગ ઘણે ભાગે નાનું ડગલું ભરે છે. તેથી માણસ જ્યારે ચાલે છે ત્યારે કુદરતીરીતે ડાબા હાથ તરફ જ વળતો જાય છે, અને એમ ચાલતો ચાલતો લાંબે વખતે એક મોટું વર્તુલ બનાવે છે. એક નાનું અને એક મોટું એવાં બે પૈડાંની ગાડી જો તમે જોઈ હોય તો તે ગાડી હમેશાં ગોળ જ ફરે છે. તે જ પ્રમાણે કાંઇ પણ દષ્ટિબિન્દુ સિવાય ચાલતો માણસ ચાલતો ચાલતો પોતાના ડાબા હાથ ભણી વર્તુલ જ બનાવે છે, અને અંતે જ્યાંથી નીકળ્યો હોય ત્યાં જ પાછો આવે છે!

એક વખત અમદાવાદ અને મોરૈયાની વચ્ચે

---

* સપ્તર્ષિના પહેલા બે તારાને સીધી લીટીથી જોડી તેને લંબાવવામાં આવે તો તે ધ્રુવમાંથી પસાર થાય છે.

દેવયાનીનો આકાર ઇંગ્રેજી અક્ષર ડબલ્યુ જેવો છે. એ ડબલ્યુના નીચલા બે ખુણાના જે બે લીટીઓ સરખા ભાગ કરે તે બરોબર ધ્રુવ આગળ એક બીજાને મળે છે.

આ વિષે વધારે માહીતી 'કુમાર'ના પહેલા વર્ષના ત્રીજા તથા નવમા અંકમાં 'આકાશદર્શન'ના લેખમાં આપી છે.

આવેલી બાવળની કાંટમાં હું અને મારો મિત્ર ભુલા પડયા. મોરૈયા સ્ટેશન પાસે રેલના પાટા ઉપરથી અમે સૂર્યાસ્ત જોયો. એક માણસને પુછતાં તેણે કહ્યું કે 'કાસંદ્રા આ રહ્યું.' કાસંદ્રામાં અમારા એક ઓળખીતાને ત્યાં રાત રહી, પાલડી ઉપર થઇ પગરસ્તે અમદાવાદ જવાનો અમારો વિચાર હતો. સાણંદથી મોરૈયા, કાસદ્રા, પાલડી, અમદાવાદ અને ત્યાંથી સીધી સડકે સાણંદ એ મુસાફરી, કાંઈ પણ સાધન વિના પગપાળા કરવી એવો નિશ્ચય અમારો પ્રથમથી જ હતો. આ મારી સ્કાઉટિંગની શરૂઆત હતી. 'કાસંદ્રા આ રહ્યું,' એને વેદવાક્ય માની અમે ઝાડીમાં ઝંપલાવ્યું. એકાદ કલાકમાં બહુ જ અંધારૂં થઇ જશે એવી બીકે અમે ઘણી ઉતાવળથી ચાલ્યા. પણ બાવળની કાંટનો પાર જ ન આવે. રાત અંધારી હતી. જોકે અમને સપ્તર્ષિની ઓળખ હતી તેથી સહેલાઇથી ઉત્તર દિશા તો શોધી શકત; પણ કાસંદ્રાની જ દિશાની ખબર ન હતી, એટલે અમારૂં નક્ષત્રનું જ્ઞાન નકામું થયું. બીજો એકાદ કલાક ચાલ્યા; રાત્રિ જામી; તમરાંના અવાજ અને સુતેલાં પક્ષીઓની પાંખોના ફફડાટ સિવાય બધું નીરવ હતુ. અમને અમારો પોતાનો અવાજ પણ બીહામણો લાગતો હતો. મોરૈયા સુધીમાં છ માઇલ તો ચાલેલા હતા, અને બીજા બે કલાકમાં કેટલા ચાલ્યા હઇશું તેનું ભાન ન હતું. થાકી પણ બહુ ગયા; ભુખ તો કહે મારૂં કામ; અને કાસંદ્રાનું ન મળે નામ કે નિશાન. વળી કોઇ સામું ન મળે કે જેને પુછીએ. આ વખતે મને યાદ આવ્યું કે ઝાડ ઉપર રાત ગાળી સવારની રાહ જોવી. પણ આખી કાંટ બાવળની, એમાં ચડવું કયે ઝાડે? એટલામાં મારા મિત્રે કહ્યું, 'હવે હરકત નથી. આપણે સાબરમતીના કિનારા પાસે આવી પહોંચ્યા છીએ. જો, કેવો ઠંડો પવન આવે છે! પાણી પી, નદીની રેતીમાં સુઇ રહીશું અને સવારે ગામ શોધી કાઢીશું.' જે બાજુથી ઠંડો પવન આવતો હાતે તે બાજુ અમે વળ્યા.

થોડા જ વખતમાં બાવળની કાંટ પુરી થઈ ને અમે શાન્ત વહેતી સાબરમતીની સુંવાળી રેતીમાં પહોંચ્યા. પાણી પી પગ ધોઇ થાક ઉતાર્યો ત્યાં દૂરથી કુતરાંના ભસવાનો અવાજ આવ્યો. કુતરાં ભસે છે એટલે ગામ પાસે હોવું જોઇએ. એવી અમારી ખાતરી થઇ. મહીનાના મહીના સુધી સમુદ્રમાં લાંબી મુસાફરી કર્યા પછી કોલંબસે પક્ષીઓને ઉડતાં જોઇને કિનારો નજીક આવ્યો માની જે આનંદ અનુભવ્યો હશે તેનો આ કુતરાંના આશાજનક ભસવાથી અમને સહજ




ખ્યાલ આવ્યો.

માણસો મોટાં શહેરમાં ભુલા પડે છે તેવી જ રીતે જંગલમાં પણ ભુલા પડે છે. બંને સ્થળે દૂરથી દેખી શકાય તેવું કાંઇ ઉંચું સ્થાન ધ્યાનમાં રાખ્યું હોય તો માર્ગ ભુલવાની બહુ ધાસ્તી ન રહે. આબુનાં જંગલમાં હું જ્યારે ફરતો ત્યારે જયપુરની કોઠી જે બહુ જ ઉંચી છે તે ધ્યાનમાં રાખતો. ખડાળાની આજુબાજુ ખીણોમાં રખડતાં 'ડયુકસ નોઝ' નામનું એક શિખર નજરમાં રાખીને જ બધે ફરતો. ભુલા પડયા

કે ત્યાં જવું. મુંબઈમાં રાજાબાઈ ટાવર અને દરિયો ધ્યાનમાં રાખવો. હું જ્યારે બહુ નાનો હતો અને પ્રથમ ભાવનગર ગયો ત્યારે ગામમાં હાઇસ્કુલનો ઘુમટ અને બહાર તખ્તેશ્વર એમ બે સ્થળ ધ્યાનમાં રાખ્યાં હતાં. ભુલો પડું કે ત્યાં પહોંચું.

સ્કાઉટિંગમાં તો એક સ્કાઉટ બીજાથી જુદો પડી ગયો હોય તો સીટી વગાડી ઘણે દૂર સુધી ખબર આપી શકે છે. અને સીટીમાં પણ લાંબાટુંકા અવાજ કરી પોતે ભુલો પડ્યો છે, આફતમાં છે વગેરે કહી શકે છે. સીટી ન સંભળાય તો ઘાસ અને લીલાં પાંદડાં ભેગાં કરી ખુબ ધુમાડો કરે છે, જે ઉંચે ચડવાથી દૂર સુધી દેખાય છે અને એ ઉપરથી પોતે ક્યાં છે તેના ખબર પહોંચાડે છે. શું કર્યે શું સમજવું તેના સંકેતો આગળથી જ ગોઠવી રાખેલા હોય છે. દાખલા તરીકે સીટી, લાંબી ટુંકી, લાંબી ટુંકી એમ વગાડે તો સમજવું કે તે ભયમાં છે. એકલી ટુંકી ટુંકી વગાડે તો સમજવું કે બોલાવે છે. તેમજ, એક જ ધુમાડો નીકળતો હોય તો સમજવું કે તે ત્યાં છે; પાસેપાસે બે ધુમાડાના ગોટા દેખાય તો સમજવું કે ભુલો પડ્યો છે; જો ત્રણ દેખાય તો સમજવું કે ભય છે, આ અને બીજી અનેક રીતે સંકેતો ગોઠવી શકાય છે, જેમાંના થોડાક નીચે આપ્યા છેઃ



ગજાનન ભટ્ટ

તમારી સામે કેવું સાહિત્ય રાખો છો તે જોઇને હું તમારૂં ભવિષ્ય કહી શકીશ; કારણકે જે વિચારો તમારા ચિત્તમાં તમે વાવી રહ્યા છો તે કોઈ કાળે પણ જરૂર તમારા વ્યવહારમાં પ્રગટ થવાના.

કડવા હોયે લીંબડા, મીઠી હોયે છાંય;
બાંધવ હોયે બોલકા, તોયે એ નિજ બાંહ્ય.

આશ્વાસન

: ઈન્દ્રવજ્રા :

મેના, તને આ રડવું ઘટે ના,
જાયું જવાનું સહુ છેવટે આ;
શાને કરે તો પ્રિય આંખ ભીની?
આ આંસુની સેર સરે શું ઝીણી?

દીધી વિધિએ લઘુ જીંદગાની,
સૃષ્ટિ કહે છે સહુ કોઇ ફાની!
ખીલે બધું તે કરમાઇ જાવા,
શું મોતના એ મધુરા ન લ્હાવા?

એકાકી સુખો નથી જીંદગીમાં
મીઠાં લુટીશું શું ઉંચે પુગી ત્યાં?
સુખો દુઃખોના મધુ મિશ્રણે આ
મીઠી પળો જીવનની ગણે ના?

શોકે છવાયો સ્રવતો મુખેન્દુ,
દગે ભરે છે અમી અશ્રુબિન્દુ;
આ સૃષ્ટિમાં બ્હેન! ન હોત મોત,
તો આંસુઓ આ મધુરાં તું લ્હોત?

મેના! નકામું નવ ઉર ચીરે,
ને ના નિસાસા—લુછ નેત્ર ધીરે;
સુખી થતાં તું દુનિયા સુખી છે,
દુઃખી થતાં તું દુનિયા દુઃખી છે.



રાજેન્દ્ર ઠાકોર

૧૦

રાજા રામમોહનરાયના બગીચામાં એક દહાડો એક બ્રાહ્મણ આવ્યો અને પોતાનું ઉપવસ્ત્ર એક ઝાડ પાસે મુકી ફુલો તોડવા લાગ્યો. નોકરે એ ઉપવસ્ત્ર સંતાડી દીધું. બ્રાહ્મણે ઉપવસ્ત્ર ન જોયું ત્યારે ક્રોધે ભરાઈ ગાળો ભાંડવા માંડી. રામમોહનરાયે ધોંઘાટ સાંભળ્યો અને બ્રાહ્મણને બોલાવી તેની સાથે આડી-અવળી વાત કરવા માંડી. દરમ્યાન એક માણસને તેનું ઉપવસ્ત્ર લાવી આપવા ઇશારત કરી. બ્રાહ્મણને ઉપવસ્ત્ર આપતા તેમણે કહ્યું, 'કેમ હવે સંતોષ થયોને?'

બ્રાહ્મણ—'મારૂં હતું ને મને મળ્યું તેમાં સંતોષ થવાનું શું કારણ છે?'

રામ—'આ ફુલો કોનાં?'

'એ તો પરમાત્માનાં.'

'અને એ તમે કોને અર્પણ કરનાર છો?'

'પરમાત્માને.'

રામમોહનરાયે કહ્યું, 'ત્યારે જે ફુલો પરમાત્માનાં છે તે પરમાત્માને આપવાથી તે સંતોષ કેમ પામશે?'

૧૧

ગોવર્ધનરામભાઈ ભાવનગરના દીવાન શામળદાસના રહસ્યમંત્રી હતા એ વેળા બીજાઓને પજવવામાં આનંદ લેનાર વર્ગના એક માણસનો તેમને પરિચય થયો. આ સુજન (?)ને એવી ટેવ કે દીવાનને ત્યાં બધા બેઠા હોય ત્યાં હાવકું મોં રાખી ગોવર્ધનરામને પુછે, 'કહો ગોરધનભાઈ, આજ શું જમ્યા?' રોજના આવા પ્રશ્નથી કંટાળી ગોવર્ધનભાઇએ યુક્તિ કરી એકાંતમાં એક દહાડો કહ્યું, 'તમને ખરેખર જીજ્ઞાસા થતી હોય તો આંખની કે એવી કોઈ સંજ્ઞાથી તમે પુછજો. મેં જો એનો એ ખોરાક લીધો હશે તો હું એક આંગળી ઉંચી કરીશ; જુદો ખાધો હશે તો બે ઉંચી કરીશ!' આમ થોડા દિવસ ચાલ્યા પછી, ઇશારતના આ સંવાદ તરફ શામળદાસનું ધ્યાન ગયું, તેથી કુતૂહલથી ગોવર્ધનરામને તેનો અર્થ પુછ્યો. ગોવર્ધનરામે એવી ખુબીબંધ બધી હકીકત જણાવી ખુલાસો કર્યો કે ત્યાર પછીથી આ ઇશારત કરવાની તેમને જરૂર પડી નહિ!

૧૨

સને ૧૮૮૭માં કવિ દલપતરામ મુંબાઈ ગયા હતા. ત્યાં મહારાણીની વર્ષગાંઠની સભામાં પ્રથમ પંડિત ગટ્ટુલાલજી સંસ્કૃત શ્લોક બોલ્યા. પછી દલપતરામે ઉભા થઈ, અંગ્રેજી રાજ્યમાં ખર્ચ ઓછું કરવું હોય તો આઠ રૂપિયાના પટાવાળા કે નાના કારકુનની જગ્યા કમી કરો છો, પણ બે હજારના પગારવાળા ગોરાની જગ્યા ઓછી થતી નથી એ વસ્તુસ્થિતિની રમુજી સરખામણી કરતા કહ્યું હતું:

'અજદેવને તો આઠ આંખો, રૂદ્રને ત્રણ બાર છે,
વળી ઇંદ્ર એક હજાર આંખ, અહીંદ્ર જોડ હજાર છે;
પરમેશ્વરે પણ શ્રેષ્ઠ નો કરી, પક્ષનેણ ઘણાં દીધાં,
ગટુલલ દલપતરામ જેવા, ગરીબનાં છીનવી લીધાં.'

૧૩

પંડિત ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર એક સરકારી કમીટીમાં કોઈ એક ગોરા સાહેબ સાથે નીમાયા હતા. સાહેબને મળવા માટે તેને બંગલે ગયા ત્યારે સાહેબ બહાદુર ટેબલ પર લાંબા પગ કરી ખુરશી પર બેઠા બેઠા સીગારેટમાંથી ધુમાડો કાઢવાનું મહાભારત કામ કરી રહ્યા હતા. તેથી તેમણે એમ ને એમ બેઠા રહી ડોકી વતી પાસેની ખુરશી પર બેસવાની પંડિતજીને ઇશારત કરી. નસેનસમાં સ્વમાન ભરેલ પંડિતજીને આથી માઠું લાગ્યું, પણ તે સમયે તેમણે સાહેબને માત્ર એટલું જ કહ્યું, હવે આપ મારે ત્યાં પધારશો. નક્કી કરેલા સમયે ઇશ્વરચંદ્ર ટેબલ પર હુક્કો મુકી લાંબા પગ કરી ખુરશી પર બેઠા. સાહેબ આવ્યો એટલે તેમણે હુક્કાની નળી મોંમાં લઈ ધુમાડા કાઢવા માંડયા અને ડોકીની ઇશારતથી પાસેની ખુરશી પર બેસવા તેને કહ્યું! સાહેબે તો, પોતાને જોઇ મોટામોટા બંગાળી જમીનદારોને પણ લળીલળી સલામ કરતા જોએલા, એટલે કેળવણી ખાતાના એક દેશી નોકરનું આવું વર્તન જોઇ તે તો રાતોપીળો થઇ ગયો અને કાંઇ જ બોલ્યાચાલ્યા વિના પાછો જતો રહ્યો. તેણે



પંડિત ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર

તરત જ કેળવણી ખાતાના વડા અંગ્રેજ અધિકારીને ઇશ્વરચંદ્રે પોતાનું કેવી રીતે અપમાન કર્યું હતું તે બાબત ફરિયાદ કરી. વડો અધિકારી પંડિતની મહત્તા જાણતો હતો તેથી તેણે સભ્યતાપૂર્વક ખુલાસો પુછ્યો. તેને પંડિતજીએ જવાબ આપ્યો, 'આ જાતની સભ્યતા મને તે સાહેબે જ શીખવી છે! આટલા દહાડા હું એમ માનતો કે મળવા આવનારનો ઉભા થઇ સત્કાર કરવો જોઇએ, પણ તેમણે મારી સાથે નવા પ્રકારનું વર્તન ચલાવ્યું એટલે મને લાગ્યું કે સભ્યતાની એ છેલ્લામાં છેલ્લી ફૅશન હોવી જોઇએ, ને તેથી મેં તેનો ઉપયોગ કર્યો!'

૨૪


ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરનું હૃદય ભક્તિમય હતું. માબાપની તે આરાધ્ય દેવતાના ભાવથી ભક્તિ કરતા. એકવાર કાશી ધામમાં એક પંડિતે તેમને પુછ્યું, 'તમે કાશીવિશ્વેશ્વર અને અન્નપૂર્ણાને માનો છો કે નહિ?' ત્યારે તેમણે હસતાંહસતાં પોતાનાં માબાપ તરફ આગળી ચીંધી કહ્યું, 'આ જ મારા કાશી વિશ્વેશ્વર અને આ જ મારા અન્નપૂર્ણા.'

૨૫

બંગાળી વિદ્વાન્ જગન્નાથ તર્કપંચાનન જેવા પ્રબલ બુદ્ધિશાલી હતા તેવા જ તીવ્ર સ્મરણશક્તિવાળા પણ હતા. તેમની અદ્‌ભુત સ્મરણશક્તિ સંબંધે નીચેની વાત કહેવાય છે.

એકવાર તે ત્રિવેણીના ઘાટ પર બેસી આહ્નિક કરતા હતા, એવામાં ત્યાં બે ગોરાઓ આવી પહોંચ્યા અને ગાળાગાળી કરવા લાગ્યા. વાત વધતાં બંને મારામારી પર આવી ગયા. તર્કપંચાનને આહ્નિક કરતાંકરતાં આ બધું જોયું. પછી બંને ગોરાઓએ કોર્ટમાં સામસામી ફરિયાદ દાખલ કરાવી. ન્યાયાધીશે જ્યારે તેમને પુછ્યું કે તમારો કોઇ સાક્ષી હતો કે નહિ ત્યારે તેમણે કહ્યું, 'અમારે ઝગડો થયો ત્યારે ત્યાં એક વૃદ્ધ બંગાળી આખા શરીર પર માટી ચોપડી હાથપગ જોડી કાંઇક કરતો હતો.' તપાસ કરતાં ન્યાયાધીશને માલુમ પડ્યું કે આ માણસ તે જગન્નાથ તર્કપંચાનન હતા. તેથી તેમને કોર્ટમાં બોલાવ્યા અને આ સંબંધે પુછ્યું ત્યારે તેમણે કહ્યું, 'તેમને મેં મારામારી કરતાં જોયા છે, બંને વચ્ચેની બોલચાલ પણ સાંભળી છે, પરંતુ હું અંગ્રેજી જાણતો ન હોવાથી તેમના બોલવાનો અર્થ હું સમજી શક્યો નથી. છતાં કહો તો કોણે કયા શબ્દો કહ્યા તે બોલી જાઉં.' એમ કહી પેલા ગોરાઓએ એકબીજાને જે જે કહ્યું હતું તે એક પછી એક એ બોલી ગયા. ન્યાયાધીશ તો એ સાંભળીને અવાક જ થઈ ગયો! તર્કપંચાનનની આવી અદ્‌ભુત સ્મરણશક્તિ છેક વૃદ્ધાવસ્થા સુધી જળવાઈ રહી હતી, અને તેનું કારણ તેમનું બ્રહ્મચર્ય તથા સાદું અને શાંત જીવન.

[સંપાદિત] **નવલરામ ત્રિવેદી**



[અનુસંધાન પાન ૪૪૮થી આગળ]

કાચામાંથી યારકન્દ થઇ તેઓ યારકન્દ નદીને કાંઠેકાંઠે પહાડ પર્વતો ઓળંગતા હિંદુસ્તાનની દિશા તરફ ચાલ્યા. રસ્તામાં સિંધુ નદીની એક શાખાને દોરડાના ઝુલતા પુલ ઉપર થઇને શી રીતે ઓળંગી તેનું આબેહુબ વર્ણન આપતાં ફાહિયાન લખે છે કે 'માર્ગ અત્યંત ભાંગ્યોતુટચો, વિકટ અને દુર્ગમ હતો. વચમાં મોટામોટા ધોધ અને ઉંચા ઉભા કરાડા આવતા હતા. રસ્તાની એક બાજુએ દીવાલ જેવો ઉભો દસ હજાર ફુટ ઉંચો પહાડ હતો, ને બીજી બાજુ નીચે ખાણમાં ભયંકર ગર્જતા ધોધની નદી વહેતી હતી. એક પગલું સરખું યે ચુકયા કે બારજ વાગી ગયા સમજવા ! અસલના લોકો ખડક કોરીને તેમાં પગથી બનાવતા. આવી સાતસો પગથી ઉતર્યા પછી અમે દોરડાની નીસરણી વડે મહામહેનતે નદી ઓળંગી.'

પ્રવાસ આગળ જારી રહ્યો. તક્ષશિલા થઇ તેઓ પેશાવર જવા નીકળ્યા. પણ પેશાવર પહોંચતાં પહેલાં તો એમનો સંઘ તુટચો. આ લાંબા વિકટ પ્રવાસથી હારી જઈ તેના સાથીઓમાંના બે જણ ચીન જવા પાછા ફર્યા. બાકીનાએ પાછી મુસાફરી શરૂ કરી.

જલાલાબાદ થઈ તેની દક્ષિણે પાંચ માઈલ દૂર હિલોન નગર આગળ તેઓ આવી પહોંચ્યા. અહીં અનંતકાળથી નગાધિરાજ હિમાલય સમાધિ લગાવી બેઠો હતો. યુગોના યુગો વીતી ગયા છતાં જેવી રીતે તેની ઠંડી કે બરફનાં તોફાનોને કાળ કશી જ અસર કરી શકયો નથી, તેજ પ્રમાણે આ વીર યાત્રીઓના ઉત્સાહને તે પણ મંદ કરી શકયો નહિ. આ અવનિતલ ઉપર જ્યાં સુધી હિમાલયનું અસ્તિત્વ રહેશે ત્યાં સુધી આ વીર નરોનાં નામ પણ તેની સાથે સંકળાએલાં જ રહેશે. તેઓનાં દૃઢ મન ઉપર તો એ બરફનાં તોફાનો કશી અસર કરી ન શકયાં, છતાં તેમનાં શરીર ઉપર તેની થોડી અસર થઈ, અને તેને પરિણામે એક પ્રવાસી મૃત્યુ પામ્યો. એક જગ્યાએ આ પ્રસંગનો આબેહુબ ચિતાર છે: "ચીન જેટલા દૂર દેશમાંથી આ મુસાફરો આવ્યા હતા પણ વિજયની છેલ્લી ઘડીએ તેમાંનો એક વીર લાંબી મુસાફરીથી થાકીને અને હિમાલયની ઠંડીનો ભોગ થઈ પડીને છેલ્લા શ્વાસ લેતો હતો.

'ભાઇ ! હિંમતથી આગળ વધો. ઠંડી ભારે છે. શરીર ઠરીને ઠીકરૂં થઈ જાય છે. તમે મારી ચિંતા કરશો નહિ. તમે જો આ કાર્ય સફળ કરશો તો કોઇક દિવસ પણ આપણી માતૃભૂમિ આપણા ધર્મપિતાના સાચા શબ્દો પામશે.' આટલું કહેતાંકહેતાં એ વીર સાધુનું શરીર અચેત થઇ પડયું.

બાકી હવે બે મુસાફર રહ્યાઃ ફાહિયાન અને ટાઉચિંગ. બંને જણ એકબીજાના સામું જોવા લાગ્યા. સુસવાટા મારતો ઠંડો પવન તેઓના મિત્રના શબને વધુ ને વધુ ઠંડું કર્યે જતો હતો.

બરફથી છવાએલા એ વેરાન પ્રદેશની મૃત્યુ સમી શાન્તિને એક કારમું રૂદન ચીરી રહ્યું હતું. હૈયાફાટ રૂદન કર્યા પછી ફાહિયાન શાન્ત થયો. એક વાર તેણે પોતાના સાથીના એ મૃતદેહ સામે જોયું, બીજી વાર પોતાના મિત્ર તરફ નજર ફેરવી અને ત્રીજી વાર આકાશ સામે શ્રદ્ધાભરી દૃષ્ટિ નાખી તે ચાલતો થયો. વારંવાર મૃતદેહ તરફ નજર નાખતો તે તેના મિત્ર ટાઉચિંગ સાથે દૂર નીકળી ગયો. તે નિર્જીવ શરીર બરફના પહાડો વચ્ચે પડયું રહ્યું. આખા જંગલમાં અગાઉના જેવી શાન્તિ છવાઈ ગઈ."

બંને મુસાફરો આગળ ચાલ્યા. પેશાવરની આસપાસનો મુલક જોકે હિંદુસ્તાન ગણાય છે, પરંતુ ફાહિયાન ઠેઠ મથુરા સુધી પહોંચ્યો ત્યાં લગી તેને હિંદુસ્તાનમાં આવ્યા જેવું લાગતું નથી. તે તો મથુરાને જ હિંદુસ્તાનની રાજધાની માની લે છે અને આપણા દેશ તથા સંસ્કૃતિનું સુંદર ચિત્ર અહીંથી જ આપવા માંડે છે.

મથુરાની સરખામણીમાં પાટલીપુત્ર તે વખતે અગત્યનું શહેર ગણાતું લાગે છે. તે વિશેષ પ્રાચીન, વધારે જીર્ણ અને ઘણું ભવ્ય હતું ખરૂં. અશોકની એ રાજધાની હતું. એના મહેલો અદ્ભુત હતા. ધર્મનું તે જબરૂં મથક હતું. જુદાજુદા પ્રાંતના રાજપ્રતિનિધિઓ પાટલીપુત્રમાં રહેતા. છતાં વેપાર તેમજ રાજદ્વારી બાબતોનું કેન્દ્ર તો ફાહિયાનના સમયમાં મથુરા જ હતું. ગુપ્ત રાજાઓએ પોતાની રાજધાની પાટલીપુત્રથી બદલીને અયોધ્યા કરી હતી એથી પણ પાટલીપુત્રનું મહત્ત્વ ઘટયું હતું. ગુપ્ત સામ્રાજ્યમાં મથુરા કેન્દ્ર

૩૫ હોઈ તેનું મહત્ત્વ વધ્યું હતું. મથુરાથી ફાહિયાન શ્રાવસ્તી ગયો.

આ વખતે હિંદુસ્તાનમાં સમુદ્રગુપ્તનો પુત્ર ચંદ્રગુપ્ત બીજો રાજ્ય કરતો હતો. આ રાજાના અમલમાં રૈયત સુખી હતી; દેશમાં ન્યાય હતો, દયા હતી, સુવ્યવસ્થા હતી; કોઇને ફાંસી દેવાતી ન હતી. બૌદ્ધ સાધુઓના વિહારની વ્યવસ્થા પણ ખુબ ઉંચી જાતની હતી એમ ફાહિયાન ઉત્સાહપૂર્વક નોંધ લે છે. તે લખે છે કે 'લોકો બહુ સુખી અને સમૃદ્ધ છે. જેઓ રાજાની જમીન ખેડે છે તેઓને જ માત્ર જમીનવેરો આપવો પડે છે. રાજ્યમાં કોઇને દેહાંતદંડ કરવામાં આવતો જ નથી. ગુનેહગારોને માત્ર પૈસાનો દંડ કરવામાં આવે છે. જેઓ બળવો કરવાના અથવા તેની ઉશ્કેરણી કરવાના ગુનાહ વારંવાર કરે છે તેમનો માત્ર જમણો હાથ કાપી નાખવામાં આવે છે. મુખ્ય મંત્રીઓના પગાર નક્કી કરેલા હોય છે. ચીનની પેઠે લોકોને પોતાનાં ઘરબારની નોંધણી સરકારમાં કરાવવી પડતી નથી. મુસાફરોને એક સ્થળેથી બીજે સ્થળે જવાના પરવાના લેવા પડતા નથી. જેને જ્યાં રહેવું અથવા જ્યાં જવું હોય ત્યાં સુખેથી રહી અથવા જઈ શકે છે. ચાંડાળ અને ભંગી સિવાય બીજા કોઇ મદ્ય પીતા નથી. ડુંગળી તેમજ માંસ માટે પ્રાણીની હિંસા કરતા નથી. ડુંગળી અને લસણ પણ માત્ર ચાંડાળ અને ભંગી જ ખાય છે. ભંગીઓ શહેરની બહાર રહે છે. તેમને શહેરમાં આવવું હોય તો ઘંટ વગાડતા વગાડતા ચાલવું પડે છે, જેથી રસ્તે જનારા લોકો તેમને અડી બેસે નહિ! લોકો ડુક્કર કે મરઘાં રાખતાં નથી, અને ઢોરોનો વેપાર નથી કરતા. બજારમાં કતલખાનાં કે દારૂનાં પીઠાં નથી હોતાં. વેપારમાં લોકો કોડીઓ વાપરે છે. (આ નાની લેવડદેવડ માટે હશે. બાકી ગુપ્ત રાજાઓના ચાંદી અને સોનાના સિક્કા તો મળેલા છે.)

ભગવાન બુદ્ધના નિર્વાણ પછી રાજાઓ, મોટા માણસો અને ગૃહસ્થો સાધુઓને માટે વિહારો બાંધે છે અને તેના નિભાવને માટે ખેતરો, ઘર, વાડી, નોકરો તથા ઢોર અર્પણ કરે છે. દેવસ્થાનની જમીનનાં દાનપત્ર તાંબાનાં પતરાં ઉપર કરવામાં આવે છે અને રાજ્ય બદલાય ત્યારે નવા રાજાને તે મંજુર કરવાં પડે છે. તે રદ કરવાની હિંમત કોઈ ધરતું નથી. વિહારમાં રહેનાર દરેક સાધુને એકએક કોટડી આપવામાં આવે છે. તેમને ચટાઇ, બીછાનું તથા ખાવાપીવાનું પુરૂં પાડવામાં આવે છે. તેઓ ભૂતદયાનાં કાર્યોમાં, શાસ્ત્રોના પઠનમાં તથા ધ્યાનમાં પોતાનો વખત ગાળે છે. મઠમાં કોઇ અતિથિ આવે તો અધ્યક્ષ તેનો સત્કાર કરવા સામો જાય છે. તેનાં કંબલ તથા કમંડલુ પોતે ઉચકી લે છે અને અતિથિગૃહમાં તેને પહોંચાડે છે. ત્યાં તેને હાથપગ ધોવા માટે પાણી અપાય છે, શરીરે ચોળવા માટે તેલ અપાય છે ને ખાસ ભોજન કરી તેને જમાડવામાં આવે છે. તે થોડીવાર આરામ લઇ લે ત્યાર પછી જ તેનાં નામઠામ વગેરે પુછવામાં આવે છે. પછી તેના દરજ્જા પ્રમાણે ઉતરવાની ઓરડી તથા બિછાનું તેને મળે છે. ચોમાસા પછી ભાવિક જનો સાધુઓને માટે ઉઘરાણું કરે છે અને સાધુઓ મોટી સભા ભરીને તેમને ધર્મનો ઉપદેશ કરે છે. સાધુઓને તેમનો લાગો મળી જાય ત્યાર પછી પણ ગૃહસ્થો અને બ્રાહ્મણો તેમને કફનીઓ અને બીજી જરૂરની વસ્તુઓ ભેટ આપે છે. સાધુઓ પોતામાં પણ એકબીજાને ભેટો આપે છે. બુદ્ધના નિર્વાણ પછી સંઘના નિયમો પ્રમાણે આમ થતું ચાલ્યું આવે છે.'

આ ઉપરથી જણાય છે કે ગુપ્ત રાજાઓના કાળમાં હિંદુસ્તાનની આબાદી બહુ ભારે હશે. જે રાજા દેહાંતદંડ કર્યા સિવાય પોતાનું રાજ્ય ચલાવી શકે તેની સત્તા લોકોનાં હૃદય ઉપર બેશક ઘણી જ હોવી જોઇએ. અશોક પણ એટલે દરજ્જે કરી શક્યો ન હતો. વળી ફાહિયાન કહે છે કે પાટલીપુત્રમાં જમીનદારો તરફથી ધર્માદા દવાખાનાં ચલાવવામાં આવતાં. ત્યાં માંદાં અને અશક્તને રાહત મળતી. મૌર્ય સમ્રાટોનો સુનો મહેલ જોઇને તો ફાહિયાન દિઙ્મૂઢ જ થઈ જાય છે. તે લખે છે કે માનવી શક્તિ આવું કામ કરી જ ન શકે. એ તો કોઇ પિશાચગંધર્વોએ બાંધેલો હોવો જોઇએ!

શ્રાવસ્તીથી કુશિનારા, કપિલવસ્તુ અને વૈશાલી થઇને ફાહિયાન પાટલીપુત્ર આવી પહોંચ્યો અને ત્યાં

પોતાનું મથક રાખી તે બધે યાત્રા કરી આવ્યો. પણ રાજ્યસત્તાનું કેન્દ્ર બદલાયાથી મગધનાં બધાં શહેરો ઘણાંખરાં પડતી હાલતમાં આવેલાં હતાં. દેશમાં બૌદ્ધ ધર્મનો મહિમા પણ ઓછો થવા માંડ્યો હતો. બોધિગયા જે એક વખતે મોટું યાત્રાનું ધામ હતું ત્યાં ફાહિયાને વેરાન જંગલ જોયું. ગૃધ્રકૂટ પર્વત ઉપરની ગુફા, જ્યાં બુદ્ધ ભગવાન ઘણો વખત રહેલા,



ત્યાં જઈ ફાહિયાને ફૂલ ચડાવ્યાં અને ધૂપ દીધો. તથાગતના ચરણરજથી પાવન થએલા તે સ્થળનાં દર્શન કરી ફાહિયાન ગદ્‌ગદિત થઇ ગયો અને તેની આંખમાં આંસુ આવી ગયાં. તેણે દક્ષિણમાં જવાનો પણ પ્રયત્ન કર્યો હતો, પણ તેમાં બહુ ફાવ્યો જણાતો નથી. છતાં એલોરાની ગુફાઓ સુધી તો તે પહોંચ્યો હતો. આ ગુફાઓ પણ ઉજ્જડ હતી. આસપાસના લોકો અન્યધર્મી થઇ ગએલા હતા.

આમ યાત્રા કરવામાં, સંસ્કૃત શીખવામાં તથા ગ્રંથોની નકલો કરવામાં ફાહિયાને પાટલીપુત્રમાં ત્રણ વર્ષ ગાળ્યાં. ફાહિયાનને મોટી અડચણ એ હતી કે લખેલા ગ્રંથો મળતા ન હતા. બુદ્ધ ભગવાનનો ઘણોખરો ઉપદેશ પરંપરાથી કંઠે રાખવામાં આવતો અને બૌદ્ધ ગ્રંથોનું શિક્ષણ પણ મુખપાઠથી જ અપાતું. ઘણુંખરૂં દરેક ગ્રંથનો એકેક અધ્યાપક રહેતો. આથી તેને ગ્રંથો મેળવતાં ખુબ તકલિફ પડી.

પાટલીપુત્રમાં કામ પુરૂં થયું એટલે તેણે આગળ જવા ઉતાવળ કરવા માંડી. પણ તેના સાથી ટાઉચિંગે તો ત્યાંથી જરાયે ચસકવાની ચોખ્ખી ના પાડી. હિંદુસ્તાનના સાધુઓની રીતભાત, વિદ્વત્તા, તથા ધાર્મિક વૃત્તિ આગળ તેને ચીનના સાધુઓ ઝાંખા લાગવા માંડ્યા ને ત્યાંના જીવન વિષે તેને કંટાળો ઉપજ્યો. હિંદુસ્તાનના મહના જીવનથી તે મોહિત થઈ ગયો. તે તો પ્રાર્થના કરવા લાગ્યો કે જ્યાં સુધી મને બુદ્ધત્વ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી હિંદુસ્તાનની બહારના કોઈ દેશમાં મારો જન્મ ન થાય! એટલે એ ભાઇએ તો પાટલીપુત્રમાં જ ધામા નાખ્યા!

પણ ફાહિયાનનો ઉદ્દેશ વિશેષ પરોપકારી હતો. જે જ્ઞાન પોતે મેળવ્યું હતું તેનો તેને સ્વદેશમાં પ્રચાર કરવો હતો. એટલે તે એકલો નીકળી પડ્યો.

પાટલીપુત્રથી ગંગા નદીમાં પ્રવાસ કરતો કરતો તે તામ્રલિપ્તિ (હાલનું તામલુક) આવ્યો. તામલુક બંગાળામાં મીદનાપુર જીલ્લામાં છે. આ તામલુક તે વખતે બંદર હતું. લંકા, જાવા, શ્યામ (સીઆમ) વગેરે પ્રદેશો સાથે ત્યાંથી વેપાર ચાલતો. અત્યારે તો સમુદ્ર તામલુકથી સાઠ માઇલ દૂર ખસી ગયો છે. તામલુકમાં બૌદ્ધ ગ્રંથોની નકલ કરવા તથા મૂર્તિઓનાં બીબાં પાડવા માટે ફાહિયાન બે વર્ષ રોકાયો.

તામલુકથી તે સમુદ્રરસ્તે સિંહલદ્વીપ (લંકા) ગયો. અહીં બૌદ્ધ ધર્મ જાહોજલાલીમાં હતો. અનુરાધાપુરમાં ભગવાન બુદ્ધના દાંત તથા બોધિવૃક્ષનાં દર્શન કર્યાં. આ સિવાય બીજી અનેક વસ્તુઓ તેને જોવા મળી. પણ હવે ઘણુંખરૂં જોઈ લીધેલું હોવાથી એ વૃદ્ધ યાત્રાળુનું મન સ્વદેશ તરફ વળ્યું હતું. તેના સાથીઓથી તે વિખુટો પડી ગયો હતો ને ઘર છોડયે બાર વર્ષ વીતી ગયાં હતાં એટલે તેની આતુરતા ખુબ વધી ગઈ હતી. હમેશાં તેના મગજમાં ચીનની જ વાતો ઘુમતી. ચીનની માટી, ચીનનાં વાસણ, ચીનનાં માણસો વગેરે જ તેને યાદ આવતું. ચીનની તેને લગની લાગી હતી. વળી, આટલી મહેનતે મેળવેલું જ્ઞાન પોતે સ્વદેશ સુધી પહોંચાડી શકશે કે કેમ એવી તેને અધીરાઈ થવા માંડી હતી. એક દિવસ ફાહિયાન તથાગતની પ્રતિમા પાસે બેઠો હતો, એવામાં કોઇ શ્રદ્ધાળુ વેપારીએ આવીને ભગવાનને એક રેશમી ચીનાઈ પંખો ભેટ ધર્યો. ઘણે વખતે પરિચિત સ્વદેશી કારીગીરીની વસ્તુ જોઇ તેને એટલું લાગી આવ્યું કે તેને સ્વદેશ યાદ આવ્યો અને તે એક નાના બાળકની માફક મોટેથી રોઇ પડયા !

અંતે તેણે સ્વદેશગમનની તૈયારી કરી. જાવા જતા એક વહાણ ઉપર તે ચીન જવા ચડી બેઠો. પણ હજી વિપત્તિએ તેનો કેડો છોડયો ન હતો. થોડા દિવસની મુસાફરી કરી ત્યાં વહાણમા કાણું પડયું, અને એ કારણે વહાણને હલકું કરી નાખવાની જરૂર જણાતાં ખાસ જરૂરનો સામાન રાખી બાકીનો બધો સામાન દરિયામાં નાખી દેવો પડયો. ફાહિયાને પોતાનું કમંડલુ સુદ્ધાં નાખી દેવાની ખુશી બતાવી, પણ પ્રાણથી યે અધિક એવી મૂર્તિઓ તથા ગ્રંથો રહેવા દેવા માટે ખુબ આજીજી કરી. દૈવયોગે એક ટાપુ આવ્યો, ત્યાં આ કાણા વહાણને સમું કરવામાં આવ્યું. સમુદ્રમાં પડેલી મુસીબતોનું વર્ણન કરતાં ફાહિયાન લખે છે કે 'આ સમુદ્રમાં અનેક ચાંચિયા રહે છે. તેઓનો ભેટો થયા પછી બચવાની આશા રાખવી વ્યર્થ. અત્યંત વિસ્તૃત એવા સાગરના કિનારા ક્યાંય દેખાતા જ નથી. કેવળ સૂર્ય ચન્દ્ર કે તારા નક્ષત્રોના આધાર ઉપર વહાણો ચાલે છે. ચોમેર સમુદ્રના ભયંકર લોઢ દેખાય છે. મોટામોટા કાચબા અને બીજાં અનેક જળચર પ્રાણીઓ દેખા દે છે. જહાજમાંના વેપારીઓ ભયભીત દશામાં છે. આ સમુદ્રનો તાગ નથી. ક્યાં યે લંગર ટકી શકતું નથી.'

આવી રીતે અનેક મુસીબતો સહન કરતોકરતો ફાહિયાન જાવા પહોંચ્યો. જાવા વિષે લખતાં તે ફક્ત એટલું જ કહે છે કે 'આ દેશમાં બ્રાહ્મણ સંપ્રદાયોનો જ પ્રચાર છે. બૌદ્ધ લોકોનું નામનીશાન પણ નથી.' અહીં ચીન જતું બીજું વહાણ મળે ત્યાં સુધી ફાહિયાનને રોકાવું પડયું. પણ તેનો જીવ દેશમાં ભરાયો હતો એટલે જાવામાં પાંચ મહીના તે રહ્યો છતાં તે વિષે તેણે કાંઇ વધારે લખ્યું નથી. વખત મળ્યે એક વેપારીનું વહાણ તેને મળ્યું અને તે ચીન જવા ઉપડયો. પણ એ રસ્તામાં યે કાંઇ મુશ્કેલી ન નડે તો એ ફાહિયાનનો પ્રવાસ શાનો ? અહીં પણ ત્રીસ દિવસની મુસાફરી પછી રસ્તામાં તોફાન નડયું. સફરની મુદત ધાર્યા કરતાં ખુબ લંબાઇ. પચાસ દિવસમાં વહાણ ચીન પહોંચવું જોઇએ તેને બદલે તો સીત્તેર દિવસ અહીં જ વીતી ગયા. ખોરાક અને પાણીની તાણ પડી. કેટલાક ખલાસીઓ ફાહિયાન ઉપર વહેમાવા લાગ્યા કે આ સાધુનાં જ આ બધાં કારસ્તાન હોવાં જોઇએ. તેને મારી નાખવાનો તેમણે વિચાર કર્યો, પણ એક ચીની અમલદારે તેમને બહુ ધમકાવ્યા અને ફાહિયાન બચવા પામ્યો. છેવટે વહાણે કાંગરવાંગ પ્રદેશમાં લંગર કર્યું.

આમ અનેક વીતકો સહન કરી ફાહિયાન ચૌદ વર્ષે સ્વદેશ પહોંચ્યો. ચીનને કીનારે ઉતરી ભારે હૈયે અને ધીમે ડગલે તે ઘેર ચાલ્યો. અત્યાર સુધી તેને શંકા હતી કે મારૂં આ જ્ઞાન હું સ્વદેશી બંધુઓને પહોંચાડી શકીશ કે નહિ. પણ હવે એ શંકા ટળી. પોતાના પરાક્રમોની બડાઇ મારે એવો તે ન હતો, પણ તેને ઘણા માણસો પુછ્યા કરતા એટલા સારૂ ચીનની વિદ્વન્મંડળી આગળ તેણે પોતાના અનુભવો પુસ્તકના રૂપમાં રજુ કર્યા. ચીનમાં તેની સારી કદર થઈ. પોતાનું શેષ જીવન ચીનાઓને સંસ્કૃત શીખવવામાં, મેળવેલા ગ્રંથોનો અનુવાદ કરવામાં તથા બની શકે તેટલો લાભ ચીનને આપવામાં ગાળી ૮૮ વર્ષની

ઉમરે તેણે દેહત્યાગ કર્યો.

આ જગતમાં ઘણા યે વીર પુરુષો થઈ ગયા છે કે જેઓએ પોતાના રાજ્ય માટે, પોતાના કુળ માટે કે પોતાની આબરૂને કાજે જાન કુરબાન કર્યા હોય. પણ એવા વીર નરો આ ભૂતલ ઉપર ઓછા પાકયા હશે જેઓએ પગ બાળી નાખે એવાં રેતીનાં રણો વટાવી અને હાડ ગાળી નાખે એવા હિમમય પર્વતોમાંથી પસાર થઇને, અનેક સંકટો વેઠીને, પારકા દેશમાં જ્યાં કોઇ ન ઓળખતું હોય ત્યાં જઇને આવું યશસ્વી કાર્ય કર્યું હોય. ઇતિહાસને પાને આવા વીરો વિરલ છે.

અને આવા તો કેટલા યે વીર પ્રવાસીઓ ચીનમાંથી હિંદુસ્તાન આવવા નીકળ્યા હશે. તેમાંથી કેટલા યે ટાઢ ને તરસથી રસ્તામાં મરી ગયા હશે, કેટલાયને હિંસ્ર પશુઓએ ફાડી ખાધા હશે, કેટલાયને લુટારાઓએ લુટી લીધા હશે અને કેટલા યે ચીન પાછા જતાં દરિયામાં ડુબી પણ ગયા હશે. ઇતિહાસમાં તો માત્ર જેઓ હિંદુસ્તાન પહોંચ્યા અને ત્યાંથી પાછા ચીન જીવતા પહોંચ્યા તેમનાં જ નામ પ્રસિદ્ધ થયાં છે.

ધન્ય હો એવા વીરોને, અને એવા સુપુત્રો ઉત્પન્ન કરનારી માતૃભૂમિને.

['મધપુડા' તથા 'પૂર્વરંગ' પરથી]

દરદી-દાક્તર સાહેબ, હું ભાત ખાઉં ?

દાક્તર હા.

દરદી-રોટલી ?

દાક્તર-હા.

દરદી-દાળ ?

દાક્તર-હા.

દરદી-તાંદળજાની ભાજી ?

દાક્તર-હા.

દરદી-બટેટાં, રીંગણાં, સકરિયાંનું શાક ખાઉં ?

દાક્તર-હા.

દરદી-તેલમરચું અને ખટાશ પણ ખાઉં તો હવે વાંધો નથી ને ?

દાક્તર-હા, ખાજો; હવે કંઈ વાંધો નથી.

દરદી-ત્યારે હવે મારે શું ન ખાવું ?

દા.-(ચીડાઇને) બધું ખાવું, ફક્ત દાક્તરનું માથું ન ખાવું !

*

શિક્ષક—(નવા આવેલા વિદ્યાર્થીને) ભાઇ, તારે હવે આ શાળાના નિયમો બરાબર પાળવા પડશે.

વિદ્યાર્થી—સાહેબ, મારા બાપાએ પોપટ તો પાળ્યો છે; પણ આજે હું તેમને કહીશ કે તે નિયમ પાળે.

અથાણું

એક વખત અનુલેખનમાં રમણની 'બ્રહ્મદેશ' શબ્દની ભુલ પડી. શિક્ષકે તેને એ શબ્દ પાંચ વાર લખી લાવવાનું કહ્યું. થોડીવારે રમણ નીચે મુજબ લખી લાવ્યો !

બ્રહ્મદેશ
,,
,,
,,
,,

મહેનત બચાવવાનું કેવું સરસ ઉચ્ચાલન શોધી કાઢયું !

*

કોઈ શ્રીમંત માણસને પોતાની પુત્રીનું લગ્ન કરવાનું હતું. તે માટે પંડયાને વર શોધવા મોકલ્યો. પંડયાજીને એક મૂર્ખ વરના બાપ તરફથી ખાનગી દક્ષિણા સારીપેઠે મળી એટલે તે મૂર્ખની જોડે વિવાહ કરી આવ્યો.

જાન આવી અને લગ્ન થઇ ગયા પછી સસરાને થયું કે જમાઇ જોડે થોડો પરિચય તો કરૂં. એટલે તેને સાથે લઈ હોડીમાં બેસી સરોવરમાં સહેલ કરવા નીકળ્યા. સસરાજી ઘણી યે વાતચીત કરે, પણ જમાઈરાજ કાંઇ પણ બોલે નહિ. પોગળ ફુટી જવાની બીકે તેનાં માબાપે તેને સખત ધમકી આપેલી કે મોંમાંથી એક શબ્દ સરખો યે બોલવો નહિ. સસરાજીએ ઘણો જ આગ્રહ કરીને કહ્યું કે કંઇક તો વાત કરો, ત્યારે જમાઇને થયું કે આ બીચારો બહુ ઇંતેજાર છે તો થોડુંક તો બોલવું જોઇએ. અંતે ખુબ વિચાર કરી જમાઇરાજ બોલ્યા, 'હે સસરાજી, તમે પરણ્યા છો કે નહિ ?'

સસરાજી તો ડઘાઈ જ ગયા અને પુછ્યું, 'આમ કેમ બોલો છો ?' તો જમાઇ કહે, 'તમે વાત કરવાની કહી તેથી વાત કરી.' સસરા મુંગા થઇ ગયા. થોડીવારે જમાઇ ફરીથી બોલ્યા, 'સસરાજી, આ આવડું મોટું તળાવ ખોદ્યું હશે તે એના ખાડાની માટી કયાં ગઈ હશે ?'

સસરાજીની ધીરજ હવે ખુટી. તે ધુંધવાઇને બોલ્યા, 'થોડી તારા બાપે ખાધેલી અને બાકી વધી તે મેં ખાધેલી !'

બીચારા સસરાએ જાણ્યું કે દીકરીનું નસીબ ફુટી ગયું !

*

ઉત્તર હિન્દમાંથી કોઇ માણસ અમદાવાદ આવેલો તેણે હૉટેલમાં જઈ કહ્યું, 'એક કપ ચા લાઇએ.'

હોટલવાળો ચા લાવીને કહે, 'લો સાહેબ: બીજું કંઈ લાવું ?'

પેલો માણસ-ઓર કુછ નહિ હોના; યે કાફી હય.

હોટલવાળો-કાફી નથી સાહેબ, આ ચા છે.

માણસ-હાં યે ચા તો હય, લેકિન કાફી હય.


હોટલવાળો વિચારમાં પડી ગયો કે આ ચાને પણ કાફી કહેનારો કયાંથી આવતો હશે ? એને બાચારાને શી ખબર કે ઉર્દુમાં કાફી એટલે 'બસ; પુરતું.'



બાળ વિભાગ

સાહસ

ઘર છેડે મોટી પરસાળ,
બટુકડાં બે બેઠાં બાળ;
પોથું ભારે જોઈ મહાન,
બોલ્યાં, 'લ્યો ફેરવીએ પાન'.
કિંતુ બંને વામનરૂપ,
સાહસ કામ કરે છ અચુક;
ઉઘાડતાં પુસ્તક જેટલે
બે ઉપર પોથું તે પડે.



પુષ્પાંજલિ ૧ ચમ્પક

એક વખતે અયોધ્યામાં ભયંકર દુકાળ પડવાનાં ચિહ્ન જણાયાં. ચોમાસું પુરૂં થવા આવ્યું, પરંતુ એક પણ ટીપું વરસાદ ના પડ્યો. અત્યારથી જ પીવાના પાણીનાં સાંસાં પડ્યાં, તો આખું વરસ કેમ વીતશે તેનો ખ્યાલ સરખો પણ થઇ શકતો નહોતો. આવી સ્થિતિમાં પુષ્કળ લોકો મંદિરોમાં જઇ પ્રાર્થના કરવા લાગ્યાં. દેવોને વીનવવાની કોઇ પણ રીત બાકી ન રાખી. અંતે દેવોને કરુણા આવી. શહેરીઓને એક ગંભીર આકાશવાણીદ્વારા કહ્યું કે 'વરુણ દેવને પ્રસન્ન કરવા એક મોટો યજ્ઞ કરો, અને તેમાં એક નાના બાળકનો ભોગ આપો.' આ સાંભળીને બધાં ખુશખુશ થઇ ગયાં. એક બાળકને ભોગે આખું શહેર બચે! અને તે કાંઈ કરવું અઘરૂં ન હતું.

આખા શહેરમાં યજ્ઞને માટે ભારે તૈયારી થવા લાગી સૌએ નિશ્ચય કર્યો કે હવન બે દિવસ સુધી કરવો અને ત્રીજે દિવસે બાર વાગ્યે ભોગ આપવો; અને પછી બે દિવસ પછી સમાપ્તિ કરવી. આ પ્રમાણે યજ્ઞ શરૂ કરવાનો દિવસ પાસે આવતાં રાજગોરે યાદ દેવડાવ્યું કે ભોગ આપવા માટ બાળક તૈયાર કરવો પડશે. અનેક બ્રાહ્મણો શેરીએ શેરીએ બાળકની માગણી કરવા નીકળ્યા. પણ દરેક ઘરમાંથી, 'અમે નહિ, બીજું કોઇ બાળક આપશે' એવો જ જવાબ મળ્યો! એક પણ ઘરમાંથી પોતાનું બાળક આપવા કોઇ પણ તૈયાર ન હતું. આ વળી નવી પંચાત ઉભી થઇ. જે માણસ બાળક આપવા કબુલ હોય તેને હજારો સોનામહોરનાં ઈનામો આપવાનું જાહેર થયું. બધાંએ ધાર્યું કે વખત આવ્યે જોઇ લેવાશે.

હવનને બે દિવસ પુરા થયા, પણ હજુ સુધી કોઇ બાળક મળ્યું નહોતું. બધાં વિમાસણમાં પડયાં. જો હવે ભોગ ન આપે તો વરુણ દેવનો કોપ અસીમ થઈ જાય. ત્રીજા દિવસનું વહાણું વાયું. આગલી આખી રાત માણસો આખા ગામમાં બાળકની શોધમાં નિષ્ફળ ભટકયા હતા. હવે શું થાય? બપોરે બાર વાગ્યે ભોગ તો આપવો જ જોઇએ.

રાજગોર ચિન્તામાં હવન પાસે ઉભા હતા. હજારો લોકોની મેદની ભરાઇ હતી. એટલામાં રાજાનો એકનો એક પુત્ર પાસે ઉભેલો નજરે પડયો. તેણે નારંગી રંગનાં લુગડાં પહેર્યા હતાં. તેની મોટી કાળી આંખો ચમકતી હતી, ને તેના લાંબાલાંબા કાળા વાળ ગુંછળાં વળીને કપાળ ઉપર પડેલા હતા. તેને જોઇને ગોરને નવાઇ લાગી. તેણે પુછ્યું, 'રાજકુમાર, તમે એકલા અહીં કયાંથી?'

'હવન જોવા.' જવાબ મળ્યો.

'ભોગ કયાં છે? મધ્યાહ્નને થોડી જ વાર છે.' કુમારે પુછ્યું. રાજગોરે મુસ્કેલી જણાવી. રાજકુમાર કાંઇ બોલ્યા નહિ. બધે ગંભીર શાંતિ છવાઇ રહી.

એટલામાં રાજગઢમાં મધ્યાહ્નનાં ચોઘડિયાં શરૂ થયાં. તેનો અવાજ કાને પડતાં જ કુમારે ભડભડ બળતા હવનમાં એકાએક ઝંપલાવ્યું. બધા લોક તો આભા જ બની ગયા! કુમાર તો આવડા મોટા હવનમાં અદૃશ્ય જ થઈ ગયો. પણ એ જ્યાં પડ્યો હતો ત્યાંથી ધુમાડાના ગોટેગોટ નીકળવા લાગ્યા. એ ધુમાડામાં એટલી તો સુગંધ હતી કે બધાં ચકિત થઇ ગયાં!

પાંચમે દિવસે યજ્ઞ પુરો થયો કે છઠ્ઠે દહાડે ધોધમાર વરસાદ પડવો શરૂ થયો, તે સામટો સાત દિવસ સુધી પડયા જ કર્યો. દેશ દુકાળમાંથી બચી ગયો.

યજ્ઞની તો હવે કાંઈ નીશાની રહી નહોતી, પણ જ્યાં રાજકુમાર પડયો હતો તે જ જગ્યા ઉપર જાદુઇ રીતે એક મોટું ઝાડ ઉગી નીકળ્યું. તેના ઉપર ફુલ પણ ખીલ્યાં. તેનો રંગ રાજકુમારનાં કપડાંની જેમ નારંગી હતો, અને તેની સુવાસ રાજકુમારે બલિદાન આપ્યું તે વેળા ધુમાડામાંથી જે સુગંધ નીકળેલી તેના જેવી જ બરોબર હતી. રાજકુમારના નામ ઉપરથી લોકોએ એ ફુલનું નામ 'ચમ્પક' પાડયું.

અયોધ્યામાં આ ઝાડ અને ખાસ કરીને તેનાં ફુલ પવિત્ર ગણાતાં હતાં. એ વંશના રાજાઓ જ્યાં સુધી અયોધ્યામાં રાજ્ય કરતા હતા ત્યાં સુધી એક એવી પ્રથા પડી ગઇ હતી કે રાજાને અભિષેક કરતાં પહેલાં પ્રથમ બધી ક્રિયા ચમ્પકપુષ્પને રાજગાદી ઉપર મુકીને કરવામાં આવતી અને ત્યાર પછી જ રાજાનો રાજ્યાભિષેક થતો. [હસ્તલિખિત 'મુકુલ'માંથી]

[સૂર્યમુખી ફુલની વાર્તા આવતે મહીને]

બાળકલ્પનાઓ

સુરજ કેમ પડતો નથી?

'ભાઈ, ભાઈ, આ સુરજ નીચે કેમ પડી જતો નથી, તેનું કારણ જાણો છો? મેં એ શોધી કાઢયું છે.'

'શું ભાઇ?'

'હું નીચે જોવાને બારીએથી ટીંગાઉં છું, ત્યારે બા પાછળથી આવીને મારા લેંઘાના નેફામાં આંગળાં નાખી પકડી લે છે. તેમ સુરજને પણ એની બા પકડી રાખે છે, તેથી એ પડતો નથી.' **'બાલબન્ધુ'**

અણમોલા ગ્રંથો

જ્ઞાન, ગુણ અને ગૌરવથી ઓપતા–ભલેને અનુવાદો પણ–અતિ ઉપયોગી ગ્રંથો આપીને ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરવામાં 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે' આપેલો ફાળો ઘણું અગત્યનું સ્થાન લે છે.

એવા બે અમૂલ્ય ગ્રંથો એમણે હમણાં બહાર પાડ્યા છે: તે **'રાજસ્થાનનો ઇતિહાસ'** (ટૉડકૃત)ના બે દળદાર ગ્રંથો. કર્નલ ટાડનાં આ પુસ્તકો એટલાં જાણીતાં છે, અને આમાંના પહેલા ગ્રંથની અત્યાર અગાઉ ગુજરાતીમાં 'સસ્તા સાહિત્યે' કાઢેલી એક આવૃત્તિ એટલી લોકપ્રિય થઇ ગઈ છે કે એને વિષે વધારે લખવું નકામું છે. 'રજપુતાનાનાં ઉદયપુર, જોધપુર, જયપુર, બિકાનેર, જેસલમીર, બુંદી, કોટા વગેરે રાજ્યોનાં શરૂઆતથી તે હાલ સુધીમાં થઈ ગએલા સેંકડો ધીરવીર રાજાઓ, શૂરવીર સામંતસરદારો ને પરાક્રમી ક્ષત્રિય વીરવીરાંગનાઓનાં અદ્ભુત પરાક્રમો તથા ચારિત્રોનું રસિક છટાદાર અને ઐતિહાસિક વર્ણન' આ પુસ્તકોને પાને પાને ઠાંસેલું છે. ઉગતી પ્રજા અને સામાન્ય ભણેલા કુટુંબનાં માણસો માટે આ વાંચન અતિ પ્રેરક અને અણમુલ છે. સવાપંદરસો પાનાંના મોટા કદના અને પાકા પુંઠાના અનેક ચિત્રોવાળા આ બે ગ્રંથોની દસ રૂપિયા કીંમત, ગ્રંથોના ગુણની નજરે, જરા પણ વધારે ન કહેવાય. ખરીદી શકે એવા દરેક જણને એ અણમોલા ગ્રંથો સંઘરવાની અમારી ભલામણ છે.

એવું જ ઉપયોગી ને રસદાયક એક બીજું પુસ્તક પણ એમણે હમણાં વિવિધ ગ્રંથમાળાના મણકા રૂપે પ્રગટ કર્યું છે. ચારિત્ર્યને ઘડનારાં અને પ્રોત્સાહક એવાં ૩૯૩ આદર્શ દૃષ્ટાન્તોના સંગ્રહ રૂપ એ **આદર્શ દષ્ટાંતમાળા**ની સવા-ત્રણસો પાનાંની ચૌદ આનાની ચોપડી કોઇ ન ભુલે એમ અમે ઈચ્છીએ છીએ.

સ્વીકાર

અમારી બીજી વાર્તાઓ: લેખકો, સુમતિ નાગરદાસ પટેલ તથા નાગરદાસ ઇ. પટેલ; પ્રકાશક બાલજીવન ઑફિસ, બાજવાડા વડોદરા. કીં. ૦–૮–૦

આનંદધારા (ભાગ ૨): યોજક–પ્રકાશક, રમણલાલ નાનાલાલ શાહ, બાલજીવન ઑફિસ વડોદરા. કીં. ૦–૮–૦

કુમારિકાને પત્રો: યોજક–પ્રકાશક, માવજી દામજી શાહ, મુંબાઇ. કીં. ૦–૪–૦

રહસ્યગુંજન: અનુવાદક–પ્રકાશક, મોહનલાલ વિ. ગાંધી, મોડાસા; કીં. ૦–૧૨–૦

ઉગતી પ્રજા

આખા હિન્દના જુવાનોને રંગ આવે તો ઘરડાઓ પણ રંગ ઉપર આવી જાય. આશા એવી જુવાન છે કે તેને કોઇ દિવસ ઘડપણ આવતું જ નથી. જુવાનો આશા જેવા છે. હિન્દનો જુવાનવર્ગ એ સિદ્ધ કરી શકે તો મારા જેવા ઘરડા અને નિરાશ થએલાઓ તે આશાનાં કિરણ ઝીલી લે.

—અમદાવાદ યુવક સપ્તાહમાં મહાત્મા ગાંધીજી.

યુવકસપ્તાહ

નવીન યુગની રચનામાં યુવકો જ કામ આવવાના છે. એ યુવકો પરસ્પર પ્રેમ ને સહકાર કેળવી નહિ શકયા હોય તો ભવિષ્યનું કોઇપણ મંડાણ ઉખડી જવાનું. સમાજસુધારો કે રાજક્રાન્તિ, નારીજીવનોદ્ધાર, બાળસંરક્ષણ કે સુશિક્ષણ—કંઇ પણ થવાનું હોય તો તે જુવાનો સિવાય બીજા કોઇને હાથે નહિ. એટલે ભવિષ્યના એ કાર્યની તૈયારીનો ભાર આજની ઉગતી પ્રજાને માથે છે. એ બધો કારભાર ઉપાડી લેવાની તાકાત આજનો જુવાન નહિ કેળવે તો પ્રગતિના પૂરમાં તે નકામો ગણાઈ બાજુએ ઠેલાઇ જશે.


પણ જુવાનોમાં આ સ્થિતિનો વિચાર ઉતર્યો જણાય છે. જગતના બધા દેશોના જુવાનો આ હેતુથી જ 'યુવક-સપ્તાહ' ઉજવી રહ્યા છે.) ગયા નવેમ્બરની ૨૨મીથી ૨૯મી તારીખ સુધીના અઠવાડિયામાં જગતઆખાના યુવાનોએ પોતપોતાના શહેરમાં, ૧૫થી ૩૦ વર્ષના, અને વૃદ્ધ થયા છતાં હૃદયથી જુવાન હોય એવાઓને એકઠા કરી 'યુવક-સપ્તાહ' ઉજવ્યો હતો અને નવીન યુગની ભાવના કેળવવા મથી રહ્યા હતા. એ ભાવના શી ? દુનિયામાંથી લડાઇટંટા નાબુદ થાય, દેશદેશનો અરસપરસનો તિરસ્કાર દૂર થાય, એકબીજાના ગુણોની, કલાની, જ્ઞાનની આપલે થાય અને સૌ મળી મનુષ્યજાતિનાં સુખ અને કલ્યાણનું સંરક્ષણ કરી શકે તે માટે ગામેગામનાં યુવકમંડળો એક સામાન્ય ધોરણે પ્રેમ અને સહકાર સાધે તે.

ગયે વરસે પણ અમદાવાદમાં આવું યુવકસપ્તાહ ઉજવાયું હતું, પણ તે ઘણુંખરૂં એકપક્ષી બની ગયું હતું. પરંતુ આ વરસે તો એ મંડળના મંત્રીઓ ભાઇ શશી ગોરે અને ભાઇ પ્રભાકર મહેતાની ઉદાર બુદ્ધિ તથા નિખાલસ વર્તનથી અમદાવાદની બધી સંસ્થાઓના યુવકોએ એકરસ થઈ આ સપ્તાહ ઉજવ્યું. તે માટે સૌ યુવકો અભિનંદનને પાત્ર છે.

ગુજરાત વિદ્યાપીઠના અધ્યાપક મલકાની એક કલાપ્રેમી ઉત્સાહી વ્યક્તિ છે અને વિદ્યાર્થીઓના દોસ્ત છે. તેમણે આ સપ્તાહમાં કલા ને સંસ્કારિતાનું વાતાવરણ લાવવા ખુબ સહાય આપી હતી. તેને પરિણામે વિદ્યાર્થીઓ પહેલે દિવસે ગુજરાતની હસ્તકલા ને કારીગરીનું નાનુંશું સુંદર પ્રદર્શન કરી શક્યા હતા. એનાં થોડાં ચિત્રો અહીં આપેલાં છે.




પ્રદર્શનમાં આવેલાં ત્રાંબા પિત્તળનાં વિવિધ ઘાટનાં વાસણ



વીસનગરના કારીગરે કોરી કાઢેલું લાકડાનું ઉંટ

આપણા કૉલેજીઅનોને યૂરોપિયન સામાન ઉપર જે ખોટો મોહ થયો અને તેથી આપણા કારીગરવર્ગ ઉપર જે ઘા પડયો તેનું પ્રાયશ્ચિત્ત આપણે આકરૂં કરવું પડવાનું છે, કારણકે ઉપરના પ્રદર્શન માટે જે થોડીકે ય સુંદર ચીજો મળી શકી હતી તેનો ઉપયોગ અત્યારે આપણા સંસારમાંથી તો લગભગ નાબુદ થઇ ગયો છે, અને તે જ્યાં છે ત્યાં પણ જીવનનો વિભાગ મટીને શોભાની ચીજ માત્ર બની રહી છે.

અંગ્રેજી યુનિવર્સિટી પાસેથી આપણે શા સંસ્કાર અને કલા કે સુરૂચિ પામ્યા એમ કોઇ પુછે તો જવાબમાં આપણા દેશની સુંદર ને અદ્ભુત ચીજોનો બહિષ્કાર— વધારે કહીએ તો તિરસ્કાર આપણે શીખ્યા ! કળા અને સુરૂચિના પાઠ આપણે એકડેએકથી જ લેવા પડશે. તે માટે પ્રથમ

અમદાવાદ યુવકસમાજ પ્રદર્શનમાં રજુ થએલી ગુજરાતની કળા : પિત્તળની સાંકળો, હીંડોળા, દીવીઓ વગેરે.

આપણે આપણી કૃષિ અને કારીગીરી તરફ પ્રેમ તથા આદર બતાવતાં શીખવું પડશે. દરેક જુવાન પોતાના અભ્યાસ-ગૃહમાં થોડી સુંદર હાથકારીગીરીની ચીજો, વાસણો, છાંટો, મૂર્તિઓ—પોતાને ગમે તે રુચિપૂર્વક વસાવવા માંડે તો કારીગરોની બુદ્ધિ પુનઃ સતેજ થાય અને એક વાર ફરીથી હિંદુસ્તાનની પહેલાંની ખ્યાતિ જામે.

લીલો મેવો

આખી દુનિયામાં વધુમાં વધુ વરસાદ હિંદુસ્તાનમાં ચેરાપુંજીમાં પડે છે—દર વર્ષે ૪૦૦થી ૫૦૦ ઇંચ. ઇંગ્લંડમાં આખા વર્ષમાં માત્ર ૨૪ ઇંચ વરસાદ પડે છે

આફ્રિકાના સાહરાના રણમાં દિવસે એટલી બધી ગરમી પડે છે કે જો પથ્થર કે રેતીને અડીએ તો શરીરે ફોલ્લો પડે; જ્યારે રાત્રે એટલી બધી ઠંડી પડે છે કે પાણી ઠરીને બરફ થઇ જાય !

ઑસ્ટ્રેલિયામાં યુકેલિપ્ટસનાં ઝાડ ૩૦૦ થી ૪૦૦ ફુટ ઉંચાં થાય છે.

આફ્રિકાની નાઈલ નદી આખા હિંદુસ્તાનની લંબાઇ કરતાં પણ લગભગ દોઢી લાંબી છે—૩૫૦૦ માઈલ.

ઇજીપ્તમાં ખેતરોની વહેંચણી ઘણી જ થાય છે. જેને પરિણામે હાલમાં કેટલાંક ખેતરો માત્ર બે ચાર ફુટ જ પહોળાં છે અને માઈલ દોઢ માઈલ લાંબાં છે. કારણકે દરેક ખેતરની એક બાજુ નાઇલ નદીને કાંઠે આવવી જ જોઇએ, જેના ઉપર તેના પાણીનો આધાર છે.

ટીબેટના લામાઓ તથા નેપાળી સાધુઓ માળા નથી ફેરવતા પણ પૈડાં ફેરવે છે. પૈડાંની અંદર 'નમો પદ્મે હુમ્' એવો મંત્ર લખેલી ચીઠ્ઠીઓ ભરેલી હોય છે. અથવા તો એવા સખ્યાબંધ મંત્રો પૈડા ઉપર કોતરેલા હોય છે. એ પૈડાં તેઓ ચકર ચકર ફેરવ્યા કરે છે. પૈડું એક આંટો ફરે ત્યારે પૈડામાં જેટલી ચીઠ્ઠીઓ ભરી હોય તેટલો જપ કર્યો કહેવાય ! એક મોટું પૈડું છે જેમાં અઢી લાખ આવી ચીઠ્ઠીઓ ભરી છે. કેટલાંક પૈડાં પાણીના ધોધમાં ગોઠવવામાં આવ્યાં છે કે જે કુદરતીરીતે ફર્યા જ કરે અને પુણ્ય થયા કરે !

લંડન શહેરના તમામ રસ્તા જો કોઇને પગે ચાલીને જોવા હોય તો રોજના દસ માઇલના હિસાબે નવ વર્ષ સુધી ચાલવું જોઇએ.

ગજાનન ભટ્ટ

જે કપડું પહેરીએ તે શરીરને ઢાંકવા માટે, અસભ્યતા ટાળવા માટે; પણ શરીરને ગુમડાંની માફક પકવવા માટે તો નહિ જ. આજે ફક્ત મુર્ખો શરીરપર પૅકિંગ કરીને વીજળીના તારના દોરડા જેવા બની ફરે છે તેથી નકામો કપડ અને ધોલાઇનો ખર્ચ વધવા ઉપરાંત તંદુરસ્તીનો નાશ થવાને લીધે દાકતરનો ખર્ચ પણ વધે છે. ત્યારે કપડું કેવું પહેરવું એ પ્રશ્ન આવે છે. કાપડની બાબત એક વૈદક પત્ર કહે છે કે તે જાળીદાર હોવું જોઇએ, જેથી હવા અંદર જઈ શકે; અને બીજું તે બ્લૉટિંગ—શાહીચુસ જેવું હોવું જોઇએ જેથી પરસેવો થતાં ચુસી લે. અને દળદાર હોવું જોઇએ જેથી શિયાળામાં શરીરની ગરમી સંભાળે તથા ઉનાળામાં ઠંડક રાખે. આ ગુણો ખાદીમાં છે. અને બહુ જાડી નહિ એવી રોજ ધોવાતી ધોતી અને પેરણ ઉત્તમ પહેરવેશ ઠરે છે. (ગુ. કેસરી)

જ્ઞાનલીલા

આસોની જ્ઞાનલીલાના ઉત્તરો તો અનેક આવ્યા છે, પરંતુ બધા ખરા એક જ જણે—ખેડાઇથી છગનલાલ મોરારજી બનીઆએ-મોકલ્યા છે. ઇનામ એમને મોકલાશે. ખરા ઉત્તરો નીચે મુજબ છે: **શોધી કાઢો** (૧ કવિઓ) ખબરદાર, મીરાંબાઈ, દયારામ, ભોજો, પ્રેમાનંદ, દલપતરામ, નાનાલાલ, શામળ, નર્મદાશંકર, અખો, ભાલણ, કલાપી, નરસિંહ. (૨–કહેવતો) અણવીંધ્યું મોતી નીવડચે વખાણ; કોણ કહે છે રાંપીનો ઘા ? હીંમતે મરદાં તો મદદે ખુદા; પારકી આશ સદા નીરાશ; કરકસર બીજો ભાઈ છે. **સગાઇ:** ભાઇ–બ્હેન; નણુદોઈ–સાળાએલી અથવા ભાઈ–બ્હેન; સસરો–વહુ અથવા મામીજી–ભાણેજવર અથવા માસીજી–ભાણેજવહુ. **શબ્દ-સાં:ળી**: બનારા, નાસક, સકર, કરવીર, વીરસદ. **શબ્દ-ચોરસ:** બદામ, દાડમ, મમરા. **ગણિતગરુમત**ની બોરની વહેંચણીની વિગતો: ૩૭,૨૮,૧૬; ૨૧,૧૨,૪૮; ૯,૩૬,૩૬; ૨૭,૨૭,૨૭. **શબ્દફેરવણી:** ગુલાબ, ગુલાલ, કલાલ, કલાપી. **ઓળખશો ?** અંધારૂં; દાંત; પડછાયામાં.

કારતકની જ્ઞાનલીલાના ઉત્તરો હજી અમને પુરી સંખ્યામાં મળ્યા નથી તેનું કારણ કદાચ ગયે વખતે મુદ્દત જાહેર નહોતી કરી એ પણ હોય. પરંતુ દર વખતની પેઠે એની મુદ્દત માગશરની પુનમ સુધીની સમજી જ લેવાની હતી. આ નીચેના નવા સવાલોના ઉત્તર પણ પોષની પુનમ પહેલાં પહોંચી જવા જોઇએ.

આસોના અંકમાં પ્રગટ થએલા શ્રાવણની જ્ઞાનલીલાના પરિણામવાળા ૩૪માંથી માત્ર પંદર જણે પોતાનાં ઇનામ મંગાવ્યાં છે. બાકીનાંએ પોતાના ગ્રાહક નંબર સાથે બે પૈસાની ટીકીટ મોકલી ઇનામ મંગાવી લેવાં.

નવા સવાલ

ગણિતગરુમત: (૧) એક માણસે ફળવાળાની દુકાને જઇ નારંગી અને મોસંબીના કિંમત પુછી તો જવાબ મળ્યો કે બે નારંગી અને એક મોસંબીના સાડાઆઠ આના, અને બે મોસંબી તથા એક નારંગીના સાડાનવ આના. તો નારંગી અને મોસંબી દરેકની છુટક કિંમત શી ? (૨) ૧૬માં અમુક રકમ ૧૩ વખત ઉમેરીએ અને જે આવે, તથા તે જ રકમને ૨૯ વખત ગુણીને ૧૬ બાદ કરીએ અને જે આવે તે બંને સરખાં થાય. તો એ રકમ કઇ ? (૩) એક મોટર પરના ચાર આંકડાના નંબરનો પહેલો અને છેલ્લો આંકડો સરખો છે. પહેલા અને છેલ્લા આંકડાના ગુણાકારથી વચલા બે આંકડાની બનેલી રકમ આવે છે, અને એ વચલી રકમનો સરવાળો પહેલા અથવા છેલ્લા આંકડા બરોબર જ છે. તો એ નબર કયો હશે ? (ગોવિંદલાલ શાહ)

શોધી કાઢો: (૧) ત્રણ અક્ષરની હું વસ્તુ; અને તમારા ઘરમાં એકાદ ઠેકાણે તો હોઉં જ. મારો પહેલો અને ત્રીજો અક્ષર મળીને જે સંખ્યા થાય છે તેમાં પહેલો અને બીજો અક્ષર મળીને થતી સંખ્યા ઉમેરો એટલે સરવાળો ૧૦૪ થાય. તો હું કોણ ? (જગજીવન વિઠ્ઠલભાઇ) (૨) એક છોકરાએ ઘેર જઇને એક સવાલ પુછ્યો તે બોડીઆ અક્ષરમાં નીચે પ્રમાણે લખાય: 'અજનટપલમમરકમરઅળ્યક ?' તો એણે શું પુછ્યું હશે ? (૩) 'કુમાર'ના આગલા કોઈ એક અંકની કવિતાની કડી બીબાં ગોઠવનારે સેળભેળ કરીને નીચે પ્રમાણે ગોઠવી હતી. તમે એ કઈ છે તે જાણી શકશો ?

ટેવા ટેધા તીછ્ર ટેફા
યથા શાની સ્માંનયા દુ
વલખ નખેઆં મરૂ એંચો
પણધું પાએ જીન રણિયામ.

(૪) નીચેના દરેક વાક્યમાં એકેક કહેવત અટવાઇ ગઈ છે: (૧) તોકને હેલે ખવાસ ખલાલાલાલા. (૨) લાલો તો શેકે મઠ તણા ભેકેભેયા. (૩) તોર તોર મીનકી મહિ ફળ્યા. (૪) તોલા તોબા હિણથો ન ધુંવ્યું. (૫) આદ્ર મરળી ગરણાથી રહું (મ. ખ. નાયક) (૫) મારામાં કશી નવીનતા નથી છતાં લોકો મને નવો કહે છે. આખું વન જ્યારે ફેરવ્યું ત્યારે જે નીકળ્યું તેટલા દાણાનો હું બનેલો છું. બજારમાં વેચાઉં છું ખરો, પણ મારા ભાઇઓ સાથે ખરીદો તો જ મળું. તો હું કોણ ? (શા. લ. આલગિયા)

શબ્દસાંકળી: (૧) ઘસવાની ક્રિયા (૨) હિંદુસ્તાનનો આદર્શ રાજા (૩) ધન (૪) એક હથિયાર (૫) માતૃભૂમિ (૬) પુત્ર (૭) આંખ – એ સાત અર્થવાળા શબ્દો અનુક્રમે એવા આવે છે કે દરેકના છેલ્લા બે અક્ષરોથી શરૂ થઇને પછીનો અક્ષર બનતો જાય છે. તે કયા ?

		૧		
	૨	૩	૪	
૫	૬	૭	૮	૯
	૧૦	૧૧	૧૨	
		૧૩		

શબ્દગોઠવણ: બાજુએ ગોઠવેલા આકાર અને આંકડાઓના નંબર પ્રમાણે ગોઠવવાથી નીચેની ઓળખાણવાળા શબ્દો નીકળી શકે: ૧, ૩, ૭, ૧૧, ૧૩=એક વીર કુમારનું નામ; પહેલો અક્ષર તો તમે સમજણા પણ ન થયા હો ત્યારથી ઓળખો છો; ૨, ૩, ૪=મળીને થતી વસ્તુ આપણને ન હોય તો જીવાય જ નહિ. ૫, ૬, ૭, ૮, ૯=એક પર્વતનું શિખર; ૧૦, ૧૧, ૧૨=કુશળ; ૧૦, ૭, ૪=જગતનો અંત લાવનારો ભયંકર ઇશ્વરી કોપ; ૧, ૧૩=એક સંખ્યા.



માધુકરી

તગતગતી અસિધારા હો કે ધગધગતા અંગારા,
આજ વતનની લાજ જતનથી રાખે રાખણહારા,
અમર પિતરનાં સાહસ સ્મરતા સમર ગજાવે શૂરા,
હિન્દુ, પારસી, ખ્રિસ્તિ, મુસલમિન પ્રૌઢ પ્રતાપી પૂરા;
આપણ સહુ ગુજરાતી,
ગજ ગજ ખીલે છાતી,
મારો આભ ઉછાળો.   —**કવિ ખબરદાર**

ઉગતી પ્રજાનું સંસ્થાન

રશિયામાં રાજક્રાન્તિ થયા પછી પ્રજામાં નવો જ પ્રાણ સાંચર્યો છે. એ ચેતનની ચીનગારી ત્યાંની ઉગતી પ્રજામાં પણ ઉડી છે.

ચૌદચૌદ વર્ષનાં પચાસ બાળકોએ અને તેમના શિક્ષકોએ વૉલ્ગા નદીને કાંઠે એક સુંદર હરિયાળું સંસ્થાન જમાવ્યું છે. તેમાંથી તેઓ પોતાનું ભરણપોષણ તેમ જ શિક્ષણ પણ મેળવે છે. અગાઉ મોટી વયનાં સ્ત્રીપુરુષોએ અનેક સંસ્થાનો સ્થાપ્યાં હશે; પણ આ તો ઉગતી પ્રજાએ જાતે વસાવેલું સંસ્થાન છે. એનું નામ 'જૉન રીડ કૉલોની' પાડ્યું છે.

એક વરસની અંદર તેઓએ ઘણું કામ કરી દેખાડ્યું છે. શરૂઆતમાં તો ટેકરીઓ વચ્ચે ખીણનો વેરાન પ્રદેશ પડ્યો હતો. તેમાં લાકડાંનાં થોડાંક ઘર પડુંપડું થતાં હતાં, અને એક વાડી ઉજ્જડ જેવી દેખાતી હતી. સંસ્થાન વસાવવું અહીં મુશ્કેલ હતું. પરંતુ શ્રદ્ધા ને હામ વડે કામ ચાલુ કર્યું.

રશિયાની નવી સરકાર શાળાનું ખર્ચ ઉપાડે તેમ ન હતું; તેથી તેણે થોડીક જમીન ને પુરો વરસ દિવસ પણ ન પહોંચે તેટલો ખોરાક દીધો. બસ, આટલાં સાધન ઉપર તેમને નભવાનું હતું. તેઓએ પાસેની પ્રાન્તિક સરકાર કનેથી જમીન ખેડવા ઘોડા ઉછીના લીધા. બીજી પ્રાન્તિક સરકારે તેમને વાવવા બીઆં દીધાં. નાના જુવાનિયાના આ ટોળામાં દસ શિક્ષકો ભળ્યા. એ શિક્ષકો માત્ર અહીંની જેમ વિદ્વાવાન જ ન હતા. તેમાંનો એક તો લુહાર, બીજો મોચી અને ત્રીજો સુતાર એમ હુન્નરધંધાના જાણકાર હતા; કારણકે સઘળાંને ખાટલા, પગરખાં અને ખેતીનાં ઓજારોની પહેલી જરૂર હતી.

એ બધું તેઓએ વસાવ્યું. પરાળ ભરીને લાકડાના પચાસ ખાટલા કર્યા. બે ઓરડા બાંધ્યા. મોચીનું કામ શીખી સૌએ પોતપોતાના જોડા શીવ્યા. હાથથી જેવાં તેવાં ઓજારો નીપજાવી વાડી કરી. કેટલાક સજ્જનોએ કન્યાઓ માટે ઘાઘરી ઓઢણાં કરી આપ્યાં; પણ છોકરાઓ તો ચીંથરેહાલ કામ કરતા હતા. કેટલાક વળી પાદરીઓના જુના ઝભ્ભા મળતા તે પહેરતા.

ખેડવાની જમીન રહેઠાણથી બેત્રણ માઈલ દૂર હતી. એટલે ખેડુના જેવા બની શિષ્યો ને શિક્ષકો સવારના પહોરમાં હળ, ઘોડા વગેરે સામાન લઈ ચાલતા થતા; અને જમીન ખેડાઈ રહે ત્યાં સુધી ઘરબાર વગર ખુલ્લા આકાશમાં રહેતા અને જમીનમાં ખાડા ખોદી હુંફને માટે પરાળ પાથરીને સુતા. ત્યાં તેઓએ બસો બાળકોને એક વરસ ચાલે તેટલું વાવેતર નીપજાવ્યું.

આઠેક માસ ગયા બાદ તેઓએ રસોઇયાને રજા આપી, કારણકે હવે કન્યાઓ રાંધે તેવડી મોટી થઇ હતી. કપડાં ધોવાનું, દૂધ દોવાનું અને વાસણ માંજવાનું કામ પણ તેઓ કરતી. છોકરાઓએ વળી ચક્કીવાળાનું કામ કર્યું ને વારાફરતી ગામ આખાનું દળણું ચક્કી ફેરવી દળવા લાગ્યા. આથી તેમને ઠીક બચત અને આવક થઇ.

તેઓને ખેતરનાં ઓજાર, ચામડાં કાપવાની છરીઓ, વાડીને માટે કાતરો અને કરવતીઓ વગેરે જોઇતું હતું. ચિત્રકામને માટે રંગ અને કાગળની તેમને ખાસ જરૂર હતી; કારણકે જન્મ ધરીને રશિયન બચ્ચો કમાઈ કરતો થાય કે બીજી જ ઘડીએ કળાનો અભ્યાસ કરવા માંડે છે! ચાર મધપુડા ખરીદવા તેઓને ૪૦ ડૉલર જોઈતા હતા કે જેથી મધમાખીઓનું ઉછેરશિક્ષણ તેમને મફત મળે તેમ હતું. આ સઘળું તેમને વખત જતાં આવી મળ્યું અને ઝપાટાબંધ કામ ચાલ્યું.

ખેતીકામમાંથી તેઓ ભરણપોષણ કાઢતા એટલું જ નહિ, પણ શિક્ષણનાં સાધનોનો ખર્ચ પણ મેળવી લેતા. દરેક જણ પોતાને શું શીખવું છે તે નક્કી કરતું અને જે શિક્ષક તે વિદ્યા આપી શકે તેની કનેથી કળે કરીને કેળવણી લઈ

લેતું. આ પ્રમાણે તેઓ અત્યારે પણ શાળા ચલાવે છે અને સાથોસાથ 'ઘર બાંધે છે.'

નાતાલ ઉજવવા સારૂ તેમને સરકારે ૧૦૦ ડૉલર બક્ષિશ આપ્યા. પણ તેઓએ તેનો ઉપયોગ ઘોડાઓ ખરીદવામાં કર્યો. સાઇબીરિયામાં સસ્તા મળે તેથી તેઓ ત્યાં જઇને ઘોડા લઈ આવ્યા. આમ બહુ ઓછાં સાધનો વડે ત્રેવડ કરીને ઘણા પાકા કામની વ્યવસ્થા તેઓએ કરી.

આ ઉપરાંત બચતા વખતમાં શિક્ષકો તેમને વિદ્યા આપતા. વિદ્યાની આપલે ઘણુંખરૂં તો વાતચીતમાં અને કામ કરવામાં આટોપાતી. આમ જાતમહેનત અને કરકસર વડે તેમણે એવી ગોઠવણ કરી કે હવે એક વરસ પછી એક હજાર બાળકો ત્યાં રહી શકશે. આ રીતે આ એક ઉગતી પ્રજાનું સંસ્થાન બની શક્યું છે.

હજુ યે તેઓને અનેકવિધ વિટંબણાઓ નડે છે; પરંતુ કોઇની પણ રાહ જોયા વગર આશાભેર આ બાળસંસ્થાનિકો કમ્મર કસીને કામે મંડયા છે.

એક રાતે પરાળના એક ખાડામાં પડયા પડયા વિદ્યાર્થીઓ તેમના શિક્ષકને કહેવા લાગ્યાં:

'શહેરની શાળાઓની પેઠે સોળ વર્ષની ઉમરે અમને પણ રજા આપશો ને?'

'બીલકુલ નહિ. આ તો ઉગતી પ્રજાનું સંસ્થાન છે.'

'પણ પછી તો અમે વીસ વરસનાં મોટાં થઇશું ને?'

'તોપણ અમે તમને નહિ છોડીએ.'

'પણ અમારે લગ્ન કરવાં હોય ને ઘર માંડવાં હોય તો?'

'ત્યારે અમે તમને એક જુદું ઘર બાંધી દઈશું. અહીં કામ કરવું હોય તો અહીં; નહિતર શહેરમાં પણ કામ કરવા જજો.'

'ને આ અમારૂં હમેશનું સંસ્થાન બનશે?

'જરૂર, આ હમેશ તમારૂં ઘર જ ગણાશે.'

ગુજરાતમાં વિદ્યાર્થીપ્રવૃત્તિ

ગુજરાતની વિદ્યાર્થી-પ્રવૃત્તિનો ઇતિહાસ ઉકેલશું, તો અંબાલાલ સાકરલાલના જમાના સુધી જવું પડશે. કોઇ કહે છે કે પશ્ચિમના સહવાસથી તો કોઇ કહે છે અંગ્રેજી કેળવણીના સતત અધ્યયનથી આપણી પ્રાચીન રીતભાત માટે શંકા અને પ્રશ્નો ઉભાં થયાં. ખરી રીતે એમ કહેવું જોઇએ કે છેલ્લા બે સૈકામાં દુનિયાની પ્રજાઓ એકબીજાના સંસર્ગમાં અતિશય આવી છે તેના પરિણામે આપણી રીતભાત માટે આમ શંકા અને પ્રશ્નો થયાં. જાતે રીતભાતની રક્ષક એવી આપણી જ્ઞાતિની સુધારણાની વાતો પ્રથમ થવા લાગી અને વિદ્યાર્થીઓએ જ્ઞાતિમંડળો રચવા માંડયાં. સારાંસારા વિચારકો આવાં જ્ઞાતિનાં વિદ્યાર્થીમંડળો દ્વારા પોતાના જીવનસંદેશ ફેલાવવા લાગ્યા. જતે દિવસે આને કંઇક વિસ્તૃત રૂપ અપાયું, અને મહાસભા તથા સંસારસુધારા પરિષદો જેવી બેઠકોમાં સેવા અને પ્રેરણાના અભિલાષે પ્રાસંગિક સેવકસંઘો રચાયા. બીજી બાજુ સાહિત્યના રંગ યુવાનવર્ગને લાગવા માંડયા. જગતનું સાહિત્ય તેઓની સમક્ષ ખડું થયું. પરિણામે સ્વ૦ રણજીતરામ અને તેમના મિત્રોએ સાહિત્યસભા અને સાહિત્ય પરિષદની રચના કરી. ચરોતરમાં મોતીભાઇ અમીનના ગુરુશિષ્યના મીઠા સંબંધની નીચે પાટીદાર યુવકોનું—ચરોતરના યુવકોનું સંગઠન થયું. વડોદરા કૉલેજમાં પુરાણીભાઇઓના પ્રયત્નથી ગુજરાતમાં વ્યાયામસંઘો થયા. છેલ્લી અસહકારની ચળવળમાં પણ વિદ્યાર્થીઓને સેવાના પ્રસંગ મળ્યા છે. ગુજરાતી વિદ્યાર્થીઓના સાચા મિત્ર રવિભાઈના શબ્દો આ ઐતિહાસિક રેખા પુરી કરતાં અહીં ઉતારીશ કે 'ગુજરાતની અત્યારની દરેક જાહેર સંસ્થાના પાયામાં એકાદ મિત્રમંડળની ગાઢ મૈત્રી પુરાઇ છે. આ મૈત્રીની જેટલી ગાઢતા, તેટલી જ તે સંસ્થાની ચડતી.'

ગુજરાતમાં અત્યારે આવાં મંડળો ક્યાં છે? અંબુભાઈ પુરાણીના અખાડાની મલ્લકુસ્તીના તાનમાં એક સુંદર મિત્રમંડળ રચાયું છે. ચરોતર કેળવણીમંડળના ઉત્સાહી શિક્ષકોના મીઠા સહવાસના પરિણામે ચરોતરમાં વિવિધ અભિલાષના રંગથી ઓપતી એક મિત્રમંડળી શાળા કૉલેજોમાં વિહાર કરતી નજરે પડે છે. દક્ષિણામૂર્તિ અને નર્મદા આશ્રમના વિદ્યાર્થીઓ—એક તપ્તેશ્વરની ટેકરીએ અને બીજા કબીર વડે આવી ગ્રંથીનાં સંધાન જોડી રહ્યા છે. 'કુમાર' દ્વારા આવી ગ્રંથીના બંધનો દૃઢ થાય છે. મિત્રો, આમ બોલી એક વાત તમારી સમક્ષ મુકવી છે તે એ છે કે જ્યાંજ્યાં ભાવનાશાળી, વિદ્યાર્થીપ્રિય શિક્ષકો કે મિત્રો ત્યાંત્યાં આવાં મંડળોની શક્યતા ને વિકાસ. તમારા અભ્યાસનાં, આનંદનાં, વિકાસનાં સ્થાનો નક્કી કરો તે વેળા આ દૃષ્ટિ ધ્યાનમાં લેશો.

(ઉમરેઠ વિદ્યાર્થીસંમેલનના સ્વાગતના ભાષણમાંથી)

વીરપૂજા

વીરપૂજન એ તો માનવજાતિનું એક પુરાણું કૃત્ય છે. એની પ્રેરણા કદાચ મનુષ્યજાતિના જેટલી જ પુરાણી હશે. એનું દર્શન જ્યાંજ્યાં મનુષ્યજાતિનો વાસ છે ત્યાંત્યાં કોઇ ને કોઈ રૂપમાં અવશ્ય મળી જ આવે છે.

'વીર' એટલે કેવળ યુદ્ધમાં પરાક્રમ કરનાર લડવૈયો જ માત્ર નહિ. પણ મનુષ્યજીવનના વિવિધ ક્ષેત્રોમાંનાં કોઇ પણ એકમાં અસાધારણ ચમત્કૃતિ અથવા શક્તિ બતાવનાર વ્યક્તિ: તે સૈનિક હો યા ઉત્તર ધ્રુવનો શોધક હો; સંગીતવેત્તા હો કે નટ હો; દેશસેવક હો કે ફીલસુફ હો; કવિ હો કે વૈજ્ઞાનિક શોધ કરનાર હો.

શ્રીકૃષ્ણ ને બુદ્ધ, જીસસ ને મહમ્મદ 'વીર' છે, તે જ પ્રમાણે કાલિદાસ ને શેક્સપીઅર, પૅશ્ચર ને એડિસન પણ 'વીર' છે. તેઓની કીર્તિનું સામ્રાજ્ય પોતપોતાનાં વિશેષ પ્રકારનાં મંડળો ઉપર, વધતા ઓછા કાળ લગી પ્રવર્તે છે.

આપણે જે રીતે શ્રીરામચન્દ્ર અને શ્રીકૃષ્ણનું સ્મરણ હજારો વર્ષો થયાં, કરોડો માણસોની અંદર (ને તે પણ ભિન્નભિન્ન પ્રાન્તોમાં રહેનાર, ભિન્નભિન્ન ભાષા તથા રહેણીકરણીવાળાં માણસોની અંદર) જાળવી રાખ્યું છે એ તો ખરેખર હિન્દુ કૃતિનો એક ચમત્કાર જ છે. એનો જોટો તો દુનિયાભરમાં ય ભાગ્યે મળશે: તેમ એ સિવાય અનેક સતીઓ, અનેક સંતો ભક્તો વગેરેનું પૂજન, તેઓને લગભગ દેવદેવી સમાં બનાવીને, આપણી પ્રજા કરી રહી છે તે કેમ ભુલી જવાય? કોઇને ગ્રહ-તારા તરીકે સ્થાપ્યાં છે, કોઇને ઇશ્વરનાં અંશ માન્યાં છે, કોઇનાં નામ પ્રતિવર્ષ ઉત્સવો સાથે જોડાએલાં રાખ્યાં છે, કેટલાંકની કથાઓ ને કેટલાંકનાં કથનો ધર્મશાસ્ત્રતુલ્ય વેદવાણીસમાન મનાયાં છે. આવાં ઉદાહરણો અસંખ્ય છે, ને લગભગ અદ્વિતીય છે.

વીરપૂજનમાં એક મુખ્ય આશય ગુણની ભક્તિનો તથા સેવાની કદરનો છે: પરંતુ તેની સાથે, તેટલા જ મહત્ત્વનું બીજું એક તત્ત્વ જોડાએલું છે. તે પ્રેરક શક્તિનું છે. વીરપૂજનમાં ભાગ લઇ, આપણે નમ્ર અર્ધ્ય વીરતાને અર્પી, આપણે વધતાઓછા કાળ લગી ઉન્નત ભૂમિકા ઉપર ખેંચાઇએ છીએ, આપણી અંદરની સૃષ્ટિમાં યે જાણે પ્રકાશ, શાન્તિ, પવિત્રતા પણ ઘણી વાર પ્રસરે છે, અને આપણને ઉન્નત બનાવનારાં બળોને અસાધારણ પોષણ મળે છે.

(નવચેતન) કાન્તિલાલ પંડયા

પારીસ

સ૦-તમે પારીસ ગયાં છો ?

જ૦-અરે હા, કેમ નહિ ? મારા ગામ લીલથી માત્ર બે કલાકનો જ રસ્તો છે.

સ૦-ત્યારે પારીસનો કાંઇક ખ્યાલ આપશો ?

જ૦-પારીસનો ખ્યાલ ? મહેનત ને મજુરી, મજુરી ને મહેનત ! બીજું શું ?

સ૦-એમ કેમ વારુ ? અમને તો અહીં આ દેશમાં એમ કહેવામાં આવે છે કે પારીસ તો દુનિયાનું સ્વર્ગ છે!

જ૦-બરાબર, પણ એ પરદેશીઓને માટે; અમેરિકનો અને અંગ્રેજોને માટે. અમારા ફ્રેંચ લોકોને તો એમના મોજશોખ પુરા પાડવાને સારૂ મજુરી સિવાય પારીસમાં બીજું કરવાનું નથી. આખું પારીસ બે વિભાગમાં વહેંચી શકાય. અથવા એક નાનો ગોળ લ્યો અને તેની આસપાસ બીજો મોટો ગોળ દોરો, એટલે તમને પારીસનો બરાબર

મુંબાઈનાં ગ્રાહકોએ

આ અંક સાથે જોડેલી પીળી પત્રિકામાં જણાવેલી ઇનામી હરીફાઈનો લાભ લેવો હોય તો પ્રિન્સેસ સ્ટ્રીટ ઉપર સી. જમનાદાસની કં. ને પોતાનાં લવાજમ તાકીદે ભરી દેવાં. ત્યાંથી તેમને બે પાવતી આપવામાં આવશે, જેમાંની એક પોતે રાખી બીજી અમને મોકલી આપવી. જેમની પાવતી અમને પોષની પુનમ પહેલાં મળી જશે એમનો જ હક ઇનામ ઉપર ગણાશે.

ખ્યાલ આવશે. પહેલા નાના ગોળમાં જુનુંપુરાણું, તેના વાંકાચુંકા રસ્તાવાળું, અસલી ઘરો જેમાં ફ્રેંચ પ્રજા વસે છે, તે પારીસ છે. તેની બહાર મોટા ગોળમાં પરદેશીઓનું પારીસ-કે જેમાં શાંપ ઇલીઝે અને બ્વા દ બુલોન્ય જેવા અનુપમ રસ્તાઓ, સુંદરમાં સુંદર થીએટરો અને રેસ્ટોરાંઓ આવેલાં છે.

સ૦-પારીસમાં અને ફ્રાંસમાં બીજી પ્રજાઓની સંખ્યા કેટલી હશે ?

જ૦-પારીસમાં દુનિયાની લગભગ બધી પ્રજાઓ ઓછાવત્તા પ્રમાણમાં છે: આરબ, સીરી, ઝેકોસ્લોવાક, હિંદુ, ચીની, અમેરિકન, જર્મન, અંગ્રેજ. પણ ફ્રાંસની દક્ષિણે સમુદ્રકિનારે તો અંગ્રેજ લોકોએ પોતાનું થાણું નાખ્યું છે. અને હમણાં તો અમારા ફ્રાંકની કિંમત ઘટી જવાથી થોડે પૈસે અંગ્રેજો ફ્રાંસમાં ખુબ મોજથી રહી શકે છે;-તે એટલે સુધી કે અમારા પુરાણા ઐતિહાસિક કિલ્લાઓ અને મોટા મહેલો પણ તેઓ ખરીદી લે છે.

સ૦-વારુ, પેલી યૂરોપની ભયંકર લડાઇ વખતે તમે કયાં હતાં ?

જ૦-ક્યાં કેમ ? લીલમાં જ. અરે એ લડાઇની શી વાત કહું તમને ! મારૂં આખું શહેર મેં બળતું—ખરેખર બળતું જોયું છે. દુશ્મનના બૉમ્બથી સારાં મકાનો તારાજ થતાં જોયાં છે. અરે, એક મકાનમાં ૧૨-૧૫ સ્ત્રીઓ અને લગભગ તેટલાં જ બાળકોને મકાનના પડવાથી દટાઇ ગએલાં મેં મારી સગી આંખે જોયાં છે. અરે ! એ વાત તો પુછશો જ નહિ. ભયંકર અને એથી યે વધારે ભયંકર; એ સિવાય બીજો શબ્દ તેને વાપરતે છે જ નહિ.

સ૦-તમારૂં ગામ લીલ જર્મનોના હાથમાં ગયું હતું ને ?

જ૦-હા.

સ૦-તે વખતે જર્મનોએ તેના ઉપર કેવો અમલ કર્યો હતો?

જ૦-જેવો ધારીએ તેવોસ્તો ! પણ સાંભળો, દુશ્મનાવટ ને વેર આમવર્ગમાં નથી. ફ્રાંસ, જર્મની અને દરેક

દેશમાં, આમવર્ગને લડાઈ ગમતી જ નથી. અરે, જ્યારે લડાઈ પુરજોસમાં ચાલતી હતી, ત્યારે પણ ફ્રેંચ અને જર્મન સીપાઇઓ એકબીજાના દોસ્ત તરીકે વર્તતા, વાતો કરતા અને સીગારેટ તથા છીંકણીની આપલે કરતા.

સ૦-ત્યારે લડાઇનાં મુળ શામાં છે? જો તમે કહ્યું તેમ પ્રજાનો આમવર્ગ લડાઇની વિરુદ્ધ છે, તો લડાઇ કરાવનાર કોણ?

જ૦-લક્ષાધિપતિઓ, કારખાનાંવાળાઓ- એ લોકો જ રમતો રમીને લડાઇઓ કરાવે છે.

(સાબરમતી) બાબુરાવ ઠાકોર

પાર્સલમાં મુસાફરી

વિલિયમ બેકર નામે એક છોકરો હતો. એ ઘણો ગરીબ હતો. પણ સાહસિક પણ એટલો જ હતો. આજથી થોડા વખત પૂર્વે તેને રેલવેની મુસાફરી કરવાનો વખત આવ્યો. સાહસિક છોકરો રેલવે કંપનીને ભાડું ખટાવવાને નારાજ હતો. તેના એક મિત્રે તેને સુકો મેવો લઈ જવાની એક ચોક્કસ જાતની સુંદર પેટીમાં પુરી દીધો. સાથે થોડું પાણી ને ખાવાનું આપ્યું. પેટી ઉપર લેબલ માર્યાં: 'આ બાજુ ઉપર રાખો!' 'કાચ છે!' 'સંભાળપૂર્વક ફેરવજો!' વગેરે.

પેટી આગગાડીમાં ચડાવી રેલવે રસીદ લાગતાવળગતાઓને યોગ્ય સુચનાઓ સાથે બીડી દેવામાં આવી. સત્યાવીશ કલાકની મુસાફરી પછી એ સાહસિક છોકરો ઇચ્છિત સ્થળે જીવતોજાગતો પહોંચી ગયો! જુવાન વિલિયમ પોતાની પેટી પરનાં એ લેબલોનો અત્યારે આભાર માને છે, કારણકે એ લેબલોને પરિણામે પોર્ટરોએ પેટીની અનુકરણીય કાળજી સેવી હતી! (કર્મભૂમિ)

ગુજરાત અને ગુજરાતણ

ગુજરાતમાં હિમાલય નથી કે ગંગા યે નથી; ગુજરાતમાં વિસુવિયસ નથી કે નાયગરા યે નથી; ગુજરાતમાં ઘણુંઘણું નથી; પણ ગુજરાતમાં છે તેનાં મુલ કેટકેટલાંએ મુલવ્યાં છે? ગુજરાતમાં કદળીનાં વન છે; વડલાની કુંજો છે; વલ્લરીના માંડવા છે; આંબાનાં આંબાવાડિયાં છે; એ કુંજોમાં ને અમરાઇઓમાં હેલિયાં ખાતાં, આભલાં શાં, મીઠાં જળનાં સરોવરો છે. લીલી ને બીની ગુજરાતમાં કુંજો ને નિકુંજો છે: સારો ગુજરાત એક વિશાળ આંબાવાડિયું છે.

× ×

ગુજરાતણ એટલે જગતનું ધ્વનિકાવ્ય. ગુજરાતણ એટલે આર્યાવર્તની આર્યે કવિતાની પરમ રસમૂર્તિ.

અંગમાંથી રસનું ઝરણું નિર્ઝરતું હોય એવી એના સાળુની કોર એને માથેથી ઉતરી, દેહદેશે ઢોળાઈ પગલાંમાં પડે છે.

ગુજરાતણ એટલે મીરાંનો ટહુકાર; ગિરનારની પેઠે પૃથ્વી ભરી પડતા રાણકના પડછાયા; પાંચ હજાર વર્ષ પૂર્વે સાગરપાળેથી વગાડેલી કૃષ્ણબંસીના બોલનો આછો-મધુરો પડઘો.

(ગુણસુંદરી) કવિ નાનાલાલ

કચ્છ

કચ્છ એ કેટલેક દરજ્જે સિંધનો એક વિભાગ ગણી શકાય. પણ સિંધને તો સિંધુ નદી મળી છે એટલે સિંધ નભી શકે છે. જો સિંધુ નદી ન હોય તો સિંધ બરબાદ થઇ જાય. કચ્છને તો એવી કોઈ નદીનો યે આશરો નથી. તેથી કચ્છમાં અંજાર, મુંદ્રા ઇત્યાદિ થોડા પ્રદેશો છોડીને ઝાડપાન ભાગ્યે જ જોઈ શકીએ. અને જ્યાં ઝાડપાન હોય નહિ ત્યાં વરસાદ હમેશાં થોડો પડે છે. કચ્છની એવી સ્થિતિ છે. વરસાદ એટલો બધો થોડો અને અનિયમિતરીતે પડે છે કે ભાગ્યે જ ત્યાં દુષ્કાળ ન હોય. પાણીની ખેંચ તો રહ્યાં જ કરે છે. જો કચ્છમાં ઝાડનો વધારો કરી શકાય તો વરસાદ વધારી શકાય અને તેથી મુલક વધારે ફળદ્રુપ પણ થાય. આ દૃષ્ટિએ શ્રી જયકૃષ્ણ ઇંદ્રજી મહા પ્રયાસ કરી રહ્યા છે.

શ્રી જયકૃષ્ણ ઇંદ્રજી એ ગુજરાતનું ભૂષણ છે. ગુજરાતમાં પોતાના વિષયમાં તન્મય થએલી થોડી જ વ્યક્તિઓ છે. તેવી પ્રધાન વ્યક્તિઓમાં શ્રી જયકૃષ્ણ ઇંદ્રજી શોભે છે. બરડાનું ઝાડઝાડ ને પાનેપાન તેઓ જાણે છે. વૃક્ષારોપણ પર તેમનો એટલોબધો વિશ્વાસ છે કે તેઓ એ કાર્યને પ્રથમ સ્થાન આપે છે, અને તેથી અનેક પરિણામો આવી શકે એમ માને છે. એ વિષે તેમનો ઉત્સાહ અને વિશ્વાસ ચેપી છે.

જોહૅનસબર્ગ એક એવો જ પ્રદેશ હતો. ત્યાં એક વેળા ઘાસ સિવાય કાંઈ જ ઉગતું ન હતું. એક પણ મકાન ન હતું. એ જ ચાળીસ વર્ષની અંદર સુવર્ણપુરી બની ગયું છે. એવો સમય હતો કે જ્યારે લોકોને એક ડોલ પાણીના બાર આના આપવા પડતા, અને કેટલીક વેળા તો સોડાવૉટર પર નિર્વાહ ચલાવવો પડતો. હાથમોં પણ સોડાવૉટરથી કોઇકોઈ વખત ધોતા. ત્યાં આજે પાણી છે ને વૃક્ષો છે. શરૂઆતથી સોનાની ખાણના માલિકોએ અતિ ઉત્સાહપૂર્વક દૂરદૂરથી ઝાડો મંગાવી રોપીને એ પ્રદેશને પ્રમાણમાં લીલોછમ કરી મુક્યો છે અને વરસાદનું પ્રમાણ વધાર્યું છે. બીજાં પણ એવાં દૃષ્ટાંતો છે કે જ્યાં જંગલો કપાયાથી વરસાદ ઘટ્યો છે ને ઝાડો ઉછેરવાથી વરસાદ વધ્યો છે.

કચ્છના ધનિકવર્ગ આ ધર્મકાર્યમાં રસ લે તો ઘણો સુધારો થઇ શકે તેમ છે.

(નવજીવન) —ગાંધીજી